# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654





પેજ-08

અનુષ્કા શર્માનો મોસ્ટ-ફોલોવ્ડ એથ્લેટ પાર્ટનર્સમાં સમાવેશ : દુનિયાની....





પેજ-09

ઓડી ટીમની ફોર્મ્યુલા વન 2027 સીઝન માટે ડ્રાઇવર પસંદગી


હવામાન

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 35.00 | 24.00 |
| વડોદરા | 33.00 | 25.00 |
| સુરત | 32.00 | 26.00 |


પેજ 5

amazon વર્ષની સૌથી ઓછી કિંમતો સાથે પ્રારંભિક ડીલ્સ હવે Amazon.in પર લાઇવ


26 SEPTEMBER-2026 SATURDAY


ન્યુયોર્કમાં UNGA સત્ર દરમિયાન ઈઝરાયલના પ્રમુખ નેતન્યાહૂના....

પેજ 10




.....સુવિચાર.....

હાર્યા પછી પણ જો તમે સ્મિત કરો તો સામેની વ્યક્તિની જીતનો જશ્ન ફિક્કો પડી જાય છે.


વર્ષ-15 । અંક-312 । વિક્રમ સંવત-2082 । ભાદરવા સુદ - 15 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


# પહાડોથી મેદાનો સુધી વરસાદનો કહેર! ઉત્તરાખંડમાં રેડ એલર્ટ

(એજન્સી) ઉત્તરાખંડ | તા 25

સપ્ટેમ્બરના અંતે ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, ઓડિશા સહિત 8 રાજ્યોમાં ભારે વરસાદથી પૂર અને ભૂસ્ખલનની સ્થિતિ સર્જાઈ છે. બંગાળની ખાડીમાં ડીપ ડિપ્રેશનને કારણે હવામાન પલટાયું છે. યુપીના 4 જિલ્લામાં 1 થી 12 ધોરણની શાળાઓ બંધ કરાઈ છે. ઓડિશામાં 10,000 લોકોને સુરક્ષિત સ્થળે ખસેડાયા છે. ઉત્તરાખંડના 5 જિલ્લામાં રેડ એલર્ટ છે. સપ્ટેમ્બર મહિનાના અંતમાં ફરી એકવાર વરસાદે દેશના અનેક રાજ્યોમાં જનજીવન અસ્તવ્યસ્ત કરી નાખ્યું છે. ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, ઓડિશા, છત્તીસગઢ, ઝારખંડ, પશ્ચિમ બંગાળ અને બિહારમાં અવિરત વરસાદના કારણે પૂર અને ભૂસ્ખલનની ગંભીર સ્થિતિ સર્જાઈ છે. નદીઓ બે કાંઠે વહેવા લાગી છે, માર્ગો ધોવાઈ ગયા છે અને નીચાણવાળા વિસ્તારોમાંથી લોકોને તાત્કાલિક સલામત સ્થળે ખસેડવાની ફરજ પડી છે. બંગાળની ખાડીમાં સર્જાયેલા ડીપ ડિપ્રેશનના પ્રભાવથી હવામાન પલટાયું છે અને આ સિસ્ટમ ઉત્તર-પશ્ચિમ તરફ આગળ વધી રહી હોવાથી હજુ આગામી દિવસોમાં પણ ભારે વરસાદની ચેતવણી આપવામાં આવી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર પૂર્વી ઉત્તર પ્રદેશમાં 25 અને 26 સપ્ટેમ્બરના રોજ અતિભારે વરસાદની શક્યતા છે, જ્યારે પશ્ચિમ ઉત્તર પ્રદેશમાં આગામી 3 દિવસ સુધી મુશળધાર વરસાદ ચાલુ રહી શકે છે. વરસાદના રેડ અને ઓરેન્જ એલર્ટને ધ્યાને રાખીને વહીવટીતંત્રે સાવચેતીના પગલાં ભર્યા છે. લખનઉ, કાનપુર દેહાત, અયોધ્યા અને કૌશામ્બીમાં ધોરણ 1 થી 12 સુધીની તમામ શાળાઓ બંધ રાખવાની જાહેરાત કરવામાં આવી છે. આ સિવાય મિર્ઝાપુર, બાંદા, ચિત્રકૂટ અને પ્રયાગરાજમાં ધોરણ 1 થી 8 સુધીની શાળાઓમાં રજા જાહેર કરી દેવામાં આવી છે. (અનુસંધાન પેજ નં - 11)


Nippon india Mutual Fund

Mutual Fund Investor Awareness Program

To increase awareness about Mutual Funds, we conduct Investor Awareness Programmes (IAPs) across the country. The schedule of upcoming IAPs is as mentioned below

| Date | Time | Location |
|---|---|---|
| 26 September, 2026 | 6:30 PM | Vadodara |

Venue : The Fern Hotel, Urmi Cross Road, Behind Dinesh Mill Road, Purushottam Nagar, Akota, Vadodara 390020, India

Name : Nilesh Solanki | Mobile : 8766677983

Nippon Life India Asset Management Limited | CIN : L65910MH1995PLC220793

Mutual Fund Investments are subject to market risks, read all scheme related documents carefully.






SHOWROOMS: GUJARAT: AHMEDABAD: RENAULT KARNAVATI WEST (S G HIGHWAY) Ph: 7428190227, RENAULT KARNAVATI EAST (ODHAV RING ROAD) Ph: 9873558180, RENAULT NARODA Ph: 8448081360. RENAULT ANAND Ph: 8448792901. RENAULT MEHSANA (NAGALPUR ROAD) Ph: 9711791268. RENAULT PALANPUR (ABU DELHI HIGHWAY) Ph: 9899672869.

# ‘સ્વચ્છતા હી સેવા’ અભિયાન અંતર્ગત માહિતી અને પ્રસારણ મંત્રાલયના વિભાગો દ્વારા સફાઈકર્મીઓનું સન્માન કરાયું



PIB | અમદાવાદ

‘સ્વચ્છતા હી સેવા’ અભિયાન અંતર્ગત માહિતી અને પ્રસારણ મંત્રાલયના વિભાગો પ્રેસ ઈન્ફોર્મેશન બ્યૂરો (PIB), સેન્ટ્રલ બ્યૂરો ઑફ કોમ્યુનિકેશન (CBC) અને ડિરેક્ટોરેટ ઑફ પબ્લિકેશન્સ ડિવિઝન (DPD) દ્વારા આજે સફાઈકર્મીઓના અથક પરિશ્રમ અને મહત્વપૂર્ણ યોગદાનને બિરદાવવા માટે એક સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નિષ્ઠાપૂર્વક પોતાની ફરજ બજાવતા સફાઈકર્મીઓનું PIB અમદાવાદના ADG શ્રી સિદ્ધાર્થ બોડકે તથા અન્ય વરિષ્ઠ અધિકારીઓએ શાલ ઓઢાડીને સન્માન કર્યું હતું. સફાઈકર્મીઓની ઉત્કૃષ્ટ કામગીરીની પ્રશંસા કરવાની સાથે તેમની સુરક્ષા અને સ્વાસ્થ્યના મહત્વ પર ખાસ ભાર મૂકવામાં આવ્યો હતો. સફાઈ મિત્રોની સુરક્ષા અને સન્માનનો સંદેશ આપતાં કાર્યક્રમ દરમિયાન તમામ સફાઈકર્મીઓને મેડિકલ કિટનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.કાર્યક્રમ દરમિયાન સ્વચ્છતાના સંકલ્પની પરિપૂર્ણતા માટે જનભાગીદારીનું મહત્વ સમજાવતાં ADG શ્રી સિદ્ધાર્થ બોડકેએ જણાવ્યું હતું કે, ‘સ્વચ્છતા જાળવવી એ માત્ર સફાઈકર્મીઓની જ જવાબદારી નથી, પરંતુ સમાજના દરેક નાગરિકની સામૂહિક જવાબદારી છે. આ માટે આપણે વ્યક્તિગત અને સામૂહિક બંને સ્તરે આપણી આદતો બદલવી પડશે. કચરાને યોગ્ય રીતે અલગ તારવવો, જાહેર સ્થળો પર ન થૂંકવું, કચરો ન ફેંકવો એ પણ રાષ્ટ્રીય ફરજ જ છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, સફાઈકર્મીઓના યોગદાનને ક્યારેય મામૂલી ન ગણવું.‘‘સ્વચ્છતા હી સેવા’ અભિયાન સમાજમાં સ્વચ્છતા પ્રત્યે જનભાગીદારી વધારવા



તેમજ સ્વચ્છતાકર્મીઓના અસીમ યોગદાનને યોગ્ય સન્માન આપવા માટે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું છે. આ પ્રસંગે ‘શ્રમયોગીઓનું સન્માન, સ્વચ્છતાનો સંકલ્પ’ના સંદેશ સાથે ઉપસ્થિત સૌ કોઈને સ્વચ્છતા જાળવવામાં સક્રિય સહભાગી બનવા માટે પ્રેરિત કરવામાં આવ્યા હતા.



### ખેડૂતો સાથે થયેલા અન્યાયનો સરકારને જવાબ આપવાનો સમય આવી ગયો છે: ઈસુદાન ગઢવી

# દુષ્કાળ જાહેર ન કરીને, પાક વીમો અને નાણાંકીય સહાય ન આપીને ખેડૂતોને પીડિત કરવામાં આવ્યા



**ભાડથર જિલ્લા પંચાયતના આમ આદમી પાર્ટીના ઉમેદવાર વીરૂભાઈ કંડોરિયાની નામાંકન પ્રક્રિયામાં પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી અને ધારાસભ્ય હેમંત ખવાએ હાજરી આપી : ’આપ’ ના ઉમેદવાર વિરુભાઈ કંડોરિયા સહિત પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી અને આગેવાનો બળદગાડાંમાં જિલ્લા પંચાયત કચેરી ખાતે ફોર્મ ભરવા પહોંચ્યા**

**વીજળીના થાંભલા, પાણી, સિંચાઈ, દુષ્કાળ સહિતના મુદ્દે વર્ષોથી ખેડૂતો માટે લડતા વીરૂભાઈ કંડોરિયાને વિજયી બનાવો : ભાડથર જિલ્લા પંચાયતની પેટા ચૂંટણીમાં દેવભૂમિ દ્વારકાના ખેડૂતો સહિત સમગ્ર ગુજરાતના 54 લાખ ખેડૂતો ચૂંટણી લડી રહ્યા છે: ઈસુદાન ગઢવી**

અમદાવાદ | આમ આદમી પાર્ટીના ભાડથર જિલ્લા પંચાયતના આમ આદમી પાર્ટીના ઉમેદવાર વીરૂભાઈ કંડોરિયાના નામાંકન નિમિત્તે નામાંકન સભા તથા વિશાળ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી, ધારાસભ્ય હેમંત ખવા સહિત મોટી સંખ્યામાં પદાધિકારીઓ, કાર્યકર્તાઓ અને ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા. ’આપ’ ના ઉમેદવાર વિરુભાઈ કંડોરિયા સહિત પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી અને આગેવાનો બળદગાડાંમાં જિલ્લા પંચાયત કચેરી ખાતે ફોર્મ ભરવા પહોંચ્યા હતાં. આ કાર્યક્રમ દરમિયાન ’આપ’ ના ગુજરાત પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું કે ભાડથર જિલ્લા પંચાયતની પેટા ચૂંટણીમાં ખેડૂતોના લડવૈયા વીરૂભાઈ કંડોરિયા (આહીર)એ આજે ફોર્મ ભર્યું છે. દેવભૂમિ દ્વારકાના ખેડૂતો સહિત સમગ્ર ગુજરાતના 54 લાખ ખેડૂતો આ ચૂંટણી લડી રહ્યા છે.

વધુમાં આમ આદમી પાર્ટીના નેતા ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું કે, દુષ્કાળ જાહેર ન કરીને ખેડૂતોને પીડિત કરવામાં આવ્યા, તેમના ખેતરોમાં થાંભલાઓ નાખવામાં આવ્યા, બેફામપણે પોલીસનો દૂરૂપયોગ કરવામાં આવ્યો, આટલો અત્યાચાર કરનાર ભાજપ યેનકેન પ્રકારે ફરીથી ચૂંટણી જીતવાની કોશિશ કરે છે. પરંતુ હવે આ લડાઈ ખેડૂતોની છે તો ખેડૂતોને પણ મારી વિનંતી છે કે જ્યાં જ્યાં તમારી સાથે અન્યાય થયો હોય, જેમ કે દુષ્કાળ જાહેર ન કરવામાં આવ્યો હોય, નાણાંની સહાય આપવામાં ન આવી હોય, પાક વીમો આપવામાં ન આવ્યો હોય, બિયારણના નાણાં ન આપવામાં આવ્યા હોય, તમારા ખેતરોમાં ભાડેથી પોલીસ મોકલીને બેફામપણે થાંભલા નાખવામાં આવ્યા હોય અને તમારા પર અત્યાચાર કરવામાં આવ્યો હોય તો હવે આ સરકારને જવાબ આપવાનો સમય આવી ગયો છે, બધા ખેડૂતો એક થઈને ભાજપને જવાબ આપે. થાંભલાના મુદ્દે, પાણીના મુદ્દે, સિંચાઈના મુદ્દે, દુષ્કાળ મુદ્દે સહીત અનેક મુદ્દા પર ખેડૂતો માટે અડધી રાત્રે પણ મદદ કરનાર અને વર્ષોથી ખેડૂતો માટે લડનાર વીરુભાઈને માટે ઝાડુંનું બટન દબાવી તેમને વિજયી બનાવે એવી તમામ ખેડૂતોને અને લોકોને અપીલ કરું છું.

## એકતરફી મતદાનના વરવા પરિણામો નવી પેઢી ભોગવી રહી છે : હિમાંશુ ઠક્કર, AAP



અમદાવાદ | આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રવક્તા હિમાંશુ ઠક્કરે જણાવ્યું હતું કે, હાલમાં જ ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીના પડઘમ વાગી ગયા છે. ત્યારે ગાંધીનગરની જનતા અને પ્રબુદ્ધ મતદારો પર બહુ મોટી જવાબદારી છે. હું સૌ ગાંધીનગરવાસીઓને વિનંતી કરવા આવ્યો છુ કે અત્યાર સુધી આપણે સતત એકતરફી મતદાન કરતા આવ્યા છીએ, જેના વરવા પરિણામો આપણે અને આપણી નવી પેઢી ભોગવી રહી છે. આજે મોંઘવારી, બેરોજગારી, ભ્રષ્ટાચાર, શોષણ અને ગુંડાઓ તથા ગુનેગારોનું ખુલ્લેઆમ ફરવું એ મુખ્ય મુદ્દાઓ બની ગયા છે. આપણે કે આપણા સગા-સંબંધીઓ જ્યાં રહે છે ત્યાં વાતો થાય છે, પરંતુ સાચી હકીકત અને વાસ્તવિકતા શું છે તે સૌ જાણીએ છીએ. ભારતીય જનતા પાર્ટી હંમેશા યેનકેન પ્રકારે સત્તામાં ટકી રહેવાની કોશિશ કરે છે. વિદ્યાર્થીઓએ આંદોલનો કર્યા ત્યારે પણ સરકારી એજન્સીઓ અને તમામ તંત્રોનો દુરુપયોગ કરીને તેમને દબાવવામાં આવ્યા. જો આપણે સૌ જાગૃત નહીં થઈએ, તો ફરીથી આવી નીતિઓ ધરાવતી સરકાર જ આવશે.

’આપ’ પ્રદેશ પ્રવક્તા હિમાંશુ ઠક્કરે વધુમાં જણાવ્યુ હતુ કે આપણે જોયું છે કે કોંગ્રેસમાંથી જે ચૂંટાયા, શું તે આજે કોંગ્રેસમાં છે? પરંતુ આમ આદમી પાર્ટીના એક જ કોર્પોરેટર હતા જે આજે પણ આપણી સાથે છે. સાચા લોકોને ચૂંટો એ આપણી જવાબદારી છે અને આપણા મતની કિંમત છે. જો ફરીથી એજ કરવુ હોય તો વોટ બટાઈ દેજો અને ગેમ સમજી ગયા હોય તો એક તરફી મતદામ કરજો. અનેક વર્ષો સુધી કોંગ્રેસે રાજ કર્યુ, ભાજપને હાલ માણી રહ્યા છે. આ વખતે આમ આદમી પાર્ટીને એક મોકો આપો. જે લોકો સામાન્ય માણસ માટે સંઘર્ષ કરી રહ્યા છે, તેમને આપની લાગણી, હૂંફ, ભરોસા અને મતની જરૂર છે. પ્રજા માટે મજબૂત વિરોધ પક્ષ હોવો જરૂરી છે, જે સરકાર સામે તમારો અવાજ બની શકે, તમારી રજૂઆત કરી શકે અને આપની સેવા કરી શકે. આપનો મત એવા ઉમેદવારોને આપો જે ક્યારેય દગો ન કરે અને હંમેશાં જનતાના ભલા માટે ઊભા રહે.

# News Brief

## ટિકિટ આપ્યા બાદ ખબર પડી એન્જલ માસી મનપાના મતદાર જ નથી

ગાંધીનગર | ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીના રાજકીય જંગમાં ભારતીય જનતા પાર્ટી અને કોંગ્રેસ સામે મજબૂત વિકલ્પ તરીકે ઊભરી આવવાના દાવા કરતી આમ આદમી પાર્ટી માટે શરૂઆતના તબક્કામાં જ અત્યંત શરમજનક સ્થિતિ ઊભી થઈ છે. દિગ્ગજ પ્રદેશ નેતાગીરી દ્વારા મોટા ઉપાડે ઉમેદવારોની યાદી જાહેર કરવામાં આવી હતી, જેમાં સમાજના કિન્નર સમુદાયને રાજકીય પ્રતિનિધિત્વ આપવાના બણગાં ફૂંકીને વોર્ડ નંબર 10માંથી ચર્ચિત ટ્રાન્સજેન્ડર ઉમેદવાર એન્જલ પારેખ (પારેખ જય શૈલેષભાઈ)ના નામની જાહેરાત કરાઈ હતી. ભાજપ અને કોંગ્રેસ સામે બાથ ભીડવા નીકળેલી આમ આદમી પાર્ટીની આ જાહેરાત બાદ રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા જાગી હતી, પરંતુ હવે પ્રદેશ નેતાગીરીની ઘોર અપરિપક્વતા અને ગંભીર બેદરકારી છતી થતાં પક્ષનો મોટો ફજેતો થયો છે. કોઈપણ સ્તરે ચૂંટણી લડવાની ઉત્સુકતા વચ્ચે ઉમેદવારની પસંદગી કરતાં પહેલાં તેની દસ્તાવેજી લાયકાત અને ચૂંટણી પંચના કાયદાકીય નિયમોની ચકાસણી કરવી એ દરેક જવાબદાર રાજકીય પક્ષ માટે પ્રાથમિક પ્રક્રિયા હોય છે. કમનસીબે, આમ આદમી પાર્ટીના પ્રદેશ નેતાઓએ કોઈપણ પ્રકારની તપાસ કે મતદાર યાદીની ખાતરી કર્યા વિના જ એન્જલ માસીને સીધા ઉમેદવાર ઘોષિત કરી દીધા હતા.

આ વિવાદ ત્યારે સપાટી પર આવ્યો જ્યારે ઉમેદવારી ફોર્મ ભરવાના અંતિમ કલાકો બાકી રહ્યા હતા. તે સમયે સામે આવ્યું કે એન્જલ માસીનું વોટર આઈડી કાર્ડ અને મતદાર યાદીમાં નામ ઉવારસદ ગામનું છે, જે ગાંધીનગર મહાનગરપાલિકાની સીમામાં આવતું જ નથી. આ ટેકનિકલ ક્ષતિને કારણે ચૂંટણી પંચ સમક્ષ ઉમેદવારી ફોર્મ સીધું જ રદ થઈ જાય તેમ હોવાથી અંતિમ ઘડીએ પ્રદેશ નેતાગીરીને પોતાની ગંભીર ભૂલ સમજાઈ હતી. પરિણામે આપને અત્યંત ઉતાવળે એન્જલ માસીનું નામ ચૂંટણી રેસમાંથી પાછું ખેંચવાની ફરજ પડી છે.

## મકરબા બ્રિજ ચક્કાજામ બાદ તંત્ર સફાળું જાગ્યું, ચાર રસ્તા જ બંધ કરીને ડાયવર્ઝન અપાયું

અમદાવાદ | અમદાવાદ-બોટાદ રેલવે લાઈન પર મકરબા ખાતે નવનિર્મિત રેલવે ઓવરબ્રિજનું 24મી સપ્ટેમ્બરના રોજ મુખ્યમંત્રીના હસ્તે લોકાર્પણ કરાયું હતું. સરખેજ-જુહાપુરા અને SG હાઈવેને જોડતો આ બ્રિજ વાહનચાલકો માટે આશીર્વાદરૂપ બનવાને બદલે પહેલા જ દિવસે આફત સાબિત થયો છે. લોકાર્પણની સાંજે જ સર્જાયેલા ભારે ચક્કાજામ બાદ 25મી સપ્ટેમ્બર, શુક્રવારે તંત્ર દ્વારા કરાયેલી કામગીરીથી સ્થિતિ વધુ વણસી છે. બ્રિજ નીચે સર્જાતી ટ્રાફિકની સમસ્યાનો કાયમી ઉકેલ લાવવાને બદલે તંત્રએ મકરબા ઓવરબ્રિજ પાસેના ચાર રસ્તા પર જ બેરિકેડ્સ ખડકી દીધા છે. નવા ડાયવર્ઝન મુજબ, કોર્પોરેટ રોડથી પ્રહલાદનગર જવા માટે વાહનચાલકોએ ડાબી બાજુ વળીને આગળથી યુ-ટર્ન લેવો પડશે. તેવી જ રીતે પ્રહલાદનગરથી કોર્પોરેટ રોડ તરફ આવવા માટે પણ બ્રિજ નીચેથી લાંબો ચકરાવો મારીને યુ-ટર્ન લીધા બાદ જ પહોંચી શકાશે. તંત્રની આ અણઘડ કામગીરીથી વાહનચાલકોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. કોર્પોરેશન તો ખામીયુક્ત બ્રિજ બનાવીને હાથ અધર કરીને ખસી ગયું છે. હવે જે કંઈ સમસ્યા થશે તે ભોગવવાનો વારો લોકોનો છે. સાથે સાથે પોલીસ પણ માટે આ માથાનો દુ:ખાવો થઈ જશે. આ સિસ્ટમને લીધે હવે લોકો હોનેસ્ટ ચાર રસ્તાથી સીધેસીધા વાયએમસીએ થઈને કોર્પોરેટ રોડ પર આવેલી ઓફિસમાં જવાનો પ્રયત્ન કરશે જેને લીધે પીકઅવર્ષમાં આવતા અને જતા ભારે ટ્રાફિક જામ વાયએમસીએ ચાર રસ્તા પાસે જોવા મળશે.

## હળદરની પ્રાકૃતિક ખેતીમાં ગુજરાતના વૈજ્ઞાનિકોને મોટી સફળતા

ગુજરાત | ગુજરાતમાં હળદરની પ્રાકૃતિક ખેતીને લઈને કરવામાં આવેલા વૈજ્ઞાનિક પ્રયોગમાં નોંધપાત્ર સફળતા મળી છે. ગુજરાત બાયોટેકનોલોજી રિસર્ચ સેન્ટર (GBRC) અને સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી (SDAU) દ્વારા કરાયેલા ફિલ્ડ ટ્રાયલમાં રાસાયણિક ખેતીની સરખામણીએ પ્રાકૃતિક ખેતીથી હળદરનું ઉત્પાદન બમણાથી પણ વધુ મળ્યું છે. આ સંશોધનના તારણો તાજેતરમાં BMC Plant Biology જર્નલમાં પ્રકાશિત થયા છે.

અભ્યાસમાં પરંપરાગત રાસાયણિક ખેતીની સરખામણી પ્રાકૃતિક ખેતીની 9 અલગ-અલગ ટ્રીટમેન્ટ કોમ્બિનેશન સાથે કરવામાં આવી હતી. તેમાં પ્રાકૃતિક ખેતી પદ્ધતિથી હેક્ટરદીઠ 40 ટનથી વધુ હળદરનું ઉત્પાદન નોંધાયું હતું, જ્યારે પરંપરાગત ખેતીમાં હેક્ટરદીઠ માત્ર 19.3 ટન ઉત્પાદન મળ્યું હતું. વૈજ્ઞાનિકોના જણાવ્યા મુજબ, ઊંચી ઉપજ સાથે કૃત્રિમ ખાતર અને જંતુનાશકો પરની ઓછી નિર્ભરતાના કારણે પ્રાકૃતિક ખેતીમાં ખેડૂતોને આર્થિક રીતે પણ મોટો ફાયદો થયો. અભ્યાસના આર્થિક તારણો પણ ખાસ નોંધપાત્ર છે. પ્રાકૃતિક ખેતીમાં જરૂરી ઈનપુટ્સ ખરીદવા પડ્યા હોવા છતાં હેક્ટરદીઠ રૂ.10.5 લાખથી વધુનું ચોખ્ખું વળતર મળ્યું હતું. તેની સામે પરંપરાગત ખેતીમાં હેક્ટરદીઠ આશરે રૂ.3.61 લાખનું નેટ વળતર નોંધાયું હતું. આમ, પ્રાકૃતિક ખેતીમાં વધુ ઉત્પાદન અને કૃત્રિમ કૃષિ ઈનપુટ્સ પર ઓછો ખર્ચ–બંનેના કારણે ખેડૂતોની આવકમાં નોંધપાત્ર વધારો થતો હોવાનું સંશોધનમાં સામે આવ્યું છે. પ્રયોગમાં ભારતીય પરંપરાગત ખેતીમાં વપરાતા વિવિધ જૈવિક ફોર્મ્યુલેશનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

## ગાંધીનગર મનપા ચૂંટણી માટે કોંગ્રેસની પ્રથમ યાદી જાહેર : 19 ઉમેદવારો જાહેર

ગાંધીનગર | ગાંધીનગર મહાનગરપાલિકાની આગામી સામાન્ય ચૂંટણીને લઈને કોંગ્રેસે તેના સત્તાવાર 19 ઉમેદવારોની યાદી જાહેર કરીને સત્તાધારી પક્ષ ભાજપ સામે સીધો શંખનાદ કરી દીધો છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિત ચાવડાની સૂચના અને માર્ગદર્શન હેઠળ તૈયાર કરવામાં આવેલી આ યાદીમાં પક્ષે પરંપરાગત વોટબેંક સાચવવાની સાથે સામાજિક સમતુલા જાળવવાનો સ્પષ્ટ રાજકીય સંકેત આપ્યો છે. પાટનગરના રાજકારણમાં પોતાના વિખરાયેલા જનાધારને પુન:જીવિત કરવા માટે કોંગ્રેસે આ વખતે સ્થાનિક સ્તરે મજબૂત પકડ ધરાવતા કાર્યકરો અને જ્ઞાતિગત સમીકરણોને પ્રાધાન્ય આપ્યું છે. ગાંધીનગર પાલિકામાં આ વખતે કોંગ્રેસની વ્યૂહરચના મુખ્યત્વે પછાતવર્ગ (ઓબીસી) અને મહિલા શક્તિને આગળ ધરીને ચૂંટણી મેદાન મારવાની દેખાઈ રહી છે. જાહેર કરવામાં આવેલા વિવિધ વોર્ડના ઉમેદવારોમાં જલ્પાબેન ઠાકોર, આશાબેન ઠાકોર અને ચિરાગકુમાર ઠાકોર જેવા ચહેરાઓને સ્થાન આપીને ઠાકોર સમાજ તથા ઓબીસી મતદારોને આકર્ષવાનો માસ્ટરપ્લાન ઘડવામાં આવ્યો છે. આ ઉપરાંત શહેરી મતદારો અને પાટીદાર સમુદાયમાં પેઠ બનાવવાના હેતુથી સુનિતાબેન પટેલ, નંદુભાઈ પટેલ, ફેનિલ પટેલ, ધ્રુવ પટેલ અને ઉમેશકુમાર પટેલ જેવા ચહેરાઓને ચૂંટણી મેદાનમાં ઉતારવામાં આવ્યા છે. જ્યારે દલિત અને સામાન્ય વર્ગના મતદારોને પણ પોતાની તરફ વાળવા માટે કોંગ્રેસે ચોક્કસ ગણતરી પૂર્વક પગલાં લીધાં છે. હેતલબેન રાઠોડ અને અશ્વિનકુમાર સુહાન જેવા અનુસૂચિત જાતિના ઉમેદવારોને ટિકિટ આપીને પક્ષે દલિત સમાજના પ્રતિનિધિત્વને મજબૂત બનાવ્યું છે.

## પૂર્વ અમદાવાદમાં મનપા દ્વારા સેવા સેતુ કાર્યક્રમ:25 લાખથી વધુ નાગરિકોને એક જ સ્થળે સરકારી સેવાઓનો તાત્કાલિક લાભ

અમદાવાદ | અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તારના નાગરિકોને સરકારી યોજનાઓનો લાભ અને સહાય સરળતાથી મળી રહે તે માટે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સેવા સેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. ખોખરા સ્થિત શ્યામા પ્રસાદ વસાવડા હોલ ખાતે યોજાયેલા આ કેમ્પમાં નાગરિકોને એક જ સ્થળેથી રેશનકાર્ડ, આધારકાર્ડ અને વિવિધ દાખલાઓ સહિતની સરકારી સેવાઓનો લાભ તાત્કાલિક ધોરણે પૂરો પાડવામાં આવ્યો છે.

કેમ્પમાં બપોર સુધીમાં 1,200થી વધુ લાભાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવી લીધું હતું, જ્યારે સાંજ સુધીમાં આ આંકડો 1,800થી 2,000 સુધી પહોંચવાનો અંદાજ છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને રાજ્યકક્ષાના મંત્રી દર્શનાબેન વાઘેલા સહિતના ભાજપના નેતાઓની ઉપસ્થિતિમાં લાભાર્થીઓને વિવિધ સહાય પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા.

મેયર હિતેશ બારોટે જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જનસેવા અને સુશાસનના 25 વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે આ સેવા સેતુ કેમ્પ યોજવામાં આવ્યો છે. આ અભિયાન અંતર્ગત શાહીબાગ, અસારવા, ખોખરા, મણીનગર, અમરાઈવાડી, વસ્ત્રાલ, નરોડા, નિકોલ, ઓઢવ અને બાપુનગર સહિત પૂર્વ વિસ્તારના તમામ વોર્ડના નાગરિકોને આવરી લેવામાં આવ્યા છે. મુખ્યમંત્રીએ આ કાર્યક્રમ ખુલ્લો મૂક્યો હતો. મનપા અને રાજ્ય સરકારના વિવિધ વિભાગોના અધિકારીઓ સ્થળ પર જ હાજર રહી અરજીઓનો સ્વીકાર કરી રહ્યા છે અને તાત્કાલિક સર્ટિફિકેટ આપી નિકાલ કરી રહ્યા છે.

શહેરી સેવા સેતુમાં સામાન્ય રીતે મળતી મુખ્ય સેવાઓ
આવકનો દાખલો
જાતિનો દાખલો
નોન-ક્રીમી લેયર સર્ટિફિકેટ
ડોમિસાઈલ સર્ટિફિકેટ
વરિષ્ઠ નાગરિક પ્રમાણપત્ર
વિધવા પ્રમાણપત્ર
રેશનકાર્ડ સંબંધિત સેવાઓ
પેન્શન યોજનાઓ માટેની સેવાઓ
શિષ્યવૃત્તિ માટેની સેવાઓ
આવાસ/સરકારી કલ્યાણ યોજનાઓ સંબંધિત સેવાઓ
સામાજિક સુરક્ષા યોજનાઓ
વિવિધ પ્રમાણપત્રો અને સરકારી અરજીઓ
ડિજિટલ ગુજરાત પોર્ટલની નાગરિક સેવાઓ
સરકારી યોજનાઓ માટે અરજી અને માર્ગદર્શન

## પ્રેમલગ્નના મનદુ:ખે લીંબડી ST બસ સ્ટેન્ડ પર યુવાન પર હુમલો

લીંબડી | લીંબડી ST બસ સ્ટેન્ડ પર આવેલા એક કેન્ટિનમાં યુવાન પર હુમલો થયો છે. પ્રેમલગ્નના મનદુ:ખને કારણે ત્રણ લોકોએ આ હુમલો કર્યો હતો. યુવાનને માથામાં ફેક્ચર જેવી ઈજા થઈ છે. આ મામલે પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.ચચાણા ગામના અને હાલ લીંબડીના ચુનારવાડમાં રહેતા અનિલભાઈ ખોડાભાઈ માલકીયાએ આ ફરિયાદ નોંધાવી છે. તેઓ તેમના પિતા સાથે ST બસ સ્ટેન્ડના કેન્ટિનમાં કામ કરે છે. ફરિયાદ મુજબ, 23 સપ્ટેમ્બર 2026ના રોજ સાંજે અનિલભાઈ કેન્ટિનના કાઉન્ટર પર હતા. ત્યારે તેમની પત્ની આરતીનો ભાઈ ભરત બગોદરીયા ત્યાં આવ્યો હતો. તેણે અનિલભાઈને ધમકી આપી હતી. થોડા સમય પછી ભરત બગોદરીયા, પ્રવિણ બગોદરીયા અને પીનલબેન બગોદરીયા ફરી કેન્ટિનમાં આવ્યા. ત્યારબાદ તેમની વચ્ચે બોલાચાલી થઈ અને ઝપાઝપી શરૂ થઈ. આ દરમિયાન ભરત બગોદરીયાએ લાકડાના ધોકાથી aઅનિલભાઈ પર હુમલો કર્યો. અનિલભાઈને માથાના પાછળના ભાગે તેમજ હાથ અને પગમાં ઈજાઓ થઈ હતી. બુમાબુમ થતાં કેન્ટિનના સંચાલક દિવ્યરાજસિંહ ઝાલા અને બીજા કર્મચારીઓ ત્યાં દોડી આવ્યા.

# લોકાર્પણના પ્રથમ દિવસે જ મકરબા બ્રિજના બંને છેડે ટ્રાફિકજામ : ભાજપના ધારાસભ્યએ CPને પત્ર લખવો પડ્યો, ટ્રાફિક પોલીસ કર્મચારી મુકવા રજૂઆત

અમદાવાદ | અમદાવાદ-બોટાદ રેલવે લાઈન પર મકરબામાં એસજી હાઈવે અને જુહાપુરાને જોડતા નવનિર્મિત રેલવે ઓવરબ્રિજનું મુખ્યમંત્રીના હસ્તે ઈ-લોકાર્પણ કરવામાં આવ્યા બાદ બ્રિજના છેડા પર ચાર રસ્તા હોવાના કારણે ટ્રાફિક જામની સ્થિતિ જોવા મળી હતી. લોકાર્પણના પ્રથમ દિવસે જ અધિકારીઓ અને ભાજપના જ શાસકોની બ્રિજના પ્લાનિંગ અને ડિઝાઈનની ગંભીર ખામીના કારણે ટ્રાફિકજામ હતો જોવા મળતા ભાજપના ધારાસભ્ય અમિત ઠાકરે પોલીસ કમિશનર અનુપમસિંહ ગહેલોતને પત્ર પાઠવી બ્રિજના બંને તરફના છેડા પર સિગ્નલ મુકવા અને ટ્રાફિક પોલીસની વ્યવસ્થા ગોઠવવા માટે જાણ કરી છે.

મકરબાના નવનિર્મિત રેલવે ઓવરબ્રિજ પર ટ્રાફિક જામની સ્થિતિ જોવા મળતા વેજલપુર વિધાનસભાના ધારાસભ્ય અમિત ઠાકર દ્વારા પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોતને પાઠવેલા પત્રમાં જણાવ્યું હતું કે, વેજલપુર વિધાનસભા વિસ્તારમાં મકરબા ખાતે અમદાવાદ બોટાદ રેલવે લાઈનના LC 24 ઉપર



નવનિર્મિત રેલવે ઓવરબ્રિજનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. જેમાં સ્થળ મુલાકાત દરમિયાન ધ્યાન પર આવ્યું છે કે, ઓવરબ્રિજના મકરબા તરફના છેડે તેમજ ખાસ કરીને કોર્પોરેટ રોડ/એસ.જી.હાઈવે તરફના છેડે વાહનોની અવરજવરનું પ્રમાણ વધુ હોવાથી વાહનોનો ડેડલોક થઈ જઈને ટ્રાફિક જામની સ્થિતિ સર્જાય છે.

આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને વાહનવ્યવહાર યોગ્ય રીતે ચાલે અને વાહન ચાલકોની સલામતીને ધ્યાનમાં રાખીને મકરબા તરફના છેડે જરૂરી સંખ્યામાં ટ્રાફિક પોલીસની નિયમિત વ્યવસ્થા કરવામાં આવે તેમજ કોર્પોરેટ રોડ તરફના છેડે ટ્રાફિક સિગ્નલની વ્યવસ્થા ઊભી કરવામાં આવે. બંને બ્રિજના છેડે દરરોજ ટ્રાફિક પોલીસ કર્મચારીઓ મૂકવામાં આવે જેથી ટ્રાફિકનું યોગ્ય નિયંત્રણ થઈ શકે અને પીક અવર્સ દરમિયાન ટ્રાફિકની સમસ્યાનું અસરકારક રીતે નિરાકરણ લાવી શકાય.

ત્રણ વર્ષ પહેલા મ્યુનિસિપલ કોર્પોરેશનના ભાજપના શાસકો અને અધિકારીઓએ અમદાવાદ બોટાદ રેલવે લાઈન પર મકરબા ખાતે આવેલા ફાટક પર રેલવે ઓવરબ્રિજ બનાવવાનો નિર્ણય લીધો હતો ત્યારે બ્રિજ બ્રિજનો એક છેડો સીધો જ કોર્પોરેટ રોડ પર આવીને પૂરો થાય છે. બ્રિજ જ્યાં ઉતરે છે ત્યાં આગળ 10 મીટરની પણ પૂરતી જગ્યા કે માર્જિન રાખવામાં આવ્યું નથી. જેના કારણે બ્રિજ પરથી આવતા વાહનો સીધા જ સાંકડા રોડ પર ભેગા થતાં પ્રથમ દિવસે જ ટ્રાફિક જામની ગંભીર સમસ્યા ઊભી થઈ ગઈ હતી. અણઘણ આયોજનના કારણે બ્રિજ બની ગયા બાદ હવે નાગરિકોને હાલાકી પડી રહી છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

### મુંબઈથી પાટણ દર્શન માટે જતા શ્રદ્ધાળુઓની કાર ડમ્પર સાથે ટકરાઈ

# સુરતમાં કાર ડમ્પર અકસ્માતમાં ચારના મોત

(એજન્સી) સુરત । તા. 25





સુરત જિલ્લાના કામરેજ વિસ્તારમાંથી પસાર થતા દિલ્હી મુંબઈ એક્સપ્રેસ વે પર આજે વહેલી સવારે એક અત્યંત ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જાયો હતો, જેમાં મુંબઈથી પાટણ દર્શન માટે જઈ રહેલા શ્રદ્ધાળુઓની પૂરપાટ ઝડપે દોડતી કાર રોડની વચ્ચે ઊભેલા એક ખાનગી ડમ્પરની પાછળ ધડાકાભેર અથડાતા કારમાં સવાર ચાર જેટલા લોકોના ઘટનાસ્થળ પર જ કમકમાટીભર્યા મોત નીપજ્યા હોવાના દુઃખદ સમાચાર પ્રાપ્ત થઈ રહ્યા છે. આ ભયાનક અકસ્માતની જાણ થતાં જ સ્થાનિક પોલીસ કાફલો તાત્કાલિક ધોરણે ઘટના સ્થળે દોડી ગયો હતો અને મૃતદેહોને બહાર કાઢીને પોસ્ટમોર્ટમ અર્થે નજીકની સરકારી હોસ્પિટલ ખાતે ખસેડીને આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.


આ દુર્ઘટના એટલી ભયાનક હતી કે ટક્કર વાગતાની સાથે જ કારનો સંપૂર્ણપણે કચ્ચરઘાણ વળી ગયો હતો. આગળ ચાલી રહેલા ડમ્પરમાં અચાનક એર પ્રેશરને લગતી કોઈ ટેક્નિકલ સમસ્યા સર્જાવાને કારણે તેના ચાલકે વાહન એક્સપ્રેસ વે પર જ ઊભું રાખી દીધું હતું, અને તે જ સમયે પાછળથી પૂરઝડપે આવી રહેલા કારચાલકને અંધારામાં કે અન્ય કોઈ કારણસર ઊભેલા વાહનની કોઈ જ અગાઉથી માહિતી મળી શકી ન હતી જેના પરિણામે આ કરુણ અકસ્માત સર્જાયો હતો. આ ગંભીર બનાવને પગલે હાઈવે પર થોડા સમય માટે વાહનવ્યવહાર પણ સંપૂર્ણપણે ઠપ થઈ ગયો હતો જેને પોલીસે ભારે જહેમત બાદ પૂર્વવત કરાવ્યો હતો.

મૃત્યુ પામનાર તમામ શ્રદ્ધાળુઓ મૂળ મહારાષ્ટ્ર રાજ્યના રહેવાસી હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે, જેઓ પોતાના ઘરેથી મુંબઈ છોડીને પાટણ ખાતે શંખેશ્વરાયજીના પવિત્ર દર્શન કરવાના હેતુસર પોતાની કાર લઈને નીકળ્યા હતા. પરંતુ કિસ્મતને કંઈક અલગ જ મંજૂર હોય તેમ સુરતના કામરેજ વિસ્તારની હદમાં આવેલા ઘાટવા ગામની સીમ પાસેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે આ આફત આવી પડી હતી. આ અકસ્માતમાં ભોગ બનનાર વ્યક્તિઓમાં રાજીવ જીતેન્દ્ર જૈન, જ્યંતી ચુનીલાલ દોશી તથા પ્રવીણ નેનીચંદ્ર જૈન નામના નાગરિકોની ઓળખ થઈ ચૂકી છે જ્યારે ચોથા મૃતકની ઓળખ પ્રક્રિયા હાલ પોલીસ દ્વારા હાથ ધરવામાં આવી રહી છે.

એક જ પરિવાર કે મિત્રવર્તુળના ચાર લોકોના અચાનક આ પ્રકારે થયેલા અવસાનથી તેમના પરિવારજનો પર દુઃખનો પહાડ તૂટી પડ્યો છે અને સમગ્ર પંથકમાં શોકની કાળી ડિબાંગ વાદળી છવાઈ ગઈ છે. શૈક્ષણિક તેમજ ધાર્મિક યાત્રાએ નીકળેલા આ નિર્દોષ લોકોને અકસ્માતે મોતના મુખમાં ધકેલી દીધા છે જેને લઈને વાહનચાલકોની સુરક્ષા સામે પણ અનેક સવાલો ઊભા થઈ રહ્યા છે કે એક્સપ્રેસ વે જેવા ઝડપી રસ્તાઓ પર બંધ પડેલા વાહનો પાછળ યોગ્ય રિફ્લેક્ટર કે ચેતવણીના બોર્ડ મૂકવામાં આવે છે કે નહીં. સ્થાનિક પ્રશાસન અને ટ્રાફિક વિભાગ દ્વારા આ દિશામાં સખત નિયમોનું પાલન કરાવવું હવે અત્યંત અનિવાર્ય બની ગયું છે. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને પોલીસ વિભાગ દ્વારા આસપાસના તમામ સીસીટીવી કેમેરાના ફૂટેજ મેળવવાની સાથે સાથે ડમ્પર ચાલકની બેદરકારી કેટલી હતી તેની પણ ઝીણવટભરી તપાસ શરૂ કરી દેવામાં આવી છે. પરિવારજનોને આ દુર્ઘટનાની જાણ થતાં જ તેઓ રાજકોટ તેમજ સુરત તરફ આવવા માટે રવાના થઈ ગયા છે, અને સરકારી પ્રક્રિયા પૂરી થયા બાદ મૃતદેહોને અંતિમ સંસ્કાર માટે સોંપવામાં આવશે. આ કરુણ બનાવથી સમગ્ર રાજ્યમાં હળચલ મચી ગઈ છે અને દરેક નાગરિકો દ્વારા મુસાફરી કરતી વખતે સાવચેતી રાખવા માટેની અપીલો કરવામાં આવી રહી છે.

## કડાણા ડેમની ગિરિમાળાઓ બની રહી છે ભારતીય ગીધોનું સુરક્ષિત આશ્રયસ્થાન..

### ડેમની દુર્ગમ ખડકો મા લુપ્ત થતી પ્રજાતિ ગણાતા 7થી 8'ભારતીય ગીધ'





જગદીશ ત્રિવેદી | મહીસાગર

ગુજરાતના વન્યજીવ અને પર્યાવરણ ક્ષેત્રે એક અત્યંત પ્રોત્સાહક અને ગૌરવવંતી ઘટના સામે આવી છે. મહીસાગર જિલ્લાના મહી નદીના કાંઠે આવેલા મનોહર કડાણા ડેમ અને તેની આસપાસના દુર્ગમ ખડકાળ વિસ્તારોમાં લુપ્ત થતી પ્રજાતિ ગણાતા 'ભારતીય ગીધ' પોતાના કુદરતી માળા બાંધીને સફળ પ્રજનન કરી રહ્યા છે. કડાણા તાલુકાના સળિયામુવાડી અને તેની આસપાસની ગિરિમાળાઓ હવે ગીધોના કુદરતી સંરક્ષણ અને સંવર્ધન માટે એક આદર્શ આશ્રયસ્થાન તરીકે ઉભરી આવી છે.કડાણા ડેમની વિશિષ્ટ અને ખડકાળ ટેકરીઓ ગીધોને સુરક્ષિત રહેવા તથા પ્રજનન માટે ઉત્તમ વાતાવરણ પૂરું પાડે છે. વર્ષ 2022 દરમિયાન હાથ ધરાયેલી સત્તાવાર ગીધ ગણતરીમાં આ વિસ્તારમાં આશરે 7 થી 8 ગીધો નોંધાયા હતા. આ ગીધો માત્ર અહીં વસવાટ જ નથી કરતા, પરંતુ આ સ્થળની પર્યાવરણીય ફળદ્રુપતાની સાક્ષી પૂરતી એક મહત્ત્વની ઘટના વર્ષ 2023 દરમિયાન બની, જ્યારે અહીં ગીધનું નવું બચ્ચું (ચિક) પણ નજરે પડ્યું હતું. વૈજ્ઞાનિક દ્રષ્ટિએ ગીધો દ્વારા પોતાના માળામાં બચ્ચાને જન્મ આપી તેનો સફળ ઉછેર કરવો એ આ વાતની પાકી ખાતરી આપે છે કે કડાણાનું આ પરિસ્થિતિકીય તંત્ર ગીધોના અસ્તિત્વ અને પ્રજનન માટે સંપૂર્ણપણે સુરક્ષિત છે ડેમની આસપાસ નો વિસ્તાર ગુજરાતભરમાં ગીધ સંવર્ધનના એક પ્રમુખ અભ્યાસ અને પર્યટન સ્થળ તરીકે વિકસી શકે છે. કડાણાની આ ગિરિમાળાઓમાં ગીધોની ગુંજ રાજ્યના વન્યજીવ વૈભવમાં એક નવો અધ્યાય જોડી રહી છે. ગીધ ની વસ્તી નું છેલ્લું સત્તાવાર સર્વેક્ષણ ડિસેમ્બર 2022 માં હાથ ધરવામાં આવ્યું હતું આ સર્વેક્ષણ મુજબ સફેદ કંદવાળા ગીધની સંખ્યામાં ઘટાડો થયો હતો પરંતુ ભારતીય ગીધની વસ્તીમાં 27.4% નો વધારો થયો હતો જેમાં ભારતીય ગીધ અને સફેદ પીઠ ગીધ મુખ્ય છે. આ દુર્લભ પક્ષીઓ જૂનાગઢ ગીર-ગિરનાર જંગલ. બનાસકાંઠા, અમદાવાદ, આણંદ, સાબરકાંઠા, ભાવનગર અને સુરેન્દ્રનગર જિલ્લાઓમાં વિશેષ વસવાટ કરે છે. અને હવે કડાણા ડેમ અને તેની આસપાસ નો વિસ્તાર પણ ગીધોના નવા અને સુરક્ષિત આશ્રયસ્થાન તરીકે ઉભરી આવ્યો છે. કડાણા પંથકના ખડકો પર નદીનાથ મંદિરથી આગળના વિસ્તારમાં દુર્લભ એવી ભારતીય ગીધ પ્રજાતિ વસવાટ કરી રહી છે.પરંતુ માનવજાતની સતત દખલગીરીના કારણે આ દુર્લભ પક્ષીઓની શાંતિ અને પ્રજનનમાં ગંભીર ખલેલ પહોંચી રહી છે જેથી મંદિરથી આગળ ગીધોના આવાસ તરફ જતા માર્ગ પર વન વિભાગ દ્વારા મજબૂત આડસ બનાવીને આ સમગ્ર વિસ્તારને સત્તાવાર રીતે 'વલ્ચર સેફ ઝોન' જાહેર કરી ગીધોને નિયમિત અને સુરક્ષિત આહાર મળી રહે તે માટે આ પંથકમાં તાત્કાલિક વિશેષ 'ફૂડ સ્ટેશન' વિકસાવવામાં આવે. જેથી આ ગીધો પોતાને સુરક્ષિત મેહસૂસ કરી અને કાયમી વસવાટ કરે.

### સેવા સંકલ્પ અભિયાન" અંતર્ગત મહીસાગર જિલ્લાની ૧૧૮૯ પ્રાથમિક શાળાઓમાં 'સ્વચ્છતા એ જ સેવા' મહાઅભિયાન સંપન્ન: અંદાજે ૨૫.૭ ટન ઘન કચરાનો નિકાલ કરાયો



જગદીશ ત્રિવેદી | મહીસાગર

રાજ્યભરમાં ચાલી રહેલા 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત આજરોજ મહીસાગર જિલ્લામાં 'સ્વચ્છતા એ જ સેવા' કાર્યક્રમ હેઠળ વ્યાપક સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. જિલ્લાના તમામ ૮ તાલુકાઓની કુલ ૧,૧૮૯ પ્રાથમિક શાળાઓમાં શાળા કક્ષાએ ઘન કચરાના વ્યવસ્થિત નિકાલ અને સફાઈ માટે આ વિશેષ મહાઅભિયાન યોજાયું હતું. શિક્ષણ વિભાગ અને સ્થાનિક તંત્રના સંયુક્ત ઉપક્રમે યોજાયેલી આ ઝુંબેશમાં ગ્રામીણ સ્તરેથી વ્યાપક લોકભાગીદારી જોવા મળી હતી.શાળા પરિસર અને તેની આસપાસના વિસ્તારને સ્વચ્છ અને આરોગ્યપ્રદ બનાવવા માટે આયોજિત આ કાર્યક્રમમાં શાળા વ્યવસ્થાપન સમિતિ (SMC)ના ૯,૭૮૯ સભ્યો, ૪,૭૫૩ શિક્ષકો, ૨૦૩ સ્થાનિક પદાધિકારીઓ તેમજ ૬,૪૧૧ ગ્રામજનોએ ઉત્સાહપૂર્વક જોડાઈને શ્રમદાન કર્યું હતું. સૌના સહિયારા પુરુષાર્થ થકી અભિયાન દરમિયાન સમગ્ર જિલ્લાની શાળાઓમાંથી આશરે ૨૫.૭ ટન જેટલા ઘન કચરાનો વૈજ્ઞાનિક ઢબે સફળતાપૂર્વક નિકાલ કરવામાં આવ્યો હતો. જનપ્રતિનિધિઓ, ગ્રામજનો અને શાળા પરિવારની સક્રિય ઉપસ્થિતિથી 'સ્વચ્છતા એ જ સેવા' કાર્યક્રમ મહીસાગર જિલ્લામાં સફળ અને પ્રેરણાદાયી બન્યો હતો.

### સંખેડાના ગામડી ચોકડી પાસે ખાણ-ખનીજ ચેકપોસ્ટ નજીક એક કન્ટેનરે બે બાઈકને ટક્કર મારી



રિપોર્ટર. કમલેશ પટેલ. સંખેડા

સંખેડાના ગામડી ચોકડી પાસે ખાણ-ખનીજ ચેકપોસ્ટ નજીક એક કન્ટેનરે બે બાઈકને ટક્કર મારી. અકસ્માતમાં પાંચ લોકો ઘાયલ થયા, ત્રણની હાલત ગંભીર છે. તમામને 108 દ્વારા હોસ્પિટલ ખસેડાયા. કન્ટેનર ડ્રાઈવર અકસ્માત સર્જીને ભાગી રહ્યો હતો, જેને ગ્રામજનોએ પકડી માર માર્યો. ડ્રાઈવરે કહ્યું કે તેણે ખનીજ ખાતાની ચેકપોસ્ટ પર રોયલ્ટી માટે ગાડી રોકી નહોતી અને ઝડપથી ચલાવી હતી, જેના કારણે બાઈક ચાલકોને અડફેટે લીધા.ઘટના બાદ સરપંચ નીરવ તડવી અને ગ્રામજનો ચેકપોસ્ટ પર પહોંચ્યા, પરંતુ કોઈ અધિકારી હાજર નહોતા. સરપંચે રોયલ્ટી વગર વાહનોને જવા દેવા સામે સવાલ ઉઠાવ્યો.આ બેદરકારીને લઈને સરપંચ સહિત ગામના લોકો અને મહિલાઓ રસ્તા વચ્ચે બેસી ગયા અને ચક્કાજામ કર્યો. સંખેડા PI જે.યુ. ગોહિલ તરત ઘટના સ્થળે પહોંચ્યા અને સમજાવટ પછી રસ્તો ફરી શરૂ કરાયો.

### વડોદરામાં ઝડપાયો વિદેશી દારૂ, મકરપુરામાં પોલીસ દરોડો, બે આરોપીઓ ગિરફ્તમાં આવ્યા

(એજન્સી) વડોદરા । તા. 25

વડોદરા શહેરના મકરપુરા પોલીસ સ્ટેશન વિસ્તાર અંતર્ગત આવતી જશોદા કોલોની અને ડાહીબા નગર નજીક આવેલા એક ખુલ્લા ગ્રાઉન્ડમાં ઝાડી-ઝાંખરાની આડમાં ચાલતા ગેરકાયદેસર ધંધાનો  કરીને સ્થાનિક પોલીસે બાતમીના આધારે ત્રાટકીને વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે અને આ ગુનામાં સંડોવાયેલા બે ઈસમોને સ્થળ પરથી જ દબોચી લીધા છે જ્યારે મુખ્ય સપ્લાયરને પકડવા માટેના ચક્રો ગતિમાન કર્યા છે.

મીડિયા અહેવાલ દ્વારા પ્રાપ્ત થતી વિગતો અનુસાર, મકરપુરા પોલીસ સ્ટેશનની સર્વેલન્સ ટીમ જ્યારે પેટ્રોલિંગમાં હતી ત્યારે ચોક્કસ બાતમી મળી હતી કે ઉપરોક્ત વિસ્તારના ખુલ્લા મેદાનમાં ગેરકાયદેસર રીતે વિદેશી દારૂનો વેપાર ચાલી રહ્યો છે. આ માહિતીના આધારે ત્વરિત પગલાં લઈને પોલીસે દરોડો પાડ્યો હતો અને ત્યાંથી સુરેશ ઉર્ફે કાંચો ટેકબહાદુર થાપા તથા લાલજીભાઈ ઉર્ફે અજય નટવરભાઈ પંચાલ નામના બે આરોપીઓને રંગેહાથ પકડી પાડવામાં મોટી સફળતા મેળવી છે.

પોલીસ તપાસ દરમિયાન સ્થળ પરથી કુલ અઠ્ઠાનવું નંગ વિદેશી દારૂની બોટલો જપ્ત કરવામાં આવી છે જેની કુલ બજાર કિંમત રૂપિયા ત્રેવીસ હજાર આઠસો પંચાવન આંકવામાં આવી છે. પકડાયેલા આરોપીઓની સઘન પૂછપરછ કરવામાં આવતા એવું બહાર આવ્યું છે કે આ દારૂનો સમગ્ર જથ્થો રાહુલ ઉર્ફે શૈલેષ રાઠવા નામના અન્ય એક શખ્સ દ્વારા તેમને વેચાણ અર્થે પૂરો પાડવામાં આવ્યો હતો, જેથી પોલીસે તેને પણ વોન્ટેડ જાહેર કરીને શોધખોળ શરૂ કરી છે.

શહેરમાં અસામાજિક તત્વો દ્વારા ચલાવવામાં આવતી આવી ગેરકાયદેસર પ્રવૃત્તિઓને ડામવા માટે પોલીસ તંત્ર દ્વારા સતત સઘન ચેકિંગ અને ડ્રાઈવનું આયોજન કરવામાં આવી રહ્યું છે જેથી યુવાધન બરબાદ થતું અટકે. સ્થાનિક રહીશો દ્વારા પણ પોલીસની આ સરાહનીય કામગીરીને બિરદાવવામાં આવી છે કારણ કે આવા ખુલ્લા મેદાનમાં ચાલતી અસામાજિક પ્રવૃત્તિઓને કારણે સામાન્ય નાગરિકો અને પરિવારજનોમાં ભારે અસલામતની ભાવના પ્રવર્તી રહી હતી.

### આંગણવાડી કેન્દ્રની મુલાકાત અને મહાનુભાવોની ઉપસ્થિતિ

## વિકસિત ભારત-જન સેવા અભિયાન અંતર્ગત નર્મદા જિલ્લા કક્ષાનો 'આંગણ ઉત્સવ' યોજાયો





(એજન્સી) રાજપીપલા । તા. 25

વિકસિત ભારત-જન સેવા અભિયાન અંતર્ગત નર્મદા જિલ્લા કક્ષાનો 'આંગણ ઉત્સવ' જિલ્લા પંચાયત ખાતે જળ સંપત્તિ અને પાણી પુરવઠા વિભાગના માન. રાજ્ય મંત્રીશ્રી તથા નર્મદા જિલ્લાના માન. પ્રભારી મંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલની અધ્યક્ષતામાં ભવ્ય રીતે યોજાયો હતો. આ પ્રસંગે પ્રભારી મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે રાજ્ય સરકાર છેવાડાના બાળકોના પોષણ અને આરોગ્યની સતત ચિંતા કરી રહી છે. બાળકોને નિયમિતપણે પોષણયુક્ત અને સંતુલિત આહાર મળે તે માટે આંગણવાડી કેન્દ્રો મારફતે વિવિધ પોષણ સેવાઓ પૂરી પાડવામાં આવે છે. બાળકો આવતીકાલનું ભવિષ્ય છે ત્યારે તેઓ સ્વચ્છ, સ્વસ્થ અને સુપોષિત રહેશે તો શિક્ષણ સહિતના વિવિધ ક્ષેત્રોમાં આગળ વધીને દેશના વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપી શકશે.

મંત્રીશ્રીએ વધુમાં માહિતી આપતા જણાવ્યું હતું કે નર્મદા જિલ્લામાં કુલ ૯૫૫ આંગણવાડી કેન્દ્રોમાં ૦ થી ૬ વર્ષના ૩૪,૪૮૨ બાળકો આંગણવાડીની સેવાઓનો લાભ લઈ રહ્યા છે. ઉપરાંત ૩,૪૯૮ સગર્ભા મહિલાઓ, ૨,૩૬૫ ધાત્રી માતાઓ અને ૮,૯૪૦ કિશોરીઓને સરકાર દ્વારા પોષણયુક્ત ટેક હોમ રાશન સહિતની પોષણલક્ષી સેવાઓ પૂરી પાડવામાં આવે છે. નર્મદા જિલ્લો ડ્રોપઆઉટ રેશિયોમાં પ્રથમ ક્રમે રહ્યો છે તેવી જ રીતે આ જિલ્લો સુપોષિતતાના ક્ષેત્રમાં પણ પ્રથમ ક્રમે આવે તેવી અપેક્ષા તેમણે વ્યક્ત કરી હતી.

આ પ્રસંગે મંત્રીશ્રી સહિત ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે ટેકરા ફળિયા-ઉના લાભાર્થીઓને ટેક હોમ રાશન, બાળકોને ફળ અને લાડુનું વિતરણ કરવામાં આવ્યું હતું. આંગણવાડીની તંદુરસ્ત બાળક સ્પર્ધાના વિજેતા બાળકોને પ્રોત્સાહન ઈનામ એનાયત કરાયા હતા તથા આંગણવાડી કાર્યકર, તેડાગર અને આશા વર્કરનું સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના પ્રારંભે જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારીશ્રી અને ઇ.ચાર્જ પ્રોગ્રામ ઓફિસર શ્રી જનકકુમાર માઢક દ્વારા સ્વાગત પ્રવચન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમ બાદ પ્રભારી મંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલે રાજપીપલા સ્થિત ટેકરા ફળિયા-૩ આંગણવાડી કેન્દ્રની રૂબરૂ મુલાકાત લીધી હતી.

# મહીસાગર જિલ્લામાં 'સેવા સંકલ્પ અભિયાન' હેઠળ સરકારી યોજનાઓ છેવાડાના માનવી સુધી પહોંચાડવા વહીવટી તંત્ર સજ્જ

### પ્રભારી સચિવશ્રી કે એલ બચાણીના અધ્યક્ષતામાં વિડિયો કોન્ફરન્સ: મહીસાગર જિલ્લામાં 'પોષણ સપ્તાહ' અને જનકલ્યાણકારી કાર્યો સમયમર્યાદામાં પૂર્ણ કરવા સૂચના

જગદીશ ત્રિવેદી | મહીસાગર

મહીસાગર જિલ્લાના પ્રભારી સચિવશ્રી કે એલ બચાણીના અધ્યક્ષસ્થાને રાજ્ય સરકારના પ્રજાલક્ષી અભિગમને સાકાર કરતા 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત એક ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠક વિડિયો કોન્ફરન્સના માધ્યમથી યોજાઈ ગઈ. આ બેઠકમાં લુણાવાડા સેવા સદન ખાતેથી જિલ્લા કલેક્ટર સુશ્રી અર્પિત સાગર, જિલ્લા વિકાસ અધિકારી શ્રી યુવરાજ સિદ્ધાર્થ, પ્રાયોજના વહીવટદાર શ્રી વંદના મીના, પ્રોબેશનરી આઈ.એ.એસ. શ્રી ત્રિલોકસિંહ સહિત જિલ્લા વહીવટી તંત્રના વિવિધ લાઈન ડિપાર્ટમેન્ટ્સના ઉચ્ચ અને અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.બેઠકની શરૂઆતમાં પ્રભારી સચિવશ્રીએ 'સેવા સંકલ્પ અભિયાન' હેઠળ જિલ્લાના જુદા જુદા વિભાગો દ્વારા હાથ ધરવામાં આવેલી કામગીરી અને આયોજિત કાર્યક્રમોની તબક્કાવાર ઝીણવટભરી સમીક્ષા કરી હતી. પ્રજાના પ્રશ્નોનો ઝડપી નિકાલ આવે અને વિકાસના કામો ગતિ પકડે તે માટે તેમણે તમામ વિભાગો વચ્ચે પરસ્પર સંકલન પર ભાર મૂક્યો હતો. તેમણે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે પ્રત્યેક વિભાગને સોંપાયેલી કામગીરી નિયત સમયમર્યાદામાં,



પારદર્શકતા સાથે અને સુચારુ રૂપે પૂર્ણ થાય તે સુનિશ્ચિત કરવું અનિવાર્ય છે. આ સંદર્ભે ઉપસ્થિત અધિકારીઓને ક્ષેત્રીય સ્તરે ઊભી થતી મુશ્કેલીઓના નિવારણ માટે જરૂરી માર્ગદર્શન અને રચનાત્મક સૂચનો આપવામાં આવ્યા હતા.આ સમીક્ષા બેઠકમાં ખાસ કરીને મહિલા અને બાળ વિકાસ (ICDS) વિભાગની કામગીરી અને તેના આગામી લક્ષ્યાંકો પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. પ્રભારી સચિવશ્રીએ સુપોષિત ગુજરાતના સંકલ્પને વેગ આપવા માટે ICDS વિભાગ દ્વારા ઉજવાઈ રહેલા 'પોષણ સપ્તાહ'ની ગતિવિધિઓ પર સર્વાધિક ભાર મૂક્યો હતો. બાળકો, કિશોરીઓ અને સગર્ભા માતાઓના સ્વાસ્થ્ય તથા પોષણ સ્તરને સુધારવા માટે હાથ ધરાયેલા વિશેષ પગલાંઓની તેમણે પ્રગતિ ચકાસી હતી અને આ સપ્તાહ દરમિયાન આંગણવાડી સ્તરે લોકજાગૃતિ વધારવા સૂચના આપી હતી. બેઠકના સમાપનમાં પ્રભારી સચિવશ્રીએ ઉપસ્થિત તમામ અધિકારી-કર્મચારીઓને પ્રેરિત કરતા જણાવ્યું હતું કે 'સેવા સંકલ્પ અભિયાન' માત્ર સરકારી કાર્યક્રમ ન બની રહેતા સાચા અર્થમાં જનસેવાનું માધ્યમ બને તે જોવું આપણી પ્રાથમિક ફરજ છે. જિલ્લાના અંતરિયાળ અને છેવાડાના વિસ્તારોમાં વસતા નાગરિકો સુધી તમામ કલ્યાણકારી યોજનાઓનો લાભ સરળતાથી પહોંચે તે માટે સમગ્ર વહીવટી તંત્ર એક ટીમ તરીકે જોડાઈને સંવેદનશીલતા અને નિષ્ઠાપૂર્વક કાર્ય કરે તેવો અનુરોધ તેમણે કર્યો હતો.

### સોફ્ટવેરમાં કરોડોનું બેલેન્સ બતાવાયું

## વડોદરામાં કરોડોની સાયબર ઠગાઈ, રોજના વીસ ટકા વળતરનું પ્રલોભન

(એજન્સી) વડોદરા । તા. 25

વડોદરા શહેરની અંદર સાયબર ઠગાઈની એક અત્યંત ચોંકાવનારી અને મોટી ઘટના પ્રકાશમાં આવી છે, જ્યાં વાઘોડિયા રોડ વિસ્તારમાં આવેલા રચના એવન્યુ ખાતે રહેતા અને એક ખાનગી કંપનીમાં ઉચ્ચ હોદ્દા પર ફરજ બજાવતા નીતિનભાઈ પીપળીયા નામના નાગરિકને ઓનલાઈન રોકાણના નામે રોજના વીસ ટકા સુધીના મસમોટા નફાની લાલચ આપીને ભેજાબાજ ઠગો દ્વારા રૂપિયા એક કરોડ ચોસઠ લાખ જેવી માતબર રકમ પડાવી લેવામાં આવતા સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી જવા પામી છે.

ગત બારમી ઓગસ્ટના રોજ મીરા ઐયર નામની એક ઠગ મહિલા દ્વારા પીડિતના મોબાઈલ પર શેરબજાર અને મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરવા માટેનો એક મેસેજ મોકલવામાં આવ્યો હતો. આ મહિલાએ પોતાની ઓળખ પ્રખ્યાત સેબી રજિસ્ટર્ડ કંપનીના નામે આપીને વિશ્વાસ કેળવ્યો હતો અને એક બનાવટી લિંક મારફતે રજીસ્ટ્રેશન કરાવીને યુઝર આઈડી તથા પાસવર્ડ જનરેટ કરી આપ્યા હતા. શરૂઆતના તબક્કામાં થોડી નાની રકમ પર નફો પરત આપીને ઈન્વેસ્ટરનો વિશ્વાસ જીતી લેવામાં આવ્યો હતો અને ત્યારબાદ તબક્કાવાર કુલ રૂપિયા ૧.૬૪ કરોડ ઓનલાઈન ટ્રાન્સફર કરાવી લીધા હતા.

આ છેતરપિંડીના નેટવર્ક અંગે વધુ ખુલાસો કરતા જાણવા મળ્યું છે કે ઠગો દ્વારા ચલાવવામાં આવતી એપ્લિકેશનમાં પીડિતના ખાતામાં રૂપિયા ૬.૪૭ કરોડ જેટલું મોટું બેલેન્સ દેખાડવામાં આવતું હતું, જેથી તેમને પોતાની મૂડી સુરક્ષિત હોવાનો ભ્રમ પેદા થયો હતો. પરંતુ જ્યારે નીતિનભાઈએ આ જમા થયેલી રકમ પોતાના બેંક ખાતામાં પાછી ઉપાડવાનો પ્રયાસ કર્યો, ત્યારે ઠગો દ્વારા કેપિટલ ગેઈન ટેક્સના વીસ ટકા અને કંપનીના કમિશન પેટે પંદર ટકા રકમ અગાઉથી ભરપાઈ કરવા માટે દબાણ કરવામાં આવ્યું હતું, જેના કારણે પીડિતને પોતાની સાથે મોટું ફ્રોડ થયું હોવાની શંકા ગઈ હતી.

### મારવાડી યુનિવર્સિટીમાં ગંભીર ઘટના

## રાજકોટમાં વિદ્યાર્થી આપઘાત સત્ર ચાલુ, 7 દિવસમાં બીજો વિદ્યાર્થી કૂદ્યો

(એજન્સી) રાજકોટ । તા. 25

રાજકોટ શહેરની અંદર આવેલી નામાંકિત મારવાડી યુનિવર્સિટીમાં છેલ્લા સાત દિવસની અંદર આંધ્રપ્રદેશના બીજા વિદ્યાર્થી દ્વારા અચાનક પોતાની જીવનલીલા સંકેલી લેવામાં આવતા સમગ્ર શિક્ષણ જગતમાં ભારે ચકચાર મચી જવા પામી છે. આજે વહેલી સવારે યુનિવર્સિટીના મુખ્ય ભવનના છઠ્ઠા માળેથી કમ્પ્યુટર સાયન્સમાં ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતા આંધ્રપ્રદેશના યુવાને અચાનક નીચે ઝંપલાવીને આપઘાત કરી લેતા અરેરાટી વ્યાપી ગઈ છે. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસ કાફલો તાત્કાલિક ધોરણે ઘટના સ્થળે દોડી ગયો હતો અને મૃતદેહને કબજે કરીને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડીને આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

આજના આ બનાવમાં મૃત્યુ પામનાર વિદ્યાર્થીની ઓળખ હિમંત ગંધમ તરીકે થઈ છે, જે મૂળ આંધ્રપ્રદેશ રાજ્યનો રહેવાસી હતો અને અહીં કમ્પ્યુટર સાયન્સ વિભાગમાં ઉચ્ચ શિક્ષણ મેળવી રહ્યો હતો. પ્રાપ્ત પ્રાથમિક વિગતો મુજબ આ યુવાન આજે સવારે કોલેજ માં પહોંચ્યો ત્યારે તેની પાસે કોઈ જ પ્રકારનું બેગ કે ચોપડા નહોતા અને તે સીધા જ છઠ્ઠા માળે પહોંચી ગયો હતો જ્યાંથી તેણે આ ખોદદેલ પગલું ભર્યું હોવાનું સીસીટીવી ફૂટેજ દ્વારા સ્પષ્ટ થઈ રહ્યું છે. યુનિવર્સિટી વહીવટી તંત્ર દ્વારા આ બાબતની જાણકારી મૃતકના પરિવારજનોને ફોન દ્વારા આપી દેવામાં આવી છે અને તેઓ પણ રાજકોટ આવવા માટે રવાના થઈ ચૂક્યા છે. આ ગંભીર અને હૃદયદ્રાવક ઘટનાને કારણે સમગ્ર કેમ્પસમાં ભારે શોકનું વાતાવરણ છવાઈ ગયું છે પરંતુ આ સાથે જ યુનિવર્સિટીની સુરક્ષા વ્યવસ્થા સામે પણ અનેક પ્રકારના ગંભીર સવાલો ઊભા થઈ રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે આજથી બરાબર સાત દિવસ અગાઉ એટલે કે ઓગણીસમી સપ્ટેમ્બરના રોજ પણ આ જ યુનિવર્સિટીની અંદર દસમા માળેથી કૂદીને આંધ્રપ્રદેશની જ અન્ય એક ઓગણીસ વર્ષીય વિદ્યાર્થિની અલ્લા વ્યંકટેશ સૌબર્નિકાએ પણ પોતાની જિંદગી ટૂંકાવી દીધી હતી.

# આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

કેટલાક લોકો માનશે કે કશુંક નવું શીખવા માટે તમે ઉંમરમાં વધુ છો-પણ એ બાબત સત્યથી સદંતર વેગળી છે-તમારા તીવ્ર અને સક્રિય મગજને કારણે તમે નવી બાબત ઝડપથી શીખી લેશો. આજ ના દિવસે તમારે તેવા મિત્રો થી બચવા ની જરૂર છે જે ઉધાર લે તો છે.

**વૃષભ : બ. વ. ઉ.**

આજે તમારે અનેક ટૅન્શન તથા મતભેદોનો સામનો કરવો પડે જે તમને બેચેન અને ગુસ્સાવાળા બનાવી દે એવી શક્યતા છે. જો મુસાફરી કરી રહ્યા હોય તો પોતાના કિંમતી સમાન નું ધ્યાન રાખો કેમકે સમાન ચોરી થવા ની શક્યતા છે. તમારૂં જિદ્દી વલણ ઘરના લોકોને તથા તમારા નિકટના મિત્રોને આહત કરશે.

**મિથુન : ક. છ. ઘ.**

તમારી શક્તિ પાછી મેળવવા માટે સંપૂર્ણ આરામ કરો. જો આજે તમે પોતાના મિત્રો સાથે ક્યાંક ફરવા જાયી રહ્યા હો તો પૈસા સોચી વિચારી ને ખર્ચ કરો નહીંતર ધન હાનિ થયી શકે છે. સાંજે મિત્રો સાથે બહાર જાવ-કેમ કે તે તમારી માટે કશુંક સારૂ કરશે.

**કર્ક : ડ. હ.**

તમારૂં સ્વાસ્થ્ય અને દેખાવ સુધારવા માટેની બાબતો હાથ ધરવા માટે અઢળક સમય મળશે. આજ ના દિવસે ધન હાનિ થવા ની સંભાવના છે તેથી લેણદેણ ની સમયે જેટલી સાવચેતી રાખશો તેટલું તમારા માટે સારૂં રહેશે બાળકો તમારી માટે દિવસ મુશ્કેલ બનાવી શકે છે.

**સિંહ : મ. ટ.**

આજે ટૅન્શનમુક્ત અને શાંત રહો. આજે તમારું ધન ઘણી વસ્તુઓ ઉપર ખર્ચ થયી શકે છે, તમારે આજે એક સારો બજેટ પ્લાન બનાવ ની જરૂર છે આના થી તમારી ઘણી મુશ્કેલીઓ દૂર થયી જશે. સંબંધીઓ-મિત્રો એક સુંદર સાંજ માટે તમને મળવા આવશે.

**કન્યા : પ. ઠ. ણ.**

વધુ આશાવાદી બનવા માટે તમારી જાતને પ્રોત્સાહિત કરો. તે તમારો આત્મવિશ્વાસ તથા લવચિકપણું વધારશે પણ તેની સાથે જ ભય, નફરત, ઈર્ષા અને બદલો જેવી નકારાત્મક ભાવનાઓ છોડવા તૈયાર કરો. આજે કોઈ ની મદદ વગર તમે પોતે ધન કમાવા માં સક્ષમ હશો.

**તુલા : ર. ત.**

અન્યો સાથે ખુશી વહેંચવાથી તમારા સ્વાસ્થ્યમાં સુધારો થશે. આજે તમને ધન ખર્ચવા ની જરૂર નહિ પડે કેમકે ઘર ના કોઈ મોટા આજે તમને ધન આપી શકે છે. અન્યોને પ્રભાવિત કરવાની તમારી આવડત તમને વળતર અપાવશે.

**વૃશ્ચિક : ન. ય.**

તાણ નાનકડી બીમારીમાં પરિણમી શકે છે. આરામદાયક મહેસૂસ કરવા માટે મિત્રો તથા પરિવારના સભ્યો વચ્ચે બેસો. તમે જો અન્યોના શબ્દો પર ધ્યાન આપીને રોકાણ કરશો તો આજે આર્થિક નુકસાનની શક્યતા જોવાય છે.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

લાભદાયક દિવસ અને તમને લાંબા ગાળાની માંદગીમાંથી રાહત મળી શકે છે. તમે જાણો છો એવા લોકો દ્વારા આવકનો નવો સ્રોત ઊભો થશે. તમારા પ્રિયપાત્ર સાથે દલીલો સર્જી શકે એવા વિવાદાસ્પદ મુદ્દાઓને છેડવાનું ટાળવું જોઈએ.

**મકર : ખ. જ.**

તમને ખરેખર આનંદ આપતી પ્રવૃત્તિઓ કરો. દિવસ ની શરૂઆત માંજ તમને કોઈ આર્થિક હાનિ થયી શકે છે જેથી આખું દિવસ ખરાબ થયી શકે છે. તમારી વધારાની ઊર્જા તથા અસાધારણ ઉત્સાહ તમારી તરફેણમાં પરિણામો લાવશે તથા ઘરના મોરચે રહેલું ટૅન્શન હળવું કરશે.

**કુંભ : ગ. સ. શ. ષ.**

અણધાર્યો પ્રવાસ થકવી નાખનારો હોઈ શકે છે જે તમને અસ્તવ્યસ્ત કરી મુકશે. સ્નાયુઓને આરામ આપવા તમારા શરીરની તેલથી માલિશ કરો. ઘર ની નાની નાની વસ્તુઓ પર આજે તમારું ઘણું ધન ખરાબ થયી શકે છે જેથી તમને માનસિક તાણ થયી શકે છે.

**મીન : દ. ચ. ઝ. થ.**

મજા માટેની ટ્રીપ તથા સામાજિક મેળાવડા તમને નિરાંતવા તથા ખુશ રાખશે. થોડા વધુ નાણાં બનાવવા માટે તમારા નાવિન્યસભર વિચારોનો ઉપયોગ કરો. પરિવારના સભ્યનો આનંદી સ્વભાવ ઘરના વાતાવરણને ઝગમગતું કરી નાખશે. આજે મિત્રતામાં ભંગ પડવાની પૂરેપૂરી શક્યતા હોવાથી ચોકસાઈ રાખો.

## સેવા સંકલ્પ અભિયાન

### સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત જુનાગઢ મહાનગરપાલિકા કમિશનરશ્રી આઈ.આર.વાળા દ્વારા શહેરમાં રાત્રિ સફાઈનું આકસ્મિક નિરીક્ષણ

નરેન્દ્ર દવે જૂનાગઢ તા.25.

રાજ્ય સરકારશ્રી દ્વારા તા.૧૭ સપ્ટેમ્બરથી તા.૧૭ ઓક્ટોબર, ૨૦૨૬ દરમિયાન"સેવા સંકલ્પ અભિયાન" અંતર્ગત"સ્વચ્છતા હી સેવા" અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. આ અભિયાનને વધુવેગ આપવા જુનાગઢ મહાનગરપાલિકા વિસ્તારમાં સ્વચ્છતા જાળવવા અને રાત્રિ સફાઈ કામગીરીને વધુ સુદ્રઢ બનાવવાના હેતુથી મ્યુનિસિપલ કમિશનરશ્રી આઈ.આર. વાળા દ્વારા તારીખ ૨૪.૦૯.૨૦૨૬ ના રોજ રાત્રિના સમયે શહેરના વિવિધ વિસ્તારોનુ આકસ્મિક સ્થળ નિરિક્ષણ કરવામા આવ્યુ હતું. આ નિરિક્ષણ દરમિયાન કમિશનરશ્રીએ કોલેજ રોડ, ઝાંઝરડા ચોકડી, વેન્ડર વિસ્તારનું બારીકાઈથી અવલોકન કર્યું હતું. અહીં વેચાણકારો પાસે ડસ્ટબીન હોવા છતાં આસપાસના રોડ પર કચરો જોવા મળતાં, સંબંધિત સેનેટરી ઈન્સ્પેક્ટરશ્રી અને સેનિટેશન સુપ્રીન્ટેન્ડન્ટશ્રીને આવા વેન્ડર્સ સામે પેનલ્ટી કરવા કડક સૂચના આપવામાં આવી છે. આ ઉપરાંત, એક નવી સિસ્ટમ લાગુ કરતા તમામ વેચાણકારોનું ગ્રુપ બનાવી, રાત્રે વેપાર પૂર્ણ થયા બાદ દરેક વ્યક્તિને પોતાની જગ્યા સાફ કરી તેનો ફોટો સંબંધિત ગ્રુપમાં મૂકવાનો આદેશ કરાયો છે. જે વેપારી દ્વારા આવો ફોટો મૂકવામાં નહીં આવે તેનો બીજા દિવસથી ફૂડનો વેપાર બંધ કરાવવામાં આવશે. શહેરના અન્ય વિસ્તારોમાં પણ આ જ પ્રકારે ગ્રુપ બનાવી અમલવારી કરવા સેનિટેશન સુપ્રીન્ટેન્ડન્ટશ્રીને તાકીદ કરવામાં આવી છે. શહેરના પોસ્ટ ઓફિસ રોડ અને માંગનાથ રોડ જેવા કોમર્શિયલ વિસ્તારોની મુલાકાત સમયે તમામ દુકાનો બંધ હોવા છતાં દુકાનોની બહાર કચરો પડેલો જોવા મળ્યો હતો. આ ગંભીર બાબતે રાત્રે જ દુકાનદાર એસોસિએશન ના પ્રમુખશ્રી સાથે ચર્ચા કરી તેમને સ્થળ ના ફોટોગ્રાફ્સ મોકલવામાં આવ્યા હતા.

## ભાદરવી પૂનમ મહા મેળો 2026

# અંબાજી ચાચર ચોક દિવ્ય રોશનીથી ઝળહળી ઊઠ્યું

### રોશનીના શણગારથી અંબાજીના રસ્તાઓને મળ્યો નવો રંગ અને આકર્ષક આભા. લાઈટિંગ શો સાથે માઈભક્તોને આધ્યાત્મિકતા અને ભક્તિનો અનોખો અનુભવ





(એજન્સી) પાલનપુર | તા.16

શક્તિ, ભક્તિ અને આસ્થાના પાવન કેન્દ્ર એવા અંબાજી ખાતે ભાદરવી પૂનમ મહામેળા દરમિયાન માઈભક્તો માટે વિવિધ આકર્ષણો અને સુવિધાઓ ઉભી કરવામાં આવી છે. મેળાના વાતાવરણમાં ભક્તિ અને આધ્યાત્મિકતાની સાથે અંબાજીને ભવ્ય રોશનીથી શણગારવામાં આવતા સમગ્ર યાત્રાધામનું વાતાવરણ વધુ આકર્ષક બની ગયું છે.ભાદરવી પૂનમ મહામેળામા અંબાજીનું ચાચર ચોક સહિત આસપાસનો સમગ્ર વિસ્તાર રંગબેરંગી લાઈટિંગથી ઝળહળી ઊઠ્યો હતો. ચાચર ચોકમાં કરવામાં આવેલા વિશેષ લાઈટિંગ શોએ માઈભક્તોને દિવ્ય અને આધ્યાત્મિક અનુભૂતિ કરાવી હતી. રાત્રિના સમયે વિવિધ રંગોની રોશનીથી સજ્જ ચાચર ચોકનો નજારો ભક્તોને આકર્ષી રહ્યો હતો.અંબાજીના મુખ્ય માર્ગો, ચોક અને આસપાસના વિસ્તારોમાં કરવામાં આવેલા રોશનીના શણગારથી જાણે સમગ્ર અંબાજીએ નવો શણગાર ધારણ કર્યો હોય તેવી અનુભૂતિ થતી હતી. રોશનીથી ઝગમગતા રસ્તાઓ પરથી પસાર થતા માઈભક્તોમાં ભક્તિ અને ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો.અંબાજીની પવિત્રતા, આધ્યાત્મિકતા અને ભવ્યતાને રોશનીના શણગાર સાથે વધુ સુંદર રીતે ઉજાગર કરવામાં આવી છે. દિવ્ય રોશનીથી ઝળહળતું ચાચર ચોક અને પ્રકાશિત માર્ગો ભાદરવી પૂનમના મેળાની ભવ્યતા અને માઈભક્તોની આસ્થાને વધુ વિશિષ્ટ બનાવી રહ્યા છે.

# બાળકોને સુખડી કિટ, બુક અને કલરનું વિતરણ કર્યું



| કમલેશ પટેલ. સંખેડા.

બહાદરપુર આંગણવાડી કેન્દ્ર-1 ખાતે રાષ્ટ્રીય પોષણ માહ 2026 અંતર્ગત એક કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં સંખેડાના આંગણવાડી અધિકારી, સરપંચ ભૌમિકભાઈ દેસાઈ અને જૈમિનભાઈ પટેલ હાજર રહ્યા હતા. તેમણે બાળકોને સુખડી કિટ, બુક અને કલરનું વિતરણ કર્યું. આ ઉપરાંત, બાળકોને લીંબુ-ચમચી રમત રમાડી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. જોકે, આ ઉજવણી વચ્ચે આંગણવાડીની ખરાબ હાલત પણ સામે આવી છે. સ્થાનિક લોકોએ જણાવ્યું કે, બહાદરપુર આંગણવાડીને પાંચ વર્ષ થઈ ગયા છે. તેમ છતાં, બહાર બ્લોક નાખવામાં આવ્યા નથી અને ગેટની હાલત પણ ખરાબ છે.આ અંગે અનેક વખત રજૂઆત કરવામાં આવી છે, પરંતુ કોઈ ઉકેલ આવ્યો નથી. વાલીઓ અને આંગણવાડી બહેનોએ વહેલી તકે બ્લોક નાખીને સમારકામ પૂરું કરવાની માંગ કરી છે. જેથી નાના બાળકોને કાદવ-કીચડમાંથી રાહત મળી શકે.

## 'પ્રાકૃતિક કૃષિ'

# ચોમાસાની ઋતુમાં 'પ્રાકૃતિક કૃષિ' થકી ધરતીને અને સ્વાસ્થને સમૃદ્ધ બનાવવાની સુવર્ણ તક

| નરેન્દ્ર દવે | જૂનાગઢ

ચોમાસાની ઋતુ દરમિયાન આકાશમાંથી વરસતી હેલી અને ચારેય તરફ ફેલાયેલી હરિયાળી આપણને સૌને મંત્રમુગ્ધ કરી દે છે. આજના આધુનિક સમયમાં જ્યારે જમીનની ફળદ્રુપતા ટકાવી રાખવી મોટો પડકાર છે, ત્યારે પ્રાકૃતિક કૃષિ એ જ એકમાત્ર સ્થાયી અને ભરોસાપાત્ર રસ્તો છે.જમીનની કાયાપલટ કરતી ચોમાસાની ઋતુ વરસાદનું આગમન થતાં જ ખેતરોમાં અસંખ્ય સૂક્ષ્મજીવો અને અળસિયા સક્રિય થઈ જાય છે. રાસાયણિક દવાઓ ના અત્યાચારથી થાકી ગયેલી જમીનને ફરીથી જીવંત કરવા માટે આ સૌથી ઉત્તમ સમયગાળો ગણાય છે. ચોમાસામાં કુદરતી ભેજ અને ગરમીનું સંતુલન જીવામૃત અને ઘનજીવામૃતના પ્રસાર માટે સૌથી સાનુકૂળ વાતાવરણ પૂરું પાડે છે. જો આ સમયે જમીનમાં કોઈ પણ પ્રકારના ઝેરી રસાયણો નાખવામાં ન આવે, તો જમીનની કુદરતી ઉત્પાદન શક્તિ બમણી ઝડપથી વધી જાય છે. પ્રાકૃતિક ખેતી સંપૂર્ણપણે શૂન્ય બજેટ પર આધારિત છે. ગાયના ગોબર અને ગૌમૂત્રમાંથી બનતા દેશી નુસખાઓથી પાકનું રક્ષણ થાય છે. ચોમાસામાં આ પદ્ધતિ અપનાવવાથી છોડને રોગ સામે લડવાની કુદરતી શક્તિ મળે છે. જેના પરિણામે ખેડૂતનો ખાતર-દવાનો ખર્ચ ઘટે છે અને શુદ્ધ નફો વધે છે. પ્રાકૃતિક કૃષિથી ઉત્પન્ન થયેલ અન્ન આપણા સ્વાસ્થ્ય માટે અમૃત સમાન છે. રાસાયણિક અવશેષો વગરનું શુદ્ધ અન્ન માનવ શરીરની રોગપ્રતિકારક શક્તિ મજબૂત બનાવે છે.

## સેવા સંકલ્પ અભિયાન

# સેવા મેરા યોગદાન" અંતર્ગત ITI જૂનાગઢ ખાતે "સુરક્ષા સંવાદ" કાર્યક્રમ યોજાયો

| નરેન્દ્ર દવે જૂનાગઢ

વડાપ્રધાન મોદીના ૨૫ વર્ષની સમર્પિત જનસેવાના ઉપલક્ષમાં રાજ્ય સરકાર દ્વારા "સેવા સંકલ્પ અભિયાન : સેવા મેરા યોગદાન"નું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ અભિયાનના ભાગરૂપે ગુજરાત રોડ સેફ્ટી ઓથોરિટી દ્વારા રાજ્યમાં યુવાવર્ગમાં વધતા માર્ગ અકસ્માતોમાં ઘટાડો થાય તેમજ યુવાનોમાં માર્ગ સલામતી અંગે જાગૃતિ કેળવાય તે હેતુથી ઔદ્યોગિક તાલીમ સંસ્થા (ITI) જૂનાગઢ ખાતે આચાર્ય શ્રી ભગીરથસિંહ જાળીયા અને આચાર્ય શ્રી પ્રિયેશ વાળાના માર્ગદર્શન હેઠળ માર્ગ સલામતી અંતર્ગત "સુરક્ષા સંવાદ" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જે ITI, જૂનાગઢ ખાતે BISAGના માધ્યમથી "સુરક્ષા સંવાદ" કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ITI જૂનાગઢના તાલીમાર્થીઓ એ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.કાર્યક્રમ દરમિયાન માર્ગ સલામતીના નિયમો, ટ્રાફિક નિયમોનું પાલન, વાહન ચલાવતી વખતે રાખવાની સાવચેતી, હેલ્મેટ તથા સીટબેલ્ટ ના ઉપયોગ સહિત માર્ગ અકસ્માતો થી બચવા અંગે મહત્વપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ યુવાનોમાં "સુરક્ષિત વાહનચાલન - સુરક્ષિત જીવન" અંગે જાગૃતિ વધારવાનો અને માર્ગ સલામતીના નિયમો નું જવાબદારીપૂર્વક પાલન કરવા પ્રેરિત કરવાનો હતો.

### કાયદા વિભાગમાં ગુજરાત જમીન પચાવી પાડવા (પ્રતિબંધ) અધિનિયમ, ૨૦૨૦'ના અમલીકરણ અને તેની અસરો અંગેનો વિશ્લેષણાત્મક અભ્યાસ વિષય પીએચ.ડી નો અભ્યાસ કર્યો સંપન્ન



| નરેન્દ્ર દવે જૂનાગઢ તા.25,

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સટી, જૂનાગઢ ખાતે આજે કાયદા વિભાગમાં વાળા નિશાંતકુમાર પ્રવિણભાઈનું શોધકાર્ય સંપન્ન થયા બાદ યોજાયેલ આખરી વાઈવાવોશ દરમ્યાન કાયદા શાસ્ત્રમાં પીએચ.ડી અભ્યાસક્રમ નાં વિદ્યાર્થિ વાળા નિશાંતભાઈને બાહ્ય નીરીક્ષકની ઉપસ્થિતીમાં શોધપત્ર પ્રસ્તુત શોધપત્ર ગ્રાહ્ય રહેતા યુનિ.નાં કૂલપતિ પ્રો.ડો. પ્રતાપસિંહજી ચૌહાણે તુરંત પ્રોવિઝનલ પ્રમાણપત્ર સાથે નોટીફિકેશન વિદ્યાર્થીને હાથો હાથ અર્પણ કરી ઉજ્જવળભાવીની શુભકામનાં પાઠવતા જણાવ્યુ હતુ કે શ્રી નિશાંતભાઈનું શોધકાર્ય જ્ઞાનને કાયદાશાસ્ત્રમાં અભ્યાસોત્સુક વિદ્યાર્થીઓને માર્ગદર્શક અને ઉપયોગી બનશે તેવો આશાભાવ વ્યક્ત કરી શ્રી વાળાને મંગળકામનાં પાઠવી હતી. પીએચ.ડીની પ્રોવિઝનલ ડીગ્રી હાંસલ કરનાર વાળા નિશાંતભાઈએ પોતાનાં માર્ગદર્શક ડો. વિજયસિંહ જી. સોઢા પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી તેમનાં અતુલ્ય માર્ગદર્શન બદલ આભાર વ્યક્ત કર્યો હતો. શ્રી નિશાંતભાઈએ યુનિ.નાં શૈક્ષણિક કાર્ય, યુનિ.નાં સ્ટાફની વિદ્યાર્થી હીતની નીતિઓનાં અમલીકરણ અંગે સ્વાનુભવ પ્રતિભાવ વ્યક્ત કરતાં જણાવ્યુ હતુ કે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.માંથી મારી પીએચ.ડીનાં અભ્યાસ ક્ષેત્રે થયેલ અભ્યાસકાળ ફળદાયી બની રહ્યો છે. કુલપતિશ્રી પ્રો. પ્રતાપસિંહજી ચૌહાણે વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસની નિર્માણ કરેલ નુતન તકોનાં કારણે આજે જૂનાગઢની ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ. શિક્ષણનાં ક્ષેત્રમાં આગવી ઓળખ પ્રસ્થાપીત કરી રહી છે. પીએચ.ડી કોર્ષ સંચાલન કો-ઓર્ડીનેટર ડો.ઓમ જોષી, રાહુલ ચૌહાણ, તરલા ચુડાસમા, અને હેતલ કારેથા અને અમિત ટોપનદાસાણી નો પ્રશાંતભાઈએ આભાર વ્યક્ત કર્યો હતો.

# જૂનાગઢમાં 'ડોર-ટુ-ડોર સોલિડ વેસ્ટ વર્ક્સ'ના સ્ટાફ માટે બેઝિક ફાયર સેફ્ટી અને ઈન્ડક્શન તાલીમ યોજાય

| નરેન્દ્ર દવે જૂનાગઢ તા.25.



બહાઉદ્દીન કોલેજની બાજુમાં, કોલેજ રોડ ખાતે આવેલા સૂરજ સિનેપ્લેક્સ હોલમાં 'ડોર-ટુ-ડોર સોલિડ વેસ્ટ વર્ક્સ' ના કર્મચારીઓ માટે બેઝિક ફાયર ઈન્ડક્શન અને સુરક્ષા તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આજે સાંજે ૦૫:૩૦ કલાકે યોજાયેલ આ કાર્યક્રમનો મુખ્ય હેતુ આપત્તિના સમયે સુરક્ષા અને બચાવ કામગીરી અંગે જાગૃતિ લાવવાનો હતો. જૂનાગઢ મહા નગરપાલિકાના ફાયર વિભાગ દ્વારા આ વિશેષ તાલીમ પૂરી પાડવામાં આવી હતી. જેમાં ફાયર વિભાગના નિષ્ણાતો દ્વારા ઉપસ્થિત તમામને આગ અને આપત્તિ વ્યવસ્થાપન અંગે સૈદ્ધાંતિક (થિયરી) તેમજ પ્રાયોગિક (પ્રેક્ટિકલ) બંને પ્રકારનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં આગથી બચવાના મહત્વપૂર્ણ સુરક્ષા પગલાં, અગ્નિકાંડ જેવી વિવિધ આપત્તિઓ દરમિયાન લેવાના ત્વરિત નિર્ણયો અને આપત્તિ પ્રતિસાદ (ઈમરજન્સી રિસ્પોન્સ) માટેની આધુનિક તકનીકો પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. આ તાલીમ શિબિરમાં ૧૩૦ જેટલા કર્મચારીશ્રીઓ અને ૧૫ જેટલા મેનેજમેન્ટ ટીમના સભ્યશ્રીઓએ સક્રિયપણે ભાગ લીધો હતો. આ પહેલનો પ્રાથમિક ઉદ્દેશ્ય હાજર રહેલ દરેક વ્યક્તિ માં ફાયર સેફ્ટી સિસ્ટમના યોગ્ય સંચાલન અંગેની સચોટ જાણકારી પૂરી પાડવાનો અને આગ લાગવાની ઘટનાઓ સમયે સ્વ-બચાવ તથા અન્ય લોકોના જીવ બચાવવાની પ્રક્રિયાથી માહિતગાર કરવાનો હતો.

### જૂનાગઢ પ્રાદેશિક માહિતી કચેરી ખાતે 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત વૃક્ષારોપણ અને સફાઈ ઝુંબેશ યોજાઈ.

| નરેન્દ્ર દવે | જૂનાગઢ

રાજ્યભરમાં ચાલી રહેલા 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત જૂનાગઢ પ્રાદેશિક માહિતી કચેરી ખાતે સફાઈ ઝુંબેશ યોજાઈ હતી. જેમાં કચેરી ના કર્મયોગીઓ ઉત્સાહપૂર્વક જોડાયા હતા અને કચેરી પરિસરની સાફ-સફાઈ કરી હતી. આ સાથે પર્યાવરણ જતનનો સંદેશ આપતા કચેરી પરિસરમાં વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું. આ અભિયાન અંતર્ગત કચેરીના પ્રાંગણમાં નાયબ માહિતી નિયામકશ્રી એન.એમ. મહેતા તેમજ અન્ય અધિકારીઓ અને કર્મચારીઓના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. પ્રકૃતિના સંવર્ધન અને પર્યાવરણ જાગૃતિના સંદેશ સાથે સૌએ છોડનું વાવેતર કરી તેના ઉછેરનો સંકલ્પ લીધો હતો. વૃક્ષારોપણની સાથે-સાથે કચેરી પરિસરમાં સઘન સાફ-સફાઈ ઝુંબેશ પણ હાથ ધરવામાં આવી હતી.

# એન.એસ.એસ.દિવસ નિમિત્તે કામધેનુ યુનિવર્સિટીની વેટરનરી કોલેજ, જૂનાગઢ ખાતે રક્તદાન શિબિર યોજાઈ

| નરેન્દ્ર દવે જૂનાગઢ

રાષ્ટ્રીય સેવા યોજના (NSS) દિવસ-૨૦૨૬ની ઉજવણીના ભાગરૂપે પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, કામધેનુ યુનિવર્સિટી, જૂનાગઢ ખાતે રેડ ક્રોસ સોસાયટી, જુનાગઢના સહયોગથી "રક્તદાન કરો, જીવન બચાવો"ના સંદેશ સાથે રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્વૈચ્છિક રક્તદાનને પ્રોત્સાહન આપવું, રક્તદાનના મહત્વ અંગે જાગૃતિ ફેલાવવી તેમજ વિદ્યાર્થીઓમાં સમાજસેવા અને માનવતાની ભાવના વધુ મજબૂત બનાવવી એ શિબિરનો મુખ્ય ઉદ્દેશ હતો. આ રક્તદાન શિબિર કોલેજના ઈન્ચાર્જ આચાર્યશ્રી ડૉ.એમ.ડી.ઓડેદરાના માર્ગદર્શન હેઠળ યોજાઈ હતી. કાર્યક્રમનું આયોજન ડૉ. એસ.વી.માવદીયા, એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર, વેટરનરી કોલેજ, જૂનાગઢ તથા ડૉ.પાર્થ દેસાઈ, એન. એસ.એસ.પ્રોગ્રામ ઓફિસર, પોલિટેક્નિક ઈન એનિમલ હસબન્ડરી, જૂનાગઢ દ્વારા કરવામાં આવ્યું હતું. શિબિરમાં રેડ ક્રોસ સોસાયટી, જૂનાગઢ દ્વારા તબીબી અને રક્ત સંગ્રહ સંબંધિત સહયોગ પૂરો પાડવામાં આવ્યો હતો. આ પ્રસંગે રેડ ક્રોસ સોસાયટી, જૂનાગઢના ઉપપ્રમુખશ્રી મનીષ આચાર્ય વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. વેટરનરી કોલેજ તથા પોલિટેક્નિકના વિદ્યાર્થીઓ, શિક્ષકો, કર્મચારીઓ અને અન્ય સ્વૈચ્છિક રક્ત દાતાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ પ્રસંગે ઉપસ્થિત સૌએ સ્વૈચ્છિક રક્તદાન ને પ્રોત્સાહન આપવા તથા જરૂરિયાતમંદ દર્દીઓ માટે રક્તદાન કરવા અંગે રક્તદાન પ્રતિજ્ઞા પણ લીધી હતી. રક્તદાન જીવન બચાવવાનું સર્વોત્તમ માનવીય કાર્ય છે અને તંદુરસ્ત વ્યક્તિ દ્વારા કરવામાં આવેલું એક રક્તદાન અનેક જરૂરિયાતમંદ દર્દીઓ માટે જીવનદાયી બની શકે છે તે અંગે પણ જાગૃતિ આપવામાં આવી હતી. રક્તદાન શિબિર દરમિયાન કુલ ૬૪ યુનિટ રક્ત એકત્રિત કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ તથા સ્ટાફના ઉત્સાહપૂર્ણ સહભાગથી એન.એસ.એસ. દિવસની ઉજવણીને સમાજસેવા અને માનવતાના સંદેશ સાથે સાર્થક બનાવવામાં આવી હતી.

# ૧૫ ઓક્ટોબરથી યુપીઆઈ ઉપર લાગનાર MDR (MAXIMUM DEFICIT REGIME)દરેકને સૌથી વધુ નુકસાન કરાવતી વ્યવસ્થા બની રહેશે

નરેન્દ્ર દવે જૂનાગઢ તા.25.

આપણાં દેશની મેક ઈન ઈન્ડિયા પછીની શ્રેષ્ઠ ઉપલબ્ધિ હોય તો એ છે યુપીઆઈની પેમેન્ટ સર્વિસ.૨૪+૭, ૩૬૫ દિવસ ને રાત, ક્યારેય પણ અટક્યા વગર, રૂપિયાની લેતીદેતી માટે, ગામડે ગામડે, શહેરોની ગલીએ ગલીનાં નાનામાં નાના ફેરીયાઓ, શાકભાજીવાળા, ચાની લારીવાળા થી લઈને, નાના મોટા કિરાણા મર્ચન્ટ, હોલસેલ વેપારીઓને મોટા શોરૂમ ધરાવતાં બિઝનેસ ફ્રેન્ચાઈઝીસ કે પછી હોટલ-રેસ્ટોરન્ટમાં જાવ ત્યાં યુપીઆઈ નાં ક્યુઆર કોડની સ્ટેન્ડી ના હોય તો જ નવાઈ લાગે. ટૂંકમાં પેમેન્ટ લેનાર અને આપનાર બંને પક્ષેથી સર્વ સ્વીકૃત પામેલ સૌથી શ્રેષ્ઠ, સૌથી સલામત અને ઝડપી પેમેન્ટ સાથે ફોલ્ટલેસ સર્વિસ તરીકેની ખ્યાતિ ને માન્યતા મેળવેલી પેમેન્ટ સર્વિસ "યુપીઆઈ પેમેન્ટ સર્વિસ" છે.આ સર્વિસ ને વિશ્વ નાં ૧૧ જેટલા દેશો એ સ્વીકારી લીધેલ આપણી આ એકમાત્ર ટેક્નોલોજીને સરકાર દ્વારા આગામી ૧૫ ઓક્ટોબર એટલે કે હિન્દુસ્તાનના સૌથી મોટા તહેવારો નવરાત્રી અને દિવાળીની ખરીદી માટે જ્યારે લોકો અને વેપારીઓ સજ્જ થયાં હોય ત્યારે જ એને ફ્રી સર્વિસને બદલે MDR નામથી ૦.૪૦ પૈસાનો ટેક્સ, ૨૦૦૦ થી ઉપરના પેમેન્ટ માટે લાગુ કરેલ છે. જે તદ્દન અવ્યવહારૂ અને અન્યાયકારી છે.અમારા જીવન આવશ્યક ચીજ વસ્તુઓનાં વેપારમાં ૧ થી ૧.૫ % જેવું પાતળું માર્જીન હોય છે. એમાં પણ યુપીઆઈથી પેમેન્ટ સ્વીકારીને ૦.૪૦ પૈસા એટલે અડધા ટકા જેવું માર્જીન પેમેન્ટ સ્વીકારવામાં જ જતું રહે તો એ કોઈ પણ વેપારીને જરાય ના પોસાય. જેથી એને મળેલ MDR બાદ પછી નું યુપીઆઈ પેમેન્ટ માં લાગેલી ઘટતી રકમની ગ્રાહક પાસેથી એ ઘટ નું બીજું યુપીઆઈ પેમેન્ટ કરાવવાનો આગ્રહ રાખશે ને તો જ એ યુપીઆઈ માં પેમેન્ટ સ્વીકારશે. એવા સંજોગો ચોક્કસ ઉભા થશે જ. જે સરવાળે લોકો એ જ MDR ચુકવવો પડશે તો લોકો જ યુપીઆઈ નો વિરોધ કરીને રોકડ માં પેમેન્ટ કરવાનું શરૂ કરશે એટલે ફરીથી કેશમાં જ વ્યવહારો વધતા સરકાર ની મંશા મુજબ ની કેશલેસ સીસ્ટમ ઉપર જ સીધી વિપરીત અસર થશે એ પણ એટલી જ સ્પષ્ટ વાત છે.હોસ્ટેલમાં રહીને ભણતાં નવયુવાન વિધાર્થીઓ, ઘરમાં એકલા રહેતાં બૂઝૂર્ગો કે જેનાં સંતાનો અન્ય શહેરોમાં નોકરી વ્યવસાય કરે છે વિ વિ ને કિરાણા નું બિલ કે મેશ / હોટલ નું બિલ કે મેડીકલ સ્ટોર ને પેમેન્ટ કરતી વખતે રોકડ ની જરૂરિયાત હોય ત્યારે રોકડ ઉપાડવા માટે બેંકમાં કે એટીએમ માં જવાની જરૂર પડતી નથી. માનવીય આધાર પર એમને એ દુકાનદાર કે હોટલ કે અન્ય જેની સાથે વ્યવહાર હોય એની પાસેથી વધારાનાં યુપીઆઈ પેમેન્ટ ની સામે એ રોકડ રકમ ની ફ્રી માં સુવિધા મળી જતી હતી એ હવે શક્ય નહીં બને. રૂપિયા ૧૦,૦૦૦ ની એક રકમ, લગભગ ૪૦૨ વાર અલગ અલગ વ્યક્તિ ને યુપીઆઈ પેમેન્ટ કરતી વખતે, દરેક ટ્રાન્ઝેક્શન પર લાગતાં MDR ને કારણે ફક્ત ૨,૦૦૦/- રૂપિયા થી પણ ઓછુ, એ ૧૦,૦૦૦ ની રકમ નું MDR થી ઘસાઈ ઘસાઈ ને વાસ્તવિક મૂલ્ય થઈ જાય છે. આમ સરવાળે આ MDR ટેક્સ ફુગાવો વધારનાર જ સાબિત થવાનો છે અને દેશના દરેક લોકોમાં નારાજગી નું કારણ બનશે એ ચોક્કસ છે. સરકારશ્રીને અમારી નમ્ર વિનંતી છે કે તા.૨જી ઓક્ટોબરે ગાંધી જયંતિનાં દિવસે "નો યુપીઆઈ પેમેન્ટ ડે" થી શાંત વિરોધ થવાનો છે તો એ પહેલા જ યુપીઆઈ ને પહેલાની જેમ ફ્રી સર્વિસ તરીકે જ ચાલુ રાખવામાં આવે તેમ ધી જુનાગઢ ગ્રેઈન સીડ્ઝ એન્ડ સુગર મર્ચન્ટ એસોસીએશનના સેક્રેટરીશ્રી નિતેશભાઈ સાગલાણીએ એક યાદીમાં જણાવ્યું છે.

# ગણેશ ઉત્સવ ખૂબ ભક્તિભાવ અને ઉલ્લાસ સાથે ઉજવાયો



| કમલેશ પટેલ. સંખેડા

સંખેડા શહેરના મોટી છીપવાડ વિસ્તારમાં આજે ગણેશ ઉત્સવ ખૂબ ભક્તિભાવ અને ઉલ્લાસ સાથે ઉજવાયો. આ પ્રસંગે ગણપતિ દાદાની ખાસ પૂજા-અર્ચના કરવામાં આવી હતી.અહીં બિરાજમાન ગણપતિ દાદાને 51 દીવડાની સમૂહ મહાઆરતી કરવામાં આવી. એક સાથે 51 દીવડા પ્રગટાવીને આરતી કરાતા આખું વાતાવરણ ભક્તિમય બની ગયું હતું.આરતી પૂરી થયા બાદ ગણપતિ દાદાને 56 ભોગ ધરાવવામાં આવ્યો. પછી બધા ભક્તોને પ્રસાદનું વિતરણ કરાયું હતું.આ ઉત્સવમાં મોટી છીપવાડ યુવક મંડળના કાર્યકરો, સ્થાનિક આગેવાનો અને મોટી સંખ્યામાં ભક્તો હાજર રહ્યા. જેમાં મહિલાઓ, બાળકો અને વડીલો પણ સામેલ હતા. ભક્તોએ ગણપતિ દાદા પાસે સુખ, શાંતિ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી હતી.

## H-1B વિઝા સંકટ: રિયલ એસ્ટેટ માર્કેટમાં મોટો કડાકો: ભારતીય ખરીદદારો ઘટ્યા

# નોકરીઓ જતાં અમેરિકામાં લોન લઈને ઘર ખરીદનારા ભારતીયોની હાલત કફોડી

(એજન્સી) નવી દિલ્હી | તા 25

અમેરિકામાં H-1B વિઝા અને નોકરીની અનિશ્ચિતતાને કારણે ભારતીય પરિવારો માટે નવી મુશ્કેલીઓ ઊભી થઈ છે. ટેક્સાસના ડલાસ-ફોર્ટવર્થ જેવા વિસ્તારોમાં ઘર-ગાડી અને મોર્ગેજની જવાબદારી છતાં અનેક પરિવારોને ભારત પાછા ફરવું પડી રહ્યું છે. સ્થાનિક રિયલ એસ્ટેટ માર્કેટમાં ભારતીય ખરીદદારોનો હિસ્સો 70%થી ઘટીને 30%થી પણ નીચે આવી ગયો છે, જેનાથી પ્રોપર્ટી માર્કેટને મોટો ફટકો પડ્યો છે. DHS દ્વારા 60 દિવસનો ગ્રેસ પીરિયડ રદ કરવાની દરખાસ્તથી અનિશ્ચિતતા વધી છે.

અમેરિકામાં વર્ષોથી સ્થાયી થયેલા ભારતીયો માટે હવે એક નવી અને કડવી વાસ્તવિકતા સામે આવી રહી છે. અમેરિકામાં ઘર અને ગાડી હોવા છતાં, મોર્ગેજની જવાબદારી સાથે અનેક પરિવારોને ભારત પરત ફરવું પડી રહ્યું છે. ખાસ કરીને ટેક્સાસના ડલાસ-ફોર્ટવર્થ (Dallas-Fort Worth) જેવા વિસ્તારોમાં H-1B વિઝા અને નોકરીઓની અનિશ્ચિતતાને કારણે અનેક ભારતીય પરિવારોનું આર્થિક ગણિત ખોરવાઈ ગયું છે.અમેરિકાના ડલાસ અને આસપાસના ઉત્તર ટેક્સાસના શહેરોમાં ભારતીય આઈટી (IT) પ્રોફેશનલોની મોટી કોલોની છે, જે સ્થાનિક રિયલ એસ્ટેટ માર્કેટની માંગનો મુખ્ય આધાર હતા. ખરીદીમાં ઘટાડો: એક સ્થાનિક બિલ્ડરના જણાવ્યા અનુસાર, પહેલાં તેમના લક્ઝરી ઘરોના વેચાણમાં દક્ષિણ એશિયાઈ (મુખ્યત્વે ભારતીય) ખરીદદારોનો હિસ્સો 70% સુધી હતો, જે હવે ઘટીને 30%થી પણ નીચે આવી ગયો છે.કોવિડ સમયનું રોકાણ: કોવિડ દરમિયાન ઘરો સસ્તા હોવાથી અનેક ભારતીયોએ મોટી રકમની મોર્ગેજ લોન લઈને ઘર ખરીદ્યા હતા. પરંતુ હવે નોકરીઓ છૂટી જતાં આ ભારે મોર્ગેજના હપ્તા ભરવા અશક્ય બની ગયા છે.




ઘર વેચવું બન્યું મુશ્કેલ: બમણો આર્થિક માર નોકરી ગયા પછી ઘર વેચીને સુરક્ષિત રીતે પરત ફરવું પણ આ પરિવારો માટે પડકારજનક બની ગયું છે. જેમ કે સમય અને ખર્ચ: ઘર વેચવામાં મહિનાઓનો સમય લાગે છે અને તે દરમિયાન મોર્ગેજ ચાલુ રાખવું પડે છે.બજાર કિંમતમાં ઘટાડો: પ્રોપર્ટીની બજાર કિંમત ઘટવાથી અને લોન ચૂકવવાની બાકી હોવાથી ઘર વેચવા જતાં મોટો આર્થિક ફટકો પડે છે.મજબૂરીનો નિર્ણય: આ સ્થિતિમાં ઘર વેચ્યા વગર કે લોનની જવાબદારી છતાં પરિવારો ઘર મૂકીને ભારત આવવાનો નિર્ણય લઈ રહ્યા છે.કડક વિઝા નિયમો અને 60-દિવસના ગ્રેસ પિરિયડ પર તલવાર વાત માત્ર ટેક્સાસ કે H-1B પૂરતી મર્યાદિત નથી, પરંતુ L-1 જેવા એમ્પ્લોયર-લિંક્ડ વિઝા ધરાવતા લોકો પર પણ અસર પડી છે.DHSની દરખાસ્ત: US Department of Homeland Security દ્વારા H-1B અને L-1 વિઝા ધારકો માટે નોકરી છૂટ્યા પછી મળતા 60 દિવસના ગ્રેસ પીરિયડ (Discretionary Grace Period)ને રદ કરવાની દરખાસ્ત મૂકાઈ છે.વધતી અનિશ્ચિતતા: ભલે આ હજુ માત્ર દરખાસ્ત હોય, પરંતુ આના કારણે અમેરિકામાં કાયદેસર સ્ટેટસ અને નોકરીની સુરક્ષા પર મોટા પ્રશ્નાર્થચિહ્નો ઊભા થયા છે. ગુજરાતના પરિવારો પર અસર અને EB-5 વિઝા તરફ ઝુકાવ ગુજરાત માટે આ વિષય અત્યંત સંવેદનશીલ છે, કારણ કે અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટ જેવા શહેરોના અનેક યુવાનો H-1B વિઝા પર અમેરિકામાં ટેક, એન્જિનિયરિંગ અને મેનેજમેન્ટ ક્ષેત્રે કાર્યરત છે. H-1B અને ગ્રીનકાર્ડની લાંબી રાહ તેમજ અનિશ્ચિતતાના કારણે હવે ગુજરાતમાંથી કાયમી વસવાટ માટે EB-5 (ઈન્વેસ્ટર વિઝા) જેવા વિકલ્પો અંગેની પૂછપરછમાં નોંધપાત્ર વધારો થયો છે.

## બેંક હડતાળ વચ્ચે મોટી રાહત: ૨૭ સપ્ટેમ્બર રવિવારે તમામ જાહેર ક્ષેત્રની બેંકો ખુલ્લી રહેશે

(એજન્સી) નવી દિલ્હી | તા 25

આગામી દિવસોમાં યોજાનારી ત્રણ દિવસીય દેશવ્યાપી બેંક હડતાળને ધ્યાનમાં રાખીને સરકારે ગ્રાહકોની સુવિધા માટે એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. સામાન્ય રીતે રવિવારે બેંકોમાં રજા હોય છે, પરંતુ 27 સપ્ટેમ્બર, 2026 (રવિવાર) ના રોજ તમામ જાહેર ક્ષેત્રની બેંકો (PSBs) અને પ્રાદેશિક ગ્રામીણ બેંકો (RRBs) સામાન્ય દિવસોની જેમ જ ખુલ્લી રહેશે.સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI), બેંક ઓફ બરોડા, કેનેરા બેંક અને સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા જેવી મુખ્ય બેંકોએ ગ્રાહકોને મેસેજ દ્વારા જાણ કરી છે. બેંક હડતાળના કારણે ગ્રાહકોના મહત્વના કામો બાકી ના રહે માટે કેટલીક બેંકોએ અગાઉથી તેમના કામ પતાવવાની સલાહ આપી. ખાસ કરીને જાહેર ક્ષેત્રની બેંકોએ અગાઉથી તેમને મેસેજ દ્વારા સૂચના આપી કામ પતાવવાની સલાહ આપી હતી. 28 થી 30 સપ્ટેમ્બર હડતાળના દિવસો હોવાથી દરમિયાન શાખા સેવાઓ પ્રભાવિત થઈ શકે છે, તેથી 27 સપ્ટેમ્બર રવિવારના રોજ જ જરૂરી કામકાજ પૂર્ણ કરી લેવું.પ્રિય ગ્રાહક, 28 થી 30 સપ્ટેમ્બર, 2026 દરમિયાન પ્રસ્તાવિત રાષ્ટ્રવ્યાપી બેંક હડતાળને કારણે બેંકિંગ સેવાઓ પ્રભાવિત થઈ શકે છે.

# News Brief

### એક્સિસ મ્યુચ્યુઅલ ફંડે પોતાની સ્કીમ ગ્રિપ ઇન્વેસ્ટના પ્લેટફોર્મ પર ઓફર કરવા એની સાથે જોડાણ કર્યું

મુંબઈ : ભારતની અગ્રણી એસેટ મેનેજમેન્ટ કંપનીઓ પૈકીની એક એક્સિસ મ્યુચ્યુઅલ ફંડે ભારતના ફિક્સ્ડ-ઈન્કમ ઈન્વેસ્ટમેન્ટ્સ પ્લેટફોર્મ્સ પૈકીના એક ગ્રિપ ઈન્વેસ્ટ સાથે જોડાણ કરવાની જાહેરાત કરી હતી. એક્સિસ મ્યુચ્યુઅલ ફંડની વિવિધ સ્કીમ ગ્રિપ ઈન્વેસ્ટ એપ પર રોકાણ માટે ઉપલબ્ધ થશે.એક્સિસ મ્યુચ્યુઅલ ફંડે વ્યૂહાત્મક ફિન્ટેક જોડાણો મારફતે એની ડિજિટલ વિતરણની કામગીરી વધારવાનું જાળવી રાખ્યું છે, જે રોકાણકારો માટે રોકાણને વધારે સુલભ, સરળ અને સુવિધાજનક બનાવે છે. ગ્રિપ ઈન્વેસ્ટ સાથે ભાગીદારી રોકાણકારોને વિવિધ પ્લેટફોર્મ મારફતે રોકાણના બહોળા સોલ્યુશન મેળવવા સક્ષમ બનાવવાની એક્સિસ મ્યુચ્યુઅલ ફંડની ફિલોસોફી સાથે સુસંગત છે. ગ્રિપ ઈન્વેસ્ટ મારફતે રોકાણકારો એક્સિસ મ્યુચ્યુઅલ ફંડની પસંદગીની ઈક્વિટી, ડેટ અને ગોલ્ડ ફંડની ઓફરમાં રોકાણ કરવાની સુવિધા મેળવી શકશે, જે તેમને તેમના નાણાકીય લક્ષ્યાંકો અને પસંદગી સાથે સુસંગત વિવિધતાસભર પોર્ટફોલિયો બનાવવામાં મદદરૂપ થશે.આ એપ ઓટોમેટિક ફરી રોકાણ કરવાની ઓફર કરશે, જેથી રોકાણકાર બોન્ડ-રોકાણમાંથી પ્રાપ્ત વળતરનું રોકાણ એક્સિસ મ્યુચ્યુઅલ ફંડની સ્કીમમાં કરી શકશે. પુનઃરોકાણ પ્રક્રિયાને ઓટોમેટિક કરવા આ ખાસિયત શિસ્તબદ્ધ રોકાણને પ્રોત્સાહન આપવા અને ચક્રવૃદ્ધિ આવક મારફતે લાંબા ગાળે સંપત્તિનું સર્જન કરવાના રોકાણકારના લક્ષ્યને પૂર્ણ કરવામાં મદદ કરશે.

### ગોદરેજ લિટરેચર લાઈવ! ધ મુંબઈ લિટફેસ્ટ 2026: લેખનની અદ્ભુત કળાનો ઉત્સવ

અમદાવાદ : મુંબઈ શહેરનો પોતાનો આ લોકપ્રિય સાહિત્ય ઉત્સવ છેલ્લાં 16 વર્ષથી શહેરની સંસ્કૃતિને વધુ સમૃદ્ધ બનાવી રહ્યો છે. દર વર્ષે આયોજિત થતો આ મહોત્સવ લેખકો, વિચારકો, કલાકારો અને સાહિત્યપ્રેમીઓ અને વિવિધ વય, રસ અને વિચારસરણી ધરાવતા શ્રોતાઓને એક મંચ પર લાવી અર્થસભર ચર્ચા-વિચારણા કરવાનો સુંદર અવસર પૂરો પાડે છે. 2026ની આ એડિશન 23થી 25 ઓક્ટોબર દરમિયાન દરિયા કિનારે આવેલા તેના કાયમી સ્થળ નેશનલ સેન્ટર ફોર ધ પરફોર્મિંગ આર્ટ્સ (એનસીપીએ) ખાતે યોજાશે. આ વખતે 17મી આવૃત્તિમાં ગોદરેજ ઈન્ડસ્ટ્રીઝ ગ્રુપ ટાઈટલ પાર્ટનર તરીકે જોડાતાં આ મહોત્સવમાં એક નવા અને રોમાંચક પ્રકરણનો પ્રારંભ થયો છે. એક સદીથી પણ વધુ સમયથી, ગોદરેજ કળા અને ઉદ્યોગ તેમજ કવિતા અને પ્રગતિનો અદભૂત સમન્વય સાધીને 'જીનિયસ ઓફ &'ના વિચારને સાકાર કરી રહ્યું છે. આ વર્ષે, આ સમૂહની 'ક્રાફ્ટિંગ ટુમોરો' (આવતીકાલનું ઘડતર)ની નવી વિભાવના સાહિત્ય ઉત્સવના ડીએનએ સાથે સંપૂર્ણપણે સુસંગત થાય છે, જે દેશના સૌથી પ્રગતિશીલ સાહિત્યિક મહોત્સવો પૈકીના એકના નિર્માતા તરીકેની લાંબા ગાળાની ભાગીદારીની શરૂઆત છે.

### રેમન્ડે એરક્રાફ્ટ સ્ટ્રક્ચર સેગમેન્ટમાં પ્રવેશ કરીને પોતાની એરોસ્પેસ ક્ષમતા વધારી

મુંબઈ : રેમન્ડ લિમિટેડે પોતાના એરોસ્પેસ અને સંરક્ષણ ક્ષેત્રમાં પોતાની સફરમાં એક મોટું સીમાચિહ્ન સર કર્યું છે. તેની પેટાકંપનીઓ JK Maini Global Aerospace Limited એક મોટા સ્વદેશી યુદ્ધ વિમાન પ્રોગ્રામ માટે વિંગ સ્ટ્રક્ચર અને સેન્ટર ફ્યૂઝલેઝ સ્ટ્રક્ચરની એસેમ્બલી માટે એક અગ્રણી ભારતીય એરોસ્પેસ અને ડિફેન્સ OEM દ્વારા હાથ ધરવામાં આવેલી ટેન્ડર પ્રક્રિયામાં સફળ બિડર તરીકે બહાર આવવામાં સફળ રહી છે. આ ડેવલપમેન્ટ રેમન્ડની એરક્રાફ્ટ સ્ટ્રક્ચર વર્ટિકલમાં સૂચિત પ્રવેશને દર્શાવે છે, જેથી એની સટિક ઉત્પાદન ક્ષમતા વધીને વધારે જટિલ, વધારે મૂલ્યનું સર્જન કરતા એરક્રાફ્ટ એસેમ્બલી સુધી પહોંચી જશે. વધારે મહત્વપૂર્ણ વાત એ છે કે, આ પ્રોગ્રામનો ઉદ્દેશ ગ્રાહકના હાલના માળખાનો ઉપયોગ કરવાનો છે, જેથી રેમન્ડ ક્ષમતા વિકસાવી શકે અને મૂડીનો અસરકારક ઉપયોગ કરવાના અભિગમને જાળવીને અમલીકરણને વિશ્વસનિય બનાવી શકે. રેમન્ડ ગ્રૂપના ગ્રૂપ સીએફઓ રાકેશ તિવારીએ કહ્યું હતું : "આ તક વ્યૂહાત્મક સ્વરૂપે એના તાત્કાલિક વ્યવસાયની સંભવિતતાથી ઘણી મોટી છે. આ રેમન્ડને ઊંચું મૂલ્ય ધરાવતા એરક્રાફ્ટ માળખાના સેગમેન્ટમાં પ્રવેશ કરવાની તક આપે છે, તો સાથે સાથે એની મૂડીની અસરકારક ક્ષમતાને જાળવે છે.

### Vi મફત ઇન્ટરનેશનલ રોમિંગની સુવિધા સાથે મુસાફરીના અનુભવમાં મોટું પરિવર્તન લાવી

મુંબઈ : Vi એ તેની નવી બ્રાન્ડ પ્રોમિસ "Vi પે સબ હૈ વીઆઈપી" ને ગ્રાહકો માટે વાસ્તવિક લાભમાં ફેરવે તેવી એક નવી અને નોંધપાત્ર સુવિધાની આજે જાહેરાત કરી છે. આ અંતર્ગત પસંદગીના પોસ્ટપેઈડ, પ્રીપેઈડ અને એન્ટરપ્રાઈઝ પ્લાન્સ સાથે મફત ઈન્ટરનેશનલ રોમિંગની સુવિધા આપવામાં આવશે. આ નવી સુવિધા સાથે હવે ગ્રાહકો અને તેમના પરિવારના સભ્યો વિશ્વના 170થી વધુ દેશોમાં મુસાફરી દરમિયાન મફતમાં એકબીજા સાથે જોડાયેલા રહી શકશે.દાયકાઓથી વિદેશ પ્રવાસ દરમિયાન મોબાઈલ કનેક્ટિવિટી જાળવી રાખવા માટે લોકોને એકથી વધુ સિમ કાર્ડ સાથે રાખવા પડતા હતા, મુસાફરી પહેલાં સ્થાનિક અથવા ટ્રાવેલ સિમ ખરીદવા પડતા હતા, પોતાના ભારતીય મોબાઈલ નંબરનો ઉપયોગ કરવાની સુવિધા ગુમાવવી પડતી હતી, મહત્વપૂર્ણ ઓટીપી મળતા ન હતા, અસુરક્ષિત જાહેર અથવા મફત વાઈ-ફાઈ પર નિર્ભર રહેવું પડતું હતું, લાંબી અને કંટાળાજનક દસ્તાવેજી પ્રક્રિયામાંથી પસાર થવું પડતું હતું અથવા અચાનક આવતા રોમિંગ બિલની ચિંતા કરવી પડતી હતી. Vi હવે આ સમગ્ર અનુભવને નવી રીતે રજૂ કરી રહી છે અને ગ્રાહકો માટે તેને સરળ બનાવી રહી છે.

## FD ધરાવતા ગ્રાહકોને YONOથી મળશે Secured Credit Card,

મુંબઈ : તહેવારોની સીઝન શરૂ થાય તે પહેલાં SBI Cardએ પોતાના ગ્રાહકો માટે એક નવી અને સુવિધાજનક સુવિધાની જાહેરાત કરી છે. કંપનીએ FD-બેક્ડ (Fixed Deposit-backed) 'Advantage SBI Card' માટે ડિજિટલ અરજીની સુવિધા SBI YONO એપ પર શરૂ કરી છે. 23 સપ્ટેમ્બરે કરવામાં આવેલી જાહેરાત મુજબ, જે ગ્રાહકોનું SBIમાં ફિક્સ્ડ ડિપોઝિટ છે, તેઓ હવે કોઈ કાગળની કાર્યવાહી કર્યા વગર સીધા YONO એપ દ્વારા સિક્યોર્ડ ક્રેડિટ કાર્ડ માટે અરજી કરી શકે છે.SBI Cardએ પોતાના સિક્યોર્ડ કાર્ડ હેઠળ ગ્રાહકોને ચાર અલગ-અલગ વેરિઅન્ટમાંથી પસંદગી કરવાનો વિકલ્પ આપ્યો છે. તેમાં SBI Card Elite, SBI Card Prime, SimplyClick SBI Card અને SimplySAVE SBI Card સામેલ છે. આ નવી સુવિધાનો સૌથી મોટો ફાયદો એ છે કે ગ્રાહકોને આ કાર્ડ માટે અલગથી પ્રક્રિયા કરવા માટે ક્યાંય જવું નહીં પડે. તેઓ સીધા SBIના મુખ્ય બેંકિંગ પ્લેટફોર્મ પરથી જ અરજી કરી શકશે. સિક્યોર્ડ ક્રેડિટ કાર્ડ એવું કાર્ડ છે જે બેંકમાં જમા તમારી FD (ફિક્સ્ડ ડિપોઝિટ) ની સુરક્ષાના આધારે આપવામાં આવે છે. એટલે કે તમારી FD બેંક પાસે ગેરંટી અથવા જામીન તરીકે કામ કરે છે. SBI Cardનું માનવું છે કે આ સુવિધાથી પહેલીવાર ક્રેડિટ કાર્ડ લેનારા લોકો અથવા પોતાનો ક્રેડિટ સ્કોર (CIBIL Score) સુધારવા કે મજબૂત કરવા માંગતા લોકો માટે ક્રેડિટ મેળવવાનો માર્ગ સરળ બની શકે છે. જોકે, આ યોજના માટે કયા ગ્રાહકો પાત્ર રહેશે તે અંગે કંપનીએ હજુ સ્પષ્ટ માહિતી આપી નથી.

### સપ્ટેમ્બરમાં ૩૭ એસએમઈ IPO આવ્યા, જે એક મહિનાનો સૌથી મોટો આંકડો

## 30 વર્ષ પછી સપ્ટેમ્બરમાં સૌથી વધુ IPO મૂડીબજારમાં પ્રવેશ્યા

અમદાવાદ : શેરબજારમાં વિદેશી રોકાણકારોની વેચવાલી અને ક્રૂડ ઓઈલના ભાવમાં તેજીથી સર્જાયેલી ભારે વોલેટાલિટી વચ્ચે પણ આઈપીઓ માર્કેટમાં જબરદસ્ત તેજી જોવા મળી રહી છે. સપ્ટેમ્બર મહિનો છેલ્લાં લગભગ ૩૦ વર્ષોમાં મેનબોર્ડ ઈનિશિયલ પબ્લિક ઑફરિંગ (આઈપીઓ) માટે સૌથી વ્યસ્ત મહિનો બનીને ઊભરી આવ્યો છે.આ મહિને એટલે કે સપ્ટેમ્બરમાં અત્યાર સુધીમાં ૩૦ આઈપીઓ આવી ચૂક્યા છે. આ આંકડો ડિસેમ્બર ૧૯૯૬ પછી કોઈપણ એક મહિનાનો સૌથી મોટો આંકડો છે. ડિસેમ્બર ૧૯૯૬માં એક જ મહિનામાં ૩૩ આઈપીઓ આવ્યા હતા.આ મહિને આઈપીઓ દ્વારા ફંડ (ભંડોળ) એકત્ર કરવામાં પણ ભારે તેજી જોવા મળી છે. મેનબોર્ડ આઈપીઓ દ્વારા કંપનીઓએ આશરે રૂ. ૩૮,૭૮૫ કરોડ એકત્ર કર્યા છે. ગયા વર્ષે ઓક્ટોબર પછી કોઈપણ એક મહિનામાં એકત્ર કરાયેલી આ સૌથી મોટી રકમ છે. ગયા વર્ષે ઓક્ટોબરમાં ૧૦ આઈપીઓ દ્વારા રૂ. ૪૫,૧૮૮ કરોડ એકત્ર કરવામાં આવ્યા હતા.આ વર્ષે નેશનલ સ્ટોક એક્સચેન્જનો રૂ. ૨૨,૫૬૧ કરોડનો ઈશ્યૂ આ મહિને એકત્ર થયેલી કુલ રકમમાં સૌથી મોટો ઈશ્યુ છે. આ મહિને આવેલા ૩૦ આઈપીઓમાંથી ૨૪ આઈપીઓ નાના કદના હતા, જેનું સરેરાશ કદ આશરે રૂ. ૪૦૦ કરોડ રહ્યું હતું. મેનબોર્ડ આઈપીઓની સાથોસાથ આ વખતે સ્મોલ એન્ડ મીડિયમ એન્ટરપ્રાઈઝ (એસએમઈ) સેગમેન્ટમાં પણ હિલચાલ ખૂબ તેજ રહી છે. સપ્ટેમ્બરમાં ૩૭ એસએમઈ આઈપીઓ આવ્યા હતા, જે ગયા વર્ષે આજ મહિના પછી એક મહિનાનો સૌથી મોટો આંકડો છે. આ આઈપીઓદ્વારા લગભગ રૂ. ૧,૪૮૬ કરોડ એકત્ર કરવામાં આવ્યા, જેનાથી નાની કંપનીઓને શેરબજારમાંથી મૂડી ઊભી કરવાની સીધી તક મળી છે.

## યુજેનિક્સ હેર સાયન્સિસ બેંગાલુરુમાં વિશ્વસ્તરીય હેર રિસ્ટોરેશનની સુવિધા લાવે છે

બેંગાલુરુ | ભારતની અગ્રણી સ્પેશિયલાઈઝ્ડ હેર રિસ્ટોરેશન સંસ્થાઓમાંની એક યૂજેનિક્સ હેર સાયન્સિસે આજે બેંગાલુરુમાં પ્રવેશ કર્યાની જાહેરાત કરી હતી. કર્ણાટકના મુખ્યમંત્રી શ્રી ડી.કે. શિવકુમારે અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ નવા સેન્ટરનું ઉદ્ઘાટન કર્યું હતું. આ નવા સેન્ટરની શરૂઆત સાથે યૂજેનિક્સે કર્ણાટકના પાટનગરમાં પોતાની હાજરી વિસ્તારી છે. અહીં અદ્યતન ક્લિનિકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, અનુભવી ડૉક્ટર્સ અને ડૉક્ટરની સીધી દેખરેખ હેઠળ હેર રિસ્ટોરેશનની સારવારની સુવિધા એક જ સ્થળે ઉપલબ્ધ થશે.ફેધરલાઈટ વેન્ટેજ, 100 ફીટ રોડ, ડોમલુર ખાતે આવેલું આ મલ્ટી-ફ્લૉર સેન્ટર 6,000 ચોરસ ફૂટથી વધુ વિસ્તારમાં ફેલાયેલું છે અને તેમાં છ ઓપરેશન થિયેટર છે. બેંગાલુરુનું આ સેન્ટર દેશમાં યૂજેનિક્સનું પાંચમું સેન્ટર છે. આ પહેલાં યૂજેનિક્સ ગુરુગ્રામ, મુંબઈ, હૈદરાબાદ અને ભુવનેશ્વરમાં ફેસિલિટીઝ ધરાવે છે. નવા સેન્ટર દ્વારા બેંગાલુરુ તેમજ સમગ્ર કર્ણાટકના દર્દીઓને યૂજેનિક્સની વિશેષ સારવાર સેવાઓ તેમના નજીકના સ્થળે મળી શકશે.ઉદ્ઘાટન પ્રસંગે કર્ણાટકના મુખ્યમંત્રી શ્રી ડી.કે. શિવકુમારે જણાવ્યું હતું કે, "મારા વ્યસ્ત કાર્યક્રમો વચ્ચે પણ આજે અહીં હાજર રહીને હું ડૉ. પ્રદીપ અને ડૉ. અરીકાને બેંગાલુરુમાં યૂજેનિક્સ લાવવા બદલ વ્યક્તિગત રીતે અભિનંદન આપવા ઈચ્છતો હતો. કર્ણાટકે હંમેશાં મોટાં સપનાં જોયાં છે. ભારતની સિલિકોન વેલી બનવાથી લઈને આઈટી, એરોસ્પેસ અને બાયોટેક્નોલોજી, હોસ્પિટાલિટી તેમજ સ્પેશિયલાઈઝ્ડ હેલ્થકેર ક્ષેત્રે અમે દેશનું નેતૃત્વ કર્યું છે. આ વારસાના ભાગરૂપે યૂજેનિક્સ મેડિકલ ટૂરિઝમ પર ભાર મૂકે છે અને વિશ્વસ્તરીય, ડૉક્ટરની સીધી દેખરેખ હેઠળની નિષ્ણાંત સારવાર બેંગાલુરુમાં લાવી રહ્યું છે તે જાણીને મને આનંદ થયો. તેનાથી સમગ્ર ભારત અને વિદેશના દર્દીઓને પણ બેંગાલુરુ પસંદ કરવાનું વધુ એક કારણ મળશે. હું યૂજેનિક્સનું હાર્દિક સ્વાગત કરું છું અને ડૉ. પ્રદીપ, ડૉ. અરીકા તથા તેમની સમગ્ર ટીમને આ સંસ્થાને સતત આગળ વધારવા માટે ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવું છું."બેંગાલુરુમાં નવા સેન્ટરની શરૂઆત યૂજેનિક્સની સફરમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન છે. લગભગ બે દાયકા પહેલાં ઋષિકેશની એક નાની બેઝમેન્ટ ક્લિનિકથી શરૂ થયેલી આ સંસ્થા આજે ભારત અને વિદેશના દર્દીઓને સારવાર પૂરી પાડતી સંસ્થા બની છે. નવા સેન્ટર દ્વારા શહેરના દર્દીઓની લાંબા સમયથી રહેલી જરૂરિયાત પણ પૂરી થશે.

## પુણેમાં UCI રોડ વર્લ્ડ ચેમ્પીયનશિપ 2032 યોજવા માટેનું ભારતે બીડ જીતી

મુંબઈ : પુણેએ UCI રોડ વર્લ્ડ ચેમ્પીયનશિપ 2032ના આયોજન માટેની બીડ જીતી લીધી છે, જે સાયક્લીંગના વૈશ્વિક નિરુપણને ભારતમાં સૌપ્રથમ વખત લાવશે અને મહારાષ્ટ્ર માટે એક સીમાચિન્હ ક્ષણને અને દેશની સ્પોર્ટીંહ મહત્ત્વાકાંક્ષાઓને અંકિત કરે છે. આ ઐતિહાસિક બીડ એ ભારત સરકારના સમર્થનથી મહારાષ્ટ્ર સરકાર અને સાયક્લીંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા (CFI) એમ બન્નેનો સંયુક્ત પ્રયાસ છે, જેણે પુણેને વૈશ્વિક સાયક્લીંગ સ્થળ તરીકે સ્થાપિત કરવાના અને મહારાષ્ટ્રના અને ભારતના સમગ્ર જિલ્લાઓમાં સાયક્લીંગના લાંબા ગાળાના વારસાનું સર્જન કરવાના વિભાજિત વિઝનની આસાપાસ નિર્માણ કર્યું છે.યુનિયન સાયક્લીસ્ટ ઈન્ટરનેશલના પ્રેસિડન્ટ ડેવીડ લેપરટિયન્ટએ જણાવ્યું હતું કે: "પુણે જિલ્લા કલેક્ટર શ્રી જિતેન્દ્ર દુડીના નેતૃત્વ હેઠળના પ્રતિનિધિ મંડળ દ્વારા UCI મેનેજમેન્ટ કમિટી સમક્ષ રજૂ કરવામાં આવેલો 'બજાજ પુણે ગ્રાન્ડ ટૂર' અંગેનો અહેવાલ અત્યંત પ્રોત્સાહક છે. સાયક્લીંગ નવા ક્ષેત્રોમાં સતત વિકસી રહ્યું છે, જ્યાં તે એક અગ્રણી રમત બનવાની ક્ષમતા ધરાવે છે. ભારત એવો દેશ




છે જ્યાં મુખ્ય હિતધારકોની પ્રતિબદ્ધતા અને ઉત્સાહને કારણે આ રમતનું ભવિષ્ય ઉજ્જવળ છે.."પુણેના જિલ્લા કલેક્ટર જીતેન્દ્ર ડુડીએ જણાવ્યું હતું કે: "આ પુણે માટે એક નિર્ણાયક ક્ષણ છે અને મહારાષ્ટ્ર સરકાર અને સાયક્લીંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા વચ્ચેના સહિયારા વિઝનનું પરિણામ છે. UCI રોડ વર્લ્ડ ચેમ્પિયનશિપનું આયોજન ફક્ત સાયક્લીંગ સ્પર્ધાનું આયોજન કરવા વિશે નથી; તે પુણે અને ભારતને આંતરરાષ્ટ્રીય સાયક્લીંગના સૌથી દૃશ્યમાન વાર્ષિક તબક્કાઓમાંના એક પર મૂકે છે, જે ઉચ્ચ રમત, સામૂહિક જાહેર ભાગીદારી, વૈશ્વિક પ્રસારણ, પ્રવાસન, આર્થિક પ્રભાવ અને ડેસ્ટિનેશન બ્રાન્ડિંગને એકસાથે લાવે છે. વધુ મહત્ત્વની વાત એ છે કે તે પુણેને વૈશ્વિક શહેર તરીકે તેની ઓળખ મજબૂત કરવાની અને ભારતમાં સાયક્લીંગ અને રમતગમત માટે કાયમી વારસો છોડવાની તક આપે છે."સાયક્લીંગ ફેડરેશન ઓફ ઈન્ડિયાના સેક્રેટરી જનરલ મનિન્દર પાલ સિંહએ જણાવ્યું હતું કે: "ભારતીય સાયક્લીંગ માટે, આ ભાગીદારીથી પ્રદર્શન તરફ અને આંતરરાષ્ટ્રીય સ્પર્ધાનું આયોજન કરવાથી સાયક્લીંગની વૈશ્વિક વાતચીતનો ભાગ બનવાની તક છે.

### લોન સાથે બિનજરૂરી વીમા વેચાણ પર સખત પ્રતિબંધ

## હેલ્થ અને વાહન ઈન્સ્યોરન્સ સસ્તા થશે, એજન્ટોના કમિશન પર સંકજો કસવાની સરકારની તૈયારી

(એજન્સી) નવી દિલ્હી | તા 25

ઈરડાએ વીમાધારકોના હિતમાં મોટો નિર્ણય લીધો છે. મોટર અને હેલ્થ ઈન્સ્યોરન્સ પર ડિસ્ટ્રિબ્યુટર-એજન્ટના કમિશનમાં ઘટાડો સૂચવ્યો છે. હેલ્થ ઈન્સ્યોરન્સ પર 40% કમિશન ઘટાડી 15% કરાશે. આનાથી ગ્રાહકોને પ્રીમિયમમાં સીધો ફાયદો મળશે. લોન સાથે બિનજરૂરી વીમાના વેચાણ પર પ્રતિબંધ મૂક્યો છે. કાર ડીલરોનું કમિશન પણ 15% કરાશે અને 'વીમા સુગમ પોર્ટલ' ફરજિયાત બનાવાશે. ભારતીય વીમા નિયમન અને વિકાસ પ્રાધિકરણ (ઈરડા) ઈન્શ્યોરન્સ સેક્ટરને વધુ પારદર્શક બનાવવા અને ગ્રાહકો પર બોજ ઘટાડવા માટે એક મોટો પ્રસ્તાવ લઈને આવ્યું છે. ઈરડાએ એક નવો મુસદ્દો (ડ્રાફ્ટ) જારી કર્યો છે, જે મુજબ મોટર ઈન્સ્યોરન્સથી લઈને હેલ્થ ઈન્સ્યોરન્સ સુધીના વીમા પર ડિસ્ટ્રિબ્યુટર અને એજન્ટોને મળતું કમિશન ઘટાડવામાં આવશે. આ નિયમો લાગુ થવાથી વીમા ધારકો અને ગ્રાહકોને મોટો આર્થિક ફાયદો અને રાહત મળશે.ભૌગોલિક નકશા તપાસો હાલમાં હેલ્થ ઈન્સ્યોરન્સ ખરીદવા પર ડિસ્ટ્રિબ્યુટર અને એજન્ટ બંનેને મોટું કમિશન મળે છે, જેમાં પહેલા વર્ષે ડિસ્ટ્રિબ્યુટરને 40 ટકા સુધીનું કમિશન અપાય છે. ઈરડાએ આ કમિશનને ઘટાડીને 15 ટકા કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે, જ્યારે એજન્ટોને પહેલા વર્ષે 20 ટકા કમિશન મળશે. આ ઉપરાંત, પોલિસી




રિન્યુઅલ વખતે ડિસ્ટ્રિબ્યુટરને 5 ટકા અને એજન્ટને 10 ટકા કમિશન આપવાની વાત કહેવામાં આવી છે. અગાઉ રિન્યુઅલ સમયે પણ 10થી 15 ટકા સુધી કમિશન વસૂલાતું હતું. જાણકારોના મતે, અગાઉ જીએસટીમાં ઘટાડાનો ફાયદો ગ્રાહકોને સીધો નથી મળ્યો, પરંતુ હવે આ નવા નિયમોથી ગ્રાહકોને પ્રીમિયમમાં સીધો લાભ મળી શકશે. ઈરડાએ મિસ-સેલિંગ (ગેરમાર્ગે દોરીને વીમો વેચવાની પ્રથા) સામે પણ લાલ આંખ કરી છે. નવા નિયમ અનુસાર, હવે બેંકમાંથી લોન લેતી વખતે ગ્રાહકોને કોઈપણ પ્રકારનો બિનજરૂરી અથવા ફરજિયાત ન હોય તેવો વીમો વેચવા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવશે. આ પગલાથી લોન લેનારા સામાન્ય ગ્રાહકોને મોટી રાહત મળશે અને તેઓ બિનજરૂરી વીમાના ખર્ચથી બચી શકશે.છેલ્લા બે વર્ષમાં મોટર ઈન્સ્યોરન્સના પ્રીમિયમમાં 34 ટકા અને તેના કમિશનમાં 259 ટકા સુધીનો જંગી વધારો જોવા મળ્યો છે.

### એમેઝોન ગ્રેટ ઈન્ડિયન ફેસ્ટિવલ 2026

## વર્ષની સૌથી ઓછી કિંમતો સાથે પ્રારંભિક ડીલ્સ હવે Amazon.in પર લાઈવ

(એજન્સી) બેંગલુરુ | તા 25

એમેઝોન ગ્રેટ ઈન્ડિયન ફેસ્ટિવલ માટે પ્રારંભિક ડીલ્સ હવે Amazon.in પર લાઈવ છે, જે લાખો ઉત્પાદનો પર વર્ષના સૌથી ઓછા ભાવ લાવે છે. ખરીદદારો સ્માર્ટફોન, ઈલેક્ટ્રોનિક્સ, ફેશન, સુંદરતા, ઘર અને રસોડું, રોજિંદા આવશ્યક વસ્તુઓ અને વધુમાં સૌથી ઝડપી ગતિએ વિતરિત વ્યાપક પસંદગી સાથે બચતને અનલૉક કરી શકે છે. ગ્રાહકોને SBI ક્રેડિટ અને ડેબિટ કાર્ડ્સ અને EMI વ્યવહારો સાથે 10% ત્વરિત ડિસ્કાઉન્ટ મળે છે. એમેઝોન ગ્રેટ ઈન્ડિયન ફેસ્ટિવલ 2026 દરમિયાન ખરીદી કરતી વખતે પ્રાઈમ સભ્યોને 10% સુધીના વધારાના લાભો મળે છે. એમેઝોન પે દરેક પગલા પર ઉત્સવની ખરીદીને વધુ ફળદાયી બનાવે છે; એમેઝોન પે ICICI બેંક ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરતા ગ્રાહકો પ્રાઈમ સભ્યો તરીકે અમર્યાદિત 5% કેશબેક અને નોન-પ્રાઈમ સભ્યો તરીકે 3% કેશબેક મેળવે છે, સાથે જ 2,500 રૂપિયા સુધીના સ્વાગત પુરસ્કારો અને શૂન્ય જોડાવા અને વાર્ષિક ફી પણ મળે છે. એમેઝોન પે લેટર સાથે, ગ્રાહકો વિવિધ ખરીદીઓ પર 10% કેશબેક મેળવી શકે છે અને 1,500 રૂપિયા અને તેથી વધુના કાર્ટ મૂલ્ય પર 3 વ્યાજમુક્ત EMI માં ચૂકવણી કરી શકે છે, શૂન્ય પ્રોસેસિંગ ફી સાથે. રોજિંદા ખર્ચ પણ વધુ આગળ વધે છે, ફેશન, બ્યુટી, હોમ અને કિચન કેટેગરીમાં 300 રૂપિયા અને તેથી વધુના એમેઝોન પે બેલેન્સ ઓર્ડર પર ફ્લેટ INR 20 કેશબેક સાથે, બિલ ચુકવણી પર પહેલી વાર ખરીદનારાઓ માટે INR 500 સુધીના પુરસ્કારો અને રિચાર્જ અને બિલ પર INR 50 સુધીના વળતર સાથે. ઉત્સવની રજાઓનું આયોજન કરતા લોકો માટે, એમેઝોન પે ICICI બેંક ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરતા પ્રાઈમ સભ્યો ફ્લાઈટ્સ અને હોટલ પર 5% કેશબેક સાથે 15% સુધીની છૂટનો આનંદ માણે છે.ગ્રાહકો એમેઝોન નાઉ પર મિનિટોમાં અતિ ઝડપી ડિલિવર કરાયેલા હજારો ઉત્પાદનો પર પ્રારંભિક ડીલ્સનો લાભ લઈ શકે છે, જે 10 અઠવાડિયાથી ઓછા સમયમાં ચાર ગણા શહેરોમાં વિસ્તર્યું છે, જે 65 થી વધુ ભારતીય શહેરો અને નગરોમાં મિનિટોમાં ડિલિવરી પહોંચાડે છે. ગ્રાહકો ઝડપી ડિલિવરીનો આનંદ માણી રહ્યા છે, એક જ દિવસે દસ લાખથી વધુ ઉત્પાદનો, બીજા દિવસે ચાર મિલિયનથી વધુ અને અમર્યાદિત, મફત પ્રાઈમ ડિલિવરી સાથે લાખો વધુ ઉત્પાદનો ઉપલબ્ધ છે.વ્યક્તિગત ખરીદી અનુભવ માટે AI-સંચાલિત શ ો ધ Amazon India ઝડપી શોધ અને સ્માર્ટ નિર્ણય લેવા માટે રચાયેલ AI-સંચાલિત સાધનો સાથે ખરીદીને સરળ અને વધુ સાહજિક બનાવી રહ્યું છે. Rufus સાથે, ગ્રાહકો 'મને INR 40,000 હેઠળ શ્રેષ્ઠ સ્માર્ટફોન ડીલ્સ બતાવો' અથવા 'દિવાળી ભેટ કે લિયે શ્રેષ્ઠ પ્રારંભિક ડીલ્સ દિખાઓ' જેવા કુદરતી સંકેતો દ્વારા વ્યક્તિગત ભલામણો મેળવી શકે છે, જ્યારે Lens AI ગ્રાહકોને ફક્ત ઑનલાઈન અથવા ઑફલાઈન ફોટો ખેંચીને તરત જ ઉત્પાદનો શોધવા દે છે. Rufus 30 થી 90-દિવસના ભાવ ઈતિહાસ ટ્રેકર સાથે સ્માર્ટ ભાવ ટ્રેકિંગ પણ પ્રદાન કરે છે અને ઈચ્છિત વસ્તુ કિંમત લક્ષ્ય સુધી પહોંચે ત્યારે તમારી ખરીદી પૂર્ણ કરવા માટે ચેતવણીઓ મોકલે છે. વધુમાં, AI રિવ્યૂ હાઈલાઈટ્સ, ક્વિક લર્ન અને બાયિંગ ગાઈડ્સ જેવી સુવિધાઓ મૂલ્યાંકન અને વિઝ્યુલાઈઝેશનને વધુ સરળ બનાવે છે, જ્યારે વધુ વ્યક્તિગત હોમપેજ વ્યક્તિગત પસંદગીઓના આધારે ઉત્પાદન શોધને સુનિશ્ચિત કરે છે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, ભાદરવા સુદ - 15

# ચૂંટણી કમિશનના વિવાદોની કહાની અત્યંત રસપ્રદ

ચૂંટણી કમિશનમાં મુખ્ય ચૂંટણી કમિશનર અને બીજા કમિશનરો વચ્ચેના મતભેદોની વાત નવી નથી. કમિશનમાં એકથી વધુ કમિશનરોની નિમણૂક થવાની પ્રથા શરૂ થઈ ત્યારથી આંતરીક ખટપટની વાતો બહાર આવી છે. ખાસ કરીને ટીએન શેષનનો કાર્યકાળ વધુ વિવાદાસ્પદ રહ્યો હતો. શેષનએ એમએસ ગીલ અને જીવીજી કૃષ્ણમૂર્તિ જેવા કમિશનરો માટે નારાજગી જાહેર કરી હતી. શેષનએ આ બંનેને ઇલેકશન કમિશનની ઓફિસના બે ગધેડાઓ પણ કહી દીધા હતા. ત્યાર પછી એન ગોપાલ સ્વામી અને નવીન ચાવલા વચ્ચે પણ ૨૦૦૯માં વિવાદ થયો હતો. ૧૯૯૮ના ઓક્ટોબર મહિનામાં એક કરતા વધુ કમિશનરોની નિમણૂક ચૂંટણી કમિશનમાં થવા માંડી. એ વખતે આર વી એસ પેરી શાસ્ત્રી મુખ્ય ચૂંટણી કમિશનર હતા અને એસ એસ ગનાઓઆ અને વી એસ સીગલ ચૂંટણી કમિશનરો હતા ત્યારે શાસ્ત્રી આ વ્યવસ્થાથી ખાસ ખુશ થયા નહોતા. ભારતના વિવિધ રાજ્યોમાં એક વર્ષ કરતા વધુ સમયથી એસઆઇઆરની બાબતે વિરોધ પક્ષો સરકારને ભીંસમાં લેતા રહ્યા છે. એસઆઇઆરની સમય મર્યાદા અને પદ્ધતિ બાબતે મોટો વિવાદ છે. રાજકીય પક્ષોનો આક્ષેપ છે કે ચૂંટણી કમિશન મનસ્વી રીતે મતદારોના નામ કાપે છે. મોટા પાયે મતદારોના દસ્તાવેજોમાં ખામી બતાવીને એમનો મતાધિકાર ઝુંટવાઈ રહ્યો છે. એસઆઇઆરને કારણે ઉત્તર પ્રદેશમાં ૨.૦૪ કરોડ, બિહારમાં ૪૭ લાખ, પશ્ચિમ બંગાળમાં ૫૮ લાખ, તામીલનાડુમાં ૭૪ લાખ, મધ્યપ્રદેશમાં ૩૫ લાખ, રાજસ્થાનમાં ૩૧ લાખ, ગુજરાતમાં ૬૮ લાખ, ઓડિસામાં ૨૦ લાખ, કેરળમાં ૯ લાખ અને છત્તિસગઢમાં ૨૫ લાખ જેટલા મતદારો કપાયા છે. એક પણ અપવાદ વગર તમામ વિરોધ પક્ષોએ મુખ્ય ચૂંટણી કમિશનરનું રાજીનામું માગ્યુ છે. સુપ્રિમ કોર્ટમાં પણ એસઆઇઆર પ્રક્રિયાની કાયદેસરતાને ચેલેન્જ કરવામાં આવી છે.

ચૂંટણી કમિશનના ખુલાસા સામે થરૂરના કેટલાક તીખા સવાલ

એક રાષ્ટ્રીય અખબારે ચૂંટણી કમિશનમા ચાલતી ગરબડ અને ખેંચતાણ વિશે અહેવાલ છાપ્યા પછી ચૂંટણી કમિશને પોતાના તરફથી એક ખુલાસો બહાર પાડ્યો હતો. આ ખુલાસાથી નારાજ થયેલા કોંગ્રેસના સાંસદ શશી થરૂરએ સામે કેટલાક સવાલો પૂછ્યા છે. જ્ઞાનેશ કુમાર સિવાયના બીજા બે ચૂંટણી કમિશનરોએ જે ૧૪ વાંધાઓ લીધા હતા એ ખરેખર રેકોર્ડ પર છે કે નહીં એ જણાવો. ફોર્મ ૯ની કાયદેસરતા કેટલી છે? ખાસ કરીને કમિશનરોને જે વાંધા મળ્યા છે ત્યાર પછીની પરિસ્થિતિ શું છે? મતદારોઓના આંકડાઓનું કેન્દ્રીકરણ થયું છે કે નહીં? ગોવાના જે ૯૭ મતદારોનો વિવાદ થયો છે એ બાબતે મુખ્ય ચૂંટણી કમિશનરએ કોઈ ખુલાસો કર્યો છે ખરો? જે મતદારોના નામ ફરીથી સ્થાપિત કરવામાં આવ્યા છે એ માટે કોઈ પદ્ધતિ અમલમાં મૂકી છે ખરી? કેબીનેટ સેક્રેટરીને કયા સંજોગોમાં ફરિયાદ કરવામાં આવી હતી?

તૃણમૂલ કોંગ્રેસના સાંસદ મહુઆ મોઈત્રા એમના આક્રમક સ્વભાવ માટે જાણીતા છે. મહુઆ મોઈત્રાનું માનવું છે કે જ્યારે જ્યારે અમિત શાહ બંગાળમાં કાર્યક્રમ માટે આવે છે ત્યારે એમની સુરક્ષામાં કોઈપણ મુસ્લિમ અધિકારી ન હોય એનું ધ્યાન રાખે છે. એમની સુરક્ષા માટેની ટીમમાં કોઈપણ આઇએએસ કે આઇપીએસ અધિકારી હોતા નથી. મોઈત્રાએ હવે આ બાબતે યુએનના લઘુમતી બાબતોના સભ્ય પ્રો. નિકોલસ લેવરાને ફરિયાદ કરી છે. એમની ફરિયાદ છે કે શાહની મુલાકાત દરમિયાન ત્રણ વરિષ્ઠ અધિકારીઓને કાર્યક્રમમાંથી દુર કરવામાં આવ્યા હતા. આ ત્રણે અધિકારીઓ મુસ્લિમ છે. આવી બાબતોની ફરિયાદ યુએનને કરવાથી કોઈ ફેર પડતો નથી એ બધા જાણે છે. જોકે મોઈત્રાને હંમેશા સમાચારમાં રહેવાની આદત હોવાથી એમણે આ મુદ્દો ઉઠાવ્યો હોય એ બની શકે.

આઇઆઇટી બોમ્બેના વિદ્યાર્થી સાહિલ વાકોડેની આત્મહત્યાનો બનાવ વિવાદાસ્પદ બની રહ્યો છે. હવે આ બાબતે રાજકીય પક્ષોએ પણ ઝુકાવ્યું છે. લોકસભામાં વિરોધપક્ષના નેતા રાહુલ ગાંધીએ સાહિલના કુટુંબ સાથે ફોન પર વાતચીત કરીને એમને ન્યાય અપાવવા માટે બધુ જ ઘટતુ કરવાનું આશ્વાસન આપ્યું છે. સાહિલના કુટુંબે આઇઆઇટી બોમ્બેના સંચાલકો અને કેટલાક અધિકારીઓ સામે ગંભીર આક્ષેપો કર્યા છે. ઘટનાની તપાસ મુંબઈ પોલીસની ક્રાઇમબ્રાન્ચ કરી રહી છે. સાહિલના કુટુંબીજનોએ કેટલાક લોકોની ધરપકડની માંગણી પણ કરી છે. સાહિલના કુટુંબીજનોનું કહેવું છે કે એમના પુત્રની આત્મહત્યાના થોડા દિવસો પહેલા ફોન પર એનું અપમાન કરવામાં આવ્યું હતું. સાહિલના માતા-પિતાએ પ્રો. સુર્યનારાયણ દુલાની ધરપકડની માંગણી પણ કરી છે.

## જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા 'આંગણ મિલન સેવા' સપ્તાહનો પ્રારંભ : માન. મેયરશ્રીના હસ્તે શુભારંભ

નરેન્દ્ર દવે જૂનાગઢ

મહાનગરપાલિકા, જૂનાગઢ વિસ્તારમાં તા. ૨૫/૦૯/૨૦૨૬ થી ૦૩/૧૦/૨૦૨૬ દરમિયાન 'આંગણ મિલન સેવા' સપ્તાહની ભવ્ય ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. આ સેવા અભિયાનનો વિધિવત શુભારંભ જૂનાગઢના મેયરશ્રી દ્વારા વોર્ડ નં-૧૦ સ્થિત શીતળાકુંડ આંગણવાડી કેન્દ્ર ખાતેથી કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે પદાધિકારીઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આગામી એક સપ્તાહ દરમિયાન આ કાર્યક્રમની ઉજવણી મહાનગરપાલિકાની તમામ આંગણવાડીઓ ખાતે થનાર છે. કાર્યક્રમ દરમિયાન આંગણવાડીના ભૂલકાંઓને તાજાં ફળો અને પૌષ્ટિક સુખડીનું વિતરણ કરવામાં આવેલ. આ સાથે બાળકોના સુપોષણ માટે વાલીઓને 'ટેક હોમ રાશન' (THR) પોષણ કીટ એનાયત કરવામાં આવી હતી. તેમજ આ તકે માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા પાઠવવામાં આવેલા 'પોષણ સંદેશ'નું વાંચન કરી વાલીઓને બાળકોના સર્વાંગી વિકાસ અને પોષણ અંગે માર્ગદર્શન આપી જાગૃત કરવામાં આવ્યા હતા. ઉપરાંત, ક્ષેત્રિય સ્તરે ઉત્કૃષ્ટ અને પ્રશંસનીય કામગીરી કરનાર આંગણવાડી વર્કર તથા આશા વર્કર બહેનોને પ્રશસ્તિ પત્ર આપી સન્માનિત કરવામાં આવેલ તેમ એક યાદીમાં જણાવ્યું છે.

## સ્વચ્છતા ઝુંબેશ અંતર્ગત જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા માંગનાથ વિસ્તારમાં ગંદકી કરતા વેપારીઓ સામે કડક દંડાત્મક કાર્યવાહી

નરેન્દ્ર દવે જૂનાગઢ

રાજ્ય સરકારશ્રી દ્વારા ચલાવવામાં આવી રહેલા 'સ્વચ્છતા હી સેવા' અભિયાન અંતર્ગત જૂનાગઢ શહેરને સ્વચ્છ અને સુંદર બનાવવા મહાનગરપાલિકા દ્વારા સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. તાજેતરમાં જ માન. મ્યુનિસિપલ કમિશનર શ્રી આઈ.આર. વાળા દ્વારા રાત્રિ સફાઈનું આકસ્મિક નિરીક્ષણ કરી કોમર્શિયલ વિસ્તારોમાં ગંદકી ફેલાવતા દુકાનદારો અને વેપારીઓ સામે કડક દંડાત્મક કાર્યવાહી કરવાના સ્પષ્ટ આદેશો આપવામાં આવ્યા હતા, આ સૂચનાની તાત્કાલિક અને સઘન અમલવારીના ભાગરૂપે જૂનાગઢ મહાનગરપાલિકાના વોર્ડ નં.૧૦માં આવતા માંગનાથ વિસ્તારમાં ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. માન. કમિશનર શ્રી આઈ.આર.વાળાની સૂચના અનુસાર આ વિસ્તારમાં જાહેરમાં કચરો ફેંકતા અને ગંદકી ફેલાવતા વેપારીઓ સામે કાર્યવાહી કરવામાં આવી હતી. તપાસ દરમિયાન માંગનાથ વિસ્તારમાં ગંદકી કરતા માલુમ પડેલા ૪ વેપારીઓને સ્થળ પર જ પ્રત્યેકને રૂ.૫૦૦ લેખે કુલ રૂ.૨૦૦૦/- (અંકે રૂપિયા બે હજાર પૂરા) નો દંડ ફટકારવામાં આવ્યો છે. દંડાત્મક કાર્યવાહીની સાથે સાથે આ વેપારીઓને ભવિષ્યમાં જાહેરમાં કચરો ન ફેંકવા અને પોતાની દુકાનની આસપાસ સ્વચ્છતા જાળવવા અંગે કડક સૂચના આપવામાં આવી છે તેમજ સત્તાવાર નોટિસ પણ પાઠવવામાં આવી છે. જૂનાગઢ મહાનગરપાલિકા શહેરને સ્વચ્છ, સુંદર અને રોગચાળામુક્ત રાખવા કટિબદ્ધ છે. આ કાર્યવાહી મારફતે અન્ય તમામ કોમર્શિયલ વિસ્તારોના વેપારીઓ અને દુકાનદારોને પણ સ્પષ્ટ સંદેશ આપવામાં આવ્યો છે કે, પોતાનો કચરો ફરજિયાતપણે નિયત ડસ્ટબીનમાં જ નાખવો. જો જાહેરમાં કે દુકાનની બહાર રસ્તા પર કચરો ફેંકવામાં આવશે તો મહાનગરપાલિકા દ્વારા કાયદેસરની દંડાત્મક કાર્યવાહી કરવામાં આવશે. શહેરની સ્વચ્છતા ઝુંબેશમાં સહકાર આપવા તમામ નાગરિકોને નમ્ર અપીલ કરવામાં આવે છે તેમ એક યાદીમાં જણાવ્યું છે.

## દવા સાથે ધરતીની પણ સારવાર : દેશલપર (ગુંતલી) PHCમાં વિશ્વ ફાર્માસિસ્ટ દિવસ નિમિત્તે વૃક્ષારોપણ

### "સ્વચ્છ પર્યાવરણ – સ્વસ્થ સમાજ"ના સંદેશ સાથે આરોગ્યકર્મીઓએ વાવ્યા હરિયાળીના બીજ

જગદીશ પી. દવે | દેશલપર (ગુંતલી)

વિશ્વ ફાર્માસિસ્ટ દિવસ 25 સપ્ટેમ્બર 2026ની ઉજવણીના ભાગરૂપે PHC દેશલપર (ગું.) ખાતે તમામ PHC સ્ટાફ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. આરોગ્ય સેવા સાથે પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપતાં સ્ટાફ દ્વારા વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે ફાર્માસિસ્ટ દીપ રજનીકાંત પંડ્યાએ જણાવ્યું હતું કે, સ્વસ્થ જીવન માટે સ્વચ્છ અને હરિયાળું પર્યાવરણ અત્યંત જરૂરી છે. વૃક્ષો સ્વચ્છ હવા તેમજ



પર્યાવરણનું સંતુલન જાળવવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. દરેક વ્યક્તિએ વૃક્ષ વાવી તેના ઉછેરની જવાબદારી પણ નિભાવવી જોઈએ.વૃક્ષારોપણ કાર્યક્રમમાં વિમળાબેન, જાગૃતિબેન, પરેશભાઈ, ઉમાબેન તથા અન્ય PHC સ્ટાફ સહિતના કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. "વૃક્ષ વાવીએ, પર્યાવરણ બચાવીએ અને સ્વસ્થ પર્યાવરણથી સ્વસ્થ સમાજનું નિર્માણ કરીએ"*ના સંદેશ સાથે યોજાયેલ આ કાર્યક્રમ દ્વારા આરોગ્ય સાથે પર્યાવરણ જાળવણીનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું.

## વિદાયને સન્માન, નવા આગમનને આત્મીય આવકાર દેશલપર (ગુંતલી) એકતા ગ્રુપની અનોખી પહેલ

જગદીશ પી. દવે | દેશલપર (ગુંતલી)

દેશલપર (ગુંતલી) ગામમાં ફરજ બજાવતા સરકારી કર્મચારીઓ પ્રત્યે સન્માન અને આત્મીયતા વ્યક્ત કરવાના હેતુથી શ્રી દેશલપર (ગુંતલી) એકતા ગ્રુપ દ્વારા અનોખી પહેલ કરવામાં આવી છે. કર્મચારીઓની વિદાય તથા નવા કર્મચારીઓના આગમન પ્રસંગે સન્માન અને આત્મીય આવકાર આપવાના હેતુથી આજે સ્નેહમિલન અને સત્કાર સમારંભ યોજાશે. દેશલપર (ગું.) પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે યોજાનારા સત્કાર સમારંભ-૨૦૨૬માં વિદાય લઈ રહેલા આરોગ્ય કર્મયોગીઓને સન્માનપૂર્વક વિદાય તથા નવા કર્મયોગીઓનું આત્મીય સ્વાગત કરવામાં આવશે. કાર્યક્રમ આજે તા. ૨૬ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ સવારે ૧૧:૩૦ કલાકે દેશલપર (ગું.) PHC ખાતે યોજાશે. મુખ્ય અતિથિ તરીકે તાલુકા પંચાયત સદસ્ય શ્રી સલીમભાઈ જીયેજા ઉપસ્થિત રહેશે.કાર્યક્રમ માટે શ્રી સલીમભાઈ જીયેજા તથા પૂર્વ ઉપસરપંચ શ્રી પ્રવિણસિંહ સોઢા દ્વારા સૌજન્ય સહયોગ આપવામાં આવ્યો છે.આ પ્રસંગે ડૉ. રામસિંહ રાઠોડે દાતાશ્રીઓનો આભાર વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, "આ




પ્રકારની સ્નેહસભર પહેલને દાતાશ્રીઓ દ્વારા મળેલો સહયોગ પ્રશંસનીય છે. આવનારા સમયમાં પણ આવા કાર્યક્રમો યોજાય અને ગામના વિકાસ સાથે જોડાયેલા શિક્ષણ, આરોગ્ય તથા સ્વચ્છતા જેવા મહત્વના વિષયો પર સૌ સાથે મળીને યોગ્ય સાથ-સહકાર આપીએ તે જરૂરી છે."મણે વધુમાં જણાવ્યું હતું કે, "આપણી ગામઠી સંસ્કૃતિ અને પરંપરાને જાણવી, જાળવવી અને નવી પેઢી સુધી પહોંચાડવા માટે પણ સામૂહિક પ્રયાસો થવા જોઈએ. આ એક નાની પહેલ છે, પરંતુ આ નાની પહેલમાંથી મોટી આશા જન્મે છે. સૌના સહયોગથી આવી પ્રવૃત્તિઓને સતત આગળ વધારીએ."એકતા ગ્રુપના જુસબભાઈ સોઢાએ પણ સર્વ સમાજના અગ્રણીઓ તથા ગ્રામજનોને પરિવાર સહિત ઉપસ્થિત રહી વિદાય લઈ રહેલા કર્મયોગીઓને સન્માન અને નવા કર્મયોગીઓને આત્મીય આવકાર આપવા અપીલ કરી હતી. "આપની ઉપસ્થિતિ જ આ સમારંભની સાચી શોભા છે," તેમ તેમણે જણાવ્યું હતું.કાર્યક્રમ દરમિયાન ચા-પાણી તથા અલ્પાહારની વ્યવસ્થા પણ રાખવામાં આવી છે.

## દેવગઢ બારીયા તાલુકાના અંતરિયાળ સેવાનિયા ગામે કલેકટરશ્રીએ ગ્રામ પંચાયતની મુલાકાત લીધી

દિપક રાવલ | દાહોદ લીમખેડા

દાહોદ જિલ્લા કલેકટરશ્રી સુરભિ ગૌતમએ દાહોદ જિલ્લાના દેવગઢ બારીયા તાલુકાના અંતરિયાળ વિસ્તારમાં આવેલ સેવાનિયા ગ્રામ પંચાયતની મુલાકાત લઈ ગ્રામજનોને ઉપલબ્ધ કરાવવામાં આવતી વિવિધ સરકારી સેવાઓ તથા પંચાયત કક્ષાએ થતી કામગીરીની સમીક્ષા કરી હતી.આ મુલાકાત દરમિયાન તેમણે ગ્રામજનોને પૂરી પાડવામાં આવતી વિવિધ સરકારી સેવાઓ, યોજનાઓની માહિતી તથા અરજીઓના નિકાલ અંગેની કામગીરીની માહિતી મેળવી હતી.



કલેકટરશ્રીએ ગ્રામ્ય અને અંતરિયાળ વિસ્તારોના નાગરિકોને સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ સરળતાથી અને સમયસર મળી રહે તે માટે જરૂરી માર્ગદર્શન અને સૂચનાઓ આપી હતી. તેમજ ગ્રામજનોની જરૂરિયાતો અને સ્થાનિક પ્રશ્નો અંગે પણ જાણકારી મેળવી સંબંધિત અધિકારીઓને જરૂરી કામગીરી કરવા સૂચના આપી હતી.આ મુલાકાત દરમિયાન દેવગઢ બારીયા પ્રાંતશ્રી, મામલતદારશ્રી સહિત સંબંધિત અધિકારીઓ, ગ્રામ પંચાયતના પ્રતિનિધિઓ-ગ્રામજનો તથા કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ધારાસભ્ય શ્રી મહેન્દ્રભાઈ ભાભોરના હસ્તે આધુનિક આંગણવાડી કેન્દ્રનું લોકાર્પણ

## આંગણ મિલન ઉત્સવ' સાથે બાળકો, કિશોરીઓ અને માતાઓને લાભાન્વિત કરાયા

દિપક રાવલ દાહોદ લીમખેડા

ગરબાડા તાલુકાના ગરબાડા ઘટક-૧ હેઠળ આવતી ભૂતરડી-૧ આંગણવાડી કેન્દ્રના નવીન મકાનનું લોકાર્પણ ધારાસભ્ય શ્રી મહેન્દ્રભાઈ ભાભોરના હસ્તે કરવામાં આવ્યું હતું. આ આધુનિક સુવિધાઓથી સજ્જ આંગણવાડી મળતાં વિસ્તારના નાના ભૂલકાંઓ માટે પૂર્વ-પ્રાથમિક શિક્ષણ અને સર્વાંગી વિકાસના નવા દ્વાર ખુલ્યા છે. આ લોકાર્પણ પ્રસંગની સાથે 'આંગણ મિલન ઉત્સવ'ની પણ ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ ઉત્સવ અંતર્ગત આંગણવાડીના ભૂલકાંઓને તાજા ફળ અને પૌષ્ટિક સુખડીનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત, વિસ્તારની કિશોરીઓ, સગર્ભા અને ધાત્રી માતાઓને 'ટેક હોમ રાશન' (THR) નું વિતરણ કરી તેઓને માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ



પટેલનો પ્રેરણાદાયી સંદેશો પણ એનાયત કરવામાં આવ્યો હતો.કાર્યક્રમ દરમિયાન પ્રજાની આરોગ્ય અને પોષણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ સેવાઓ આપનાર આંગણવાડી કાર્યકર, તેડાઘર તથા આશા વર્કર બહેનોને તેમની સરાહનીય કામગીરી બદલ પ્રશસ્તિપત્ર આપી વિશેષરૂપે સન્માનિત કરવામાં આવ્યા હતા.આ પ્રસંગે ગરબાડા ઘટક-૧ ના સી.ડી.પી.ઓ. , સરપંચશ્રી, પંચાયત સભ્યો, ગ્રામીણ આગેવાનો, બાળકો તેમજ મોટી સંખ્યામાં વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.નવીન આંગણવાડી મકાનની પ્રાપ્તિથી બાળકોના પૂર્વ-પ્રાથમિક શિક્ષણને વેગ મળશે તેમજ પૂરક પોષણ અને વિવિધ આરોગ્ય વિષયક સેવાઓનું સુચારુ અમલીકરણ શક્ય બનશે, જે બાળકોના ઉત્કૃષ્ટ અને સાર્વત્રિક ભવિષ્ય માટે પાયાનો પથ્થર સાબિત થશે.

## દાહોદના ભીતોડી-૧ ખાતે રૂપિયા ૧૨ લાખના ખર્ચે નવનિર્મિત આંગણવાડીનું મંત્રી શ્રી રમેશભાઈ કટારાના હસ્તે લોકાર્પણ



દિપક રાવલ દાહોદ લીમખેડા

દાહોદ જિલ્લાના સુખસર તાલુકાના ભીતોડી-૧ ના તળગામ ફળિયામાં રૂ. ૧૨ લાખના ખર્ચે તૈયાર કરવામાં આવેલ નવીન આંગણવાડી ભવનનું મંત્રીશ્રી રમેશભાઈ કટારાના વરદ હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે મંત્રીશ્રીએ આંગણવાડીના બાળમિત્રો, કાર્યકરો, તેડાગર બહેનો તેમજ ગામની કિશોરીઓ અને સગર્ભા મહિલાઓ સાથે પ્રત્યક્ષ સંવાદ કર્યો સાથે જ મંત્રીશ્રીએ આંગણવાડીમાં બાળકોના શારીરિક અને માનસિક વિકાસ માટે પૂરી પાડવામાં આવતી સુવિધાઓની વિગતો મેળવી હતી.આ લોકાર્પણ પ્રસંગે મંત્રીશ્રીએ CDPO અને આંગણવાડી કાર્યકરો સાથે વિશેષ બેઠક યોજી કામગીરીની સમીક્ષા કરી ખાસ કરીને બાળકોના પોષણ સ્તરને સુધારવા માટે આપવામાં આવતા પૌષ્ટિક આહાર અને બનાવવામાં આવતી વિવિધ વાનગીઓ અંગે વિગતવાર માહિતી મેળવી જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

## દાહોદ તાલુકાના ગલાલિયાવાડ ગામે "સેવા સેતુ" કાર્યક્રમ યોજાયો

દિપક રાવલ દાહોદ લીમખેડા

ગુજરાત સરકારના લોકકલ્યાણલક્ષી અભિગમને વધુ વેગ આપવાના હેતુથી દાહોદ જિલ્લાના દાહોદ તાલુકાના ગલાલીયાવાડા ગામે "સેવા સેતુ" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ગ્રામજનોને વિવિધ સરકારી વિભાગોની સેવાઓ અને આરોગ્યલક્ષી સેવાઓનો લાભ એક જ સ્થળે મળી રહે તે માટે વિવિધ વિભાગો દ્વારા કામગીરી કરવામાં આવી હતી.આ કાર્યક્રમમાં દાહોદ ધારાસભ્યશ્રી કનૈયાલાલ કિશોરી, દાહોદ પ્રાંત અધિકારીશ્રી મિલિન્દ દવે, મામલતદારશ્રી પી.બી. ગોહિલ, તાલુકા વિકાસ અધિકારીશ્રી અનિલ રાઠવા, તાલુકા પંચાયત પ્રમુખશ્રી અનિલ કિશોરી, તાલુકા ભાજપ પ્રમુખશ્રી સહિતના મહાનુભાવો




ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમમાં તાલુકાના વિવિધ ગામોના સરપંચશ્રીઓ, તાલુકા પંચાયતના સભ્યશ્રીઓ, તબીબી અધિકારીઓ એફ.એચ.ડબલ્યુ., સી.એચ.ઓ., આશા કાર્યકરો તથા આશા ફેસિલિટેટર, આંગણવાડી કાર્યકરો તેમજ વિવિધ વિભાગોના અધિકારી-કર્મચારીઓ અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.સેવા સેતુ કાર્યક્રમ અંતર્ગત આયોજિત આરોગ્ય સેવાઓમાં 173 નાગરિકોએ ઓપીડીનો લાભ લીધો, ટીબી મુક્ત ભારત અભિયાન અંતર્ગત 152 એક્ષરે કરવામાં આવ્યા,112 લોકોનું બીપી-સુગર ચેકઅપ કરાયું; 85 પીએમજેએવાય કાર્ડ અને પીએમવીવીવાયના 10 સહિત વિવિધ સેવાઓ લાભાર્થીઓને આપવામાં આવી હતી.સેવા સેતુ કાર્યક્રમ થકી ગ્રામ્ય વિસ્તારના નાગરિકોને વિવિધ સરકારી સેવાઓ, આરોગ્ય તપાસ અને યોજનાકીય લાભો તેમના ગામ નજીક જ મળી રહે તે માટેનું મહત્વપૂર્ણ આયોજન કરવામાં આવ્યું હતું.

## કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય ડબલારા ખાતે સેવા સેતુ કાર્યક્રમનો રાજ્યમંત્રીશ્રી રમેશભાઈ કટારાના હસ્તે શુભારંભ



દિપક રાવલ દાહોદ લીમખેડા

દાહોદ જિલ્લાના સુખસર તાલુકામાં આવેલા કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય, ડબલારા ખાતે 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત સેવા સેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો શુભારંભ રાજ્યમંત્રીશ્રી રમેશભાઈ કટારાના વરદ હસ્તે કરવામાં આવ્યો હતો.આ પ્રસંગે મંત્રીશ્રી રમેશભાઈ કટારાએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના જાહેર જીવનના ૨૫ વર્ષ પૂર્ણ થવાની ઉજવણી રૂપે સરકાર દ્વારા 'સેવા સંકલ્પ અભિયાન' ચલાવવામાં આવી રહ્યું છે. આ અભિયાનનો મુખ્ય હેતુ છેવાડાના માનવી સુધી તમામ સરકારી યોજનાઓના લાભો સીધા અને સરળતાથી પહોંચાડવાનો છે. તેમણે ઉમેર્યું હતું કે, સેવા સેતુ કાર્યક્રમ હેઠળ આજે સ્થળ પર MGVCL, મહેસૂલ વિભાગ (ઈ-ધરા), પુરવઠા વિભાગ, આરોગ્ય વિભાગ, બેંક ઓફ બરોડા, ખેતીવાડી શાખા તેમજ વન વિભાગ સહિત વિવિધ સરકારી વિભાગોના સ્ટોલ ઊભા કરવામાં આવ્યા છે, જ્યાં નાગરિકોના પ્રશ્નો અને અરજીઓનો ત્વરિત નિકાલ કરવામાં આવશે. મંત્રીશ્રીએ ગ્રામજનોને કેન્દ્ર અને રાજ્ય સરકારની કલ્યાણકારી યોજનાઓની માહિતી મેળવી અરજી કરવા પ્રોત્સાહિત કર્યા હતા. આ ઉપરાંત તેમણે સૌને પ્રાકૃતિક ખેતી અપનાવવા તથા સ્વદેશી વસ્તુઓનો ઉપયોગ કરી 'વિકસિત ભારત ૨૦૪૭'ના સ્વપ્નને સાકાર કરવામાં સહભાગી થવા અપીલ કરી હતી.કાર્યક્રમ દરમિયાન મંત્રીશ્રીએ તમામ વિભાગોના સ્ટોલની પ્રત્યક્ષ મુલાકાત લઈ કામગીરીની સમીક્ષા કરી હતી. તેમણે ઉપસ્થિત અધિકારીઓ અને કર્મચારીઓને સૂચના આપી હતી કે અહીં આવતા દરેક નાગરિકની સમસ્યાનો ઝડપથી અને સરળતાથી ઉકેલ લાવવો જેથી કોઈ પણ વ્યક્તિને મૂંઝવણ ન રહે.આ કાર્યક્રમમાં ફતેપુરા તાલુકા પંચાયતના પ્રમુખશ્રી, મામલતદારશ્રી, તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા શિક્ષણ અધિકારીશ્રી, જિલ્લા અને તાલુકા પંચાયતના સભ્યશ્રીઓ, સ્થાનિક આગેવાનો, વડીલો, સરપંચશ્રીઓ, વહીવટી તંત્રના અધિકારીઓ-કર્મચારીઓ તથા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## આર્ટ્સ કોલેજ લીમખેડામાં એન.એસ.એસ. વિભાગ દ્વારા આયોજિત વિકસિત ભારત અંતર્ગત એક દિવસીય નશામુક્ત યુવા સંવાદ અને હેલ્થ અવેરનેસ અંગેનો કેમ્પ યોજાયો

દિપક રાવલ દાહોદ લીમખેડા

યુવા કાર્યક્રમ અને રમતગમત મંત્રાલય, ભારત સરકાર, માય ભારત (MY BHARAT), નેશનલ સર્વિસ સ્કીમ (NSS) અને લીમખેડા વિભાગ યુવક એજ્યુકેશન સોસાયટી સંચાલિત આર્ટ્સ



કોલેજ લીમખેડાના સંયુક્ત ઉપક્રમે સંસ્થાના ઇન્ચાર્જ આચાર્યશ્રી પ્રોફેસર જશવંતસિંહ નાયક સાહેબના અધ્યક્ષ સ્થાને એક દિવસીય વિકસિત ભારત માટે નશામુક્ત યુવા-100 સપ્તાહ સંકલ્પ અભિયાન અંતર્ગત 'મેરા સ્વાસ્થ્ય મેરા ગર્વ' વિષય પર યુવા સંવાદ અને આરોગ્ય ચકાસણી અંગેનો કેમ્પ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં સંસ્થાના નિવૃત્ત આચાર્યશ્રી પ્રોફેસર ગોપાલભાઈ શર્મા સાહેબ મુખ્ય મહેમાન અને મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમના દ્વારા કોલેજના વિદ્યાર્થીઓને વ્યસનની સારા સ્વાસ્થ્ય પર થતી અસરોની વિસ્તૃત છણાવટ કરવામાં આવી હતી. નશાયુક્ત કેફી પદાર્થોના સેવનથી આરોગ્ય ઉપર થતી ગંભીર સમસ્યાઓની વિસ્તૃત ચર્ચા કરી માહિતી સભર માર્ગદર્શન આપી વિદ્યાર્થીઓમાં વ્યસન અંગેની જનજાગૃતિ કેળવાય તે હેતુથી નશાયુક્ત પદાર્થોના સેવનથી થતી ગંભીર બીમારી, રોગો અંગેના પોસ્ટરો બતાવી વિદ્યાર્થીઓને માર્ગદર્શિત કર્યા હતા. વધુમાં, તેમના દ્વારા આ નશામુક્ત યુવા સપ્તાહ સંકલ્પ અભિયાનમાં જોડાવા માટે આહવાન કર્યું હતું.આ કાર્યક્રમમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર બાંડીબાર મેડિકલ ઓફિસર ડૉ. પ્રદ્યુમન સાહેબ તેમની ટીમ સાથે ઉપસ્થિત રહ્યા હતા. તેમના દ્વારા કોલેજના વિદ્યાર્થીઓને પોષણ અને સ્વાસ્થ્યના મહત્વ વિશે ખૂબ ઊંડાણપૂર્વક માહિતી સભર ચર્ચા કરી વિદ્યાર્થીઓને માર્ગદર્શિત કરવામાં આવ્યા હતા. મેડિકલ ઓફિસર ડૉ. પ્રદ્યુમન સાહેબ અને તેમની આરોગ્ય ટીમ દ્વારા કોલેજના વિદ્યાર્થીઓનું આરોગ્ય ચકાસણી અંગેનો કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો.આ કાર્યક્રમમાં સંસ્થાના ઉપપ્રમુખશ્રી રાકેશભાઈ ભરવાડ સાહેબ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં સમગ્ર કોલેજ પરિવાર અને ખૂબ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ આ કાર્યક્રમમાં સહભાગી બન્યા હતા અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.આ કાર્યક્રમનું સુંદર સંચાલન હિન્દી વિભાગના પ્રોફેસર ડૉ. જી.એમ. સંદેશ સાહેબ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું સમગ્ર આયોજન એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ. કમલેશકુમાર બી. અમીન દ્વારા કરવામાં આવ્યું હતું. આજનો આ કાર્યક્રમ ખૂબ જ સુંદર અને સફળ રહ્યો હતો.

## 'આંગણ મિલન સેવા -૨૦૨૬' અંતર્ગત કતવારા-૨ આંગણવાડી કેન્દ્ર ખાતે કાર્યક્રમ યોજાયો

દિપક રાવલ દાહોદ લીમખેડા

દાહોદ જિલ્લામાં આઈ.સી.ડી.એસ. વિભાગ દ્વારા આયોજિત 'આંગણ મિલન સેવા' કાર્યક્રમ અંતર્ગત આજ રોજ દાહોદ ઘટક-૨ના કઠલા સેજાના કતવારા-૨ આંગણવાડી કેન્દ્ર ખાતે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં જિલ્લા વિકાસ



અધિકારીશ્રી હિરેન બારોટ સાહેબશ્રી, જિલ્લા સભ્યશ્રી અર્જુન પરમાર, જિલ્લા પ્રોગ્રામ ઓફિસરશ્રી ડો. સુધીર જોષી, તાલુકા વિકાસ અધિકારીશ્રી અતુલ રાઠવા તથા સરપંચશ્રી વસંતી હઠીલા સહિત સંબંધિત અધિકારીશ્રીઓ, કર્મચારીઓ, આંગણવાડી કાર્યકર બહેનો, તેડાગર બહેનો, વાલીઓ તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમ અંતર્ગત આંગણવાડી કેન્દ્ર ખાતે બાળકોના સર્વાંગી વિકાસ, પોષણ, આરોગ્ય, પૂર્વ પ્રાથમિક શિક્ષણ તથા શૈક્ષણિક અને સર્જનાત્મક વિકાસને પ્રોત્સાહન આપતી વિવિધ પ્રવૃત્તિઓ યોજવામાં આવી હતી. ઉપસ્થિત મહાનુભાવશ્રીઓ દ્વારા આંગણવાડી કેન્દ્રની કામગીરી તથા ઉપલબ્ધ સુવિધાઓનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું તેમજ બાળકો અને વાલીઓ સાથે સંવાદ કરવામાં આવ્યો હતો. તંદુરસ્ત ૩ બાળકો ને તથા તેમના વાલીઓ ને ગિફ્ટ આપી પ્રોત્સાહન આપવામાં આવ્યું તથા આંગણવાડી કાર્યકર બહેન, તેડાગર બહેન અને આશા વર્કર ને પ્રશસ્તિ પત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા. આંગણવાડી માં કિશોરીઓ, સગર્ભા માતા,ધાત્રી માતા તથા વાલીઓ ને મુખ્યમંત્રી શ્રી દ્વારા પાઠવેલ શુભેચ્છા સંદેશ આપવામાં આવ્યો.આંગણ ઉત્સવ-૨૦૨૬નો મુખ્ય હેતુ આંગણવાડી કેન્દ્રોને વધુ બાળમૈત્રીપૂર્ણ, સુવિધાસભર અને વિકાસલક્ષી બનાવવાની સાથે બાળકોના સર્વાંગી વિકાસ માટે વાલીઓ તથા સમુદાયની સહભાગિતા સુનિશ્ચિત કરવાનો છે. આ પ્રસંગે આંગણવાડી કેન્દ્રો મારફતે બાળકો તથા સગર્ભા અને ધાત્રી માતાઓને આપવામાં આવતી વિવિધ સેવાઓ અંગે પણ જાગૃતિ કેળવવામાં આવી હતી.કાર્યક્રમના અંતે ઉપસ્થિત મહાનુભાવશ્રીઓ દ્વારા આંગણવાડી કેન્દ્રની કામગીરીને વધુ સુદ્દઢ બનાવવા તથા સરકારની વિવિધ બાળ વિકાસ અને પોષણલક્ષી યોજનાઓનો લાભ અંતિમ લાભાર્થી સુધી અસરકારક રીતે પહોંચાડવા માટે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

## જાંબુવા પીએચસીના ગાંગરડા સબ સેન્ટર ખાતે પોર્ટેબલ એક્સ-રે દ્વારા 151 લોકોની ટીબી તપાસ

દિપક રાવલ દાહોદ લીમખેડા

દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના જાંબુવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર હેઠળના ગાંગરડા સબ સેન્ટર ખાતે 100 દિવસીય સઘન ટીબી નિર્મૂલન ઝુંબેશ અંતર્ગત વિશેષ આરોગ્ય કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ટીબીના શંકાસ્પદ દર્દીઓની વહેલી તકે ઓળખ કરી સમયસર તપાસ અને સારવાર ઉપલબ્ધ કરાવવાના હેતુથી પોર્ટેબલ એક્સ-રે મશીનની મદદથી સ્થળ પર જ આરોગ્ય તપાસ હાથ ધરવામાં આવી હતી.કેમ્પ દરમિયાન પોર્ટેબલ એક્સ-રે મશીન દ્વારા કુલ 151 લોકોના છાતીના એક્સ-રે કરી ટીબી અંગેની તપાસ કરવામાં આવી હતી. આ ઉપરાંત લાભાર્થીઓની વજન, ઊંચાઈ, બ્લડ પ્રેશર અને ડાયાબિટીસ સહિતની વિવિધ આરોગ્ય તપાસ પણ કરવામાં આવી હતી.આ સાથે PM-JAY ડ્રાઈવ અંતર્ગત કુલ 38 લાભાર્થીઓના આયુષ્માન કાર્ડ બનાવવામાં આવ્યા હતા, જેથી લાભાર્થીઓને સરકારની આરોગ્યલક્ષી યોજનાઓનો લાભ સરળતાથી મળી શકે.આ કેમ્પની




મુલાકાત જિલ્લા ક્ષય અધિકારીશ્રી ડૉ. આર.ડી. પહાડિયા દ્વારા લેવામાં આવી હતી. તેમણે પોર્ટેબલ એક્સ-રે કેમ્પની કામગીરીનું નિરીક્ષણ કરી આરોગ્ય કર્મચારીઓને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.કાર્યક્રમનું આયોજન મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જિલ્લા ક્ષય અધિકારીશ્રી તથા તાલુકા આરોગ્ય અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. કેમ્પની કામગીરીમાં મેડિકલ ઓફિસર, પીએચસી સુપરવાઇઝર, કોમ્યુનિટી હેલ્થ ઓફિસર (CHO), મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર (MPHW), આશા ફેસિલિટેટર તથા આશા બહેનોએ સક્રિય સહયોગ આપ્યો હતો.ગ્રામ્ય વિસ્તારોમાં પોર્ટેબલ એક્સ-રે જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવીને ટીબીના સંભવિત કેસોની વહેલી ઓળખ, સમયસર નિદાન અને સારવાર સુનિશ્ચિત કરવા આરોગ્ય વિભાગ દ્વારા સઘન કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. આ પ્રકારની પ્રવૃત્તિઓ "ટીબી મુક્ત ભારત"ના સંકલ્પને સાકાર કરવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું બની રહી છે.

## પ્રાકૃતિક ખેતી: સમયની માંગ અને ભવિષ્યનો આધાર

માહીતી બ્યુરો, પાલનપુર | રાસાયણિક ખાતરો અને જંતુનાશક દવાઓના વધતા ઉપયોગને કારણે જમીનની ફળદ્રુપતા જાળવવા તેમજ પર્યાવરણ અને માનવ સ્વાસ્થ્યનું રક્ષણ કરવા પ્રાકૃતિક ખેતી એક



મહત્વપૂર્ણ વિકલ્પ તરીકે ઉભરી રહી છે. પ્રકૃતિના નિયમોને અનુરૂપ થતી આ ખેતી પદ્ધતિમાં રાસાયણિક ખાતરો અને દવાઓના બદલે દેશી ગાયના છાણ-મૂત્ર સહિત સ્થાનિક અને કુદરતી સંસાધનોનો ઉપયોગ કરવામાં આવે છે. પ્રાકૃતિક ખેતીનો મુખ્ય ઉદ્દેશ જમીનની જીવંતતા જાળવી રાખી ટકાઉ અને પર્યાવરણમૈત્રી ખેતીને પ્રોત્સાહન આપવાનો છે.પ્રાકૃતિક ખેતીમાં બીજામૃત, જીવામૃત, આચ્છાદન અને વાફસા જેવા ચાર મુખ્ય આધારસ્તંભો મહત્વપૂર્ણ છે. બીજામૃત દ્વારા વાવણી પહેલાં બિયારણની માવજત કરવામાં આવે છે, જ્યારે જીવામૃત જમીનમાં રહેલા સૂક્ષ્મજીવોની પ્રવૃત્તિને પ્રોત્સાહન આપી જમીનની ગુણવત્તા સુધારવામાં મદદરૂપ બને છે. આચ્છાદન દ્વારા જમીનમાં ભેજ જાળવી રાખવામાં આવે છે અને વાફસા પદ્ધતિ દ્વારા જમીનમાં હવા અને ભેજનું યોગ્ય સંતુલન જાળવવાનો પ્રયાસ કરવામાં આવે છે. આ પદ્ધતિથી સ્થાનિક સંસાધનોનો મહત્તમ ઉપયોગ કરી ખેતીનો બાહ્ય ખર્ચ ઘટાડવાનો પણ પ્રયાસ થાય છે.પ્રાકૃતિક ખેતીથી ખેતી ખર્ચમાં ઘટાડો, જમીનની ફળદ્રુપતા અને ભેજ જાળવણી, રાસાયણિક ઈનપુટ પરની નિર્ભરતામાં ઘટાડો તેમજ પર્યાવરણ સંરક્ષણ જેવા વિવિધ લાભો મળી શકે છે. આચ્છાદન અને જમીનની ગુણવત્તામાં સુધારાથી સિંચાઈની જરૂરિયાતમાં પણ ઘટાડો થવાની શક્યતા રહે છે. સ્વસ્થ જમીન, ટકાઉ ખેતી અને આગામી પેઢી માટે કુદરતી સંસાધનોનું સંરક્ષણ–આ ત્રણેય હેતુઓને ધ્યાનમાં રાખીને પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવું સમયની મહત્વપૂર્ણ જરૂરિયાત બની રહ્યું છે.

# માઈભક્તોના સ્વાસ્થ્યની રક્ષા: અંબાજી મહામેળામાં લાખો શ્રદ્ધાળુઓ માટે ખાદ્યસુરક્ષાનું અભેદ્ય કવચ પૂરું પાડતું વહીવટી તંત્ર



માહિતી બ્યુરો, પાલનપુર || આદ્યશક્તિ પીઠ અંબાજી ખાતે ભાદરવી પૂનમના પાવન અવસરે ઉમટી પડેલા લાખો માઈભક્તોની સુખાકારી અને સુરક્ષાને સર્વોપરી ગણી ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, પાલનપુર દ્વારા "ભક્તિ, સેવા અને આરોગ્ય"ના ત્રિવેણી સંગમ સાથે વ્યાપક ખાદ્યસલામતી અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. અંબાજીના માર્ગો પર શ્રદ્ધાભેર પગપાળા પધારેલા શ્રદ્ધાળુઓને શુદ્ધ, સાત્વિક અને પૌષ્ટિક આહાર મળી રહે તે ઉદ્દેશથી મેળાના પ્રારંભ પૂર્વે જ સુઆયોજિત એક્શન પ્લાન ઘડી કાઢવામાં આવ્યો હતો. આ પૂર્વતૈયારીના ભાગરૂપે અંબાજી ખાતે ૨૫૦ જેટલા સ્થાનિક ખાદ્ય વેપારીઓને 'ફોસ્ટેક' (FoSTaC) અંતર્ગત વિશેષ ફૂડ સેફ્ટી તાલીમ આપીને હાઈજીન કીટનું વિતરણ કરાયું હતું, જેથી પ્રસાદ અને ભોજન તૈયાર કરતી વખતે સ્વચ્છતાના ઉચ્ચતમ માપદંડો જળવાઈ રહે.મહામેળા દરમિયાન ફૂડ સેફ્ટી ઓફિસરો, ફૂડ સેફ્ટી વાનના કેમિસ્ટ તેમજ અન્ય સ્ટાફની સમર્પિત ટીમો અવિરતપણે ખડેપગે રહી હતી. તંત્ર દ્વારા મેળા અગાઉ તેમજ મેળા દરમિયાન કુલ ૪૭૧ ખાદ્ય પેઢીઓ અને એકમોની આકસ્મિક સ્થળ તપાસ કરવામાં આવી હતી. આ સઘન તપાસ દરમિયાન માનવ સ્વાસ્થ્ય માટે હાનિકારક જણાતા આશરે ૨૮,૫૭૦/- ની કિંમતના ૧૭૩ કિલોગ્રામ બિનઆરોગ્યપ્રદ ખાદ્યપદાર્થોનો ત્વરિત નાશ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત, આધુનિક ટેકનોલોજીથી સજ્જ 'ફૂડ સેફ્ટી ઓન વ્હીલ્સ' (FSW) વાન દ્વારા સ્થળ પર જ ૫૦૧ જેટલા ખાદ્ય પદાર્થોનું ગુણવત્તા પરીક્ષણ કરાયું હતું, તેમજ ફૂડ સેફ્ટી કાયદા હેઠળ વિવિધ ખાદ્યચીજોના ૯૭ અધિકૃત નમૂનાઓ એકત્ર કરી પૃથ્થકરણ અર્થે સરકારી લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા હતા.યાત્રાળુઓની સેવામાં જોડાયેલા નાના વેપારીઓ અને સેવાભાવી કેમ્પો પ્રત્યે સહાનુભૂતિપૂર્વક અભિગમ દાખવી તંત્ર દ્વારા પ્રોત્સાહક કામગીરી પણ હાથ ધરાઈ હતી. સ્થળ પર જ વિશેષ રજિસ્ટ્રેશન અને લાયસન્સ કેમ્પ યોજીને સરળતાથી ૮૯ ખાદ્ય રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ્સ એનાયત કરવામાં આવ્યા હતા. આ સાથે જ તંદુરસ્ત આહાર સંસ્કૃતિના નિર્માણ માટે ટીમ દ્વારા ૧૦૨ જનજાગૃતિ કેમ્પનું ભવ્ય આયોજન કરાયું હતું, જેના માધ્યમથી ૭૯,૪૦૦થી વધુ શ્રદ્ધાળુઓ અને વેપારીઓને ખાદ્ય સુરક્ષા, વ્યક્તિગત સ્વચ્છતા અને સલામત આહાર પદ્ધતિઓ અંગેનું સચોટ માર્ગદર્શન પૂરું પાડી જાગૃત કરવામાં આવ્યા હતા.અંબાજી ધામમાં દર્શનાર્થે આવતા પ્રત્યેક પદયાત્રીના સ્વાસ્થ્યનું જતન કરવું એ તંત્રએ માત્ર સરકારી ફરજ નહીં પરંતુ મા અંબાના ભક્તોની પવિત્ર સેવા સમજીને નિભાવી હતી. દિવસ-રાત જોયા વિના તંત્રના કર્મયોગીઓએ અથાક પરિશ્રમ થકી દર્શાવેલી સંવેદનશીલતાના કારણે લાખો ભાવિકો નિર્ભય બનીને સાત્વિક આહાર આરોગી શક્યા હતા. ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, પાલનપુરની આ સરાહનીય કામગીરીએ સાચા અર્થમાં 'સેવા એ જ સાધના'ના મંત્રને ચરિતાર્થ કરી ભાદરવી પૂનમના મહામેળાને આરોગ્યપ્રદ અને સફળ બનાવવામાં અમૂલ્ય યોગદાન આપ્યું છે.

# અંબાજી મહામેળામાં સ્વચ્છતા અને સુવિધાના શિલ્પીઓ એવા સફાઈ તથા એસ.ટી. કર્મીઓનું બહુમાન

માહિતી બ્યુરો, પાલનપુર | વિશ્વપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી ખાતે ચાલી રહેલા ભાદરવી પૂનમના મહામેળામાં લાખો માઈભક્તોની સેવા માટે દિવસ-રાત કાર્યરત સફાઈ કર્મીઓ તથા એસ.ટી. વિભાગના કર્મચારીઓનું બનાસકાંઠા જિલ્લા પોલીસ વિભાગ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી પ્રશાંત શુંબે દ્વારા સફાઈ કર્મીઓ અને એસ.ટી. કર્મચારીઓને ગુલાબનું ફૂલ તથા માતાજીનો ખેસ પહેરાવી, માતાજીની પ્રસાદી આપી તેમની સેવા અને ફરજ પ્રત્યેની નિષ્ઠાને બિરદાવવામાં આવી હતી.ભાદરવી પૂનમના મહામેળા દરમિયાન અંબાજીમાં મોટી સંખ્યામાં માઈભક્તો ઉમટી રહ્યા છે. આવા સમયે મેળા વિસ્તારમાં સ્વચ્છતા જળવાઈ રહે તે માટે સતત કાર્યરત સફાઈ કર્મીઓ તેમજ લાખો ભક્તોની સુરક્ષિત અને સુવ્યવસ્થિત અવરજવર સુનિશ્ચિત કરવામાં મહત્વની ભૂમિકા ભજવનારા એસ.ટી. વિભાગના કર્મચારીઓની કામગીરીની જિલ્લા પોલીસ વિભાગ દ્વારા પ્રશંસા કરવામાં આવી હતી.જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી પ્રશાંત શુંબેની આગેવાની હેઠળ યોજાયેલા સન્માન કાર્યક્રમમાં સફાઈ કર્મીઓ અને એસ.ટી. કર્મચારીઓને ગુલાબનું ફૂલ તથા માતાજીનો ખેસ અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. મેળા દરમિયાન ફરજ પ્રત્યેની તેમની નિષ્ઠા, પરિશ્રમ અને અડગ સેવા ભાવને બિરદાવતાં તેમને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.આ પ્રસંગે જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી પ્રશાંત શુંબેએ જણાવ્યું હતું કે, અંબાજી મહામેળામાં દર વર્ષે મોટી સંખ્યામાં માઈભક્તો માતાજીના દર્શન માટે આવે છે. સફાઈ કર્મીઓ અને એસ.ટી. વિભાગના કર્મચારીઓ નિષ્ઠાપૂર્વક પોતાની ફરજ બજાવી આ સમગ્ર વ્યવસ્થામાં મહત્વપૂર્ણ યોગદાન આપી રહ્યા છે.પોલીસ અધિક્ષકશ્રી વધુમાં જણાવ્યું હતું કે, માઈભક્તોની સુખાકારી માટે દિવસ-રાત પરિશ્રમ કરતા આ કર્મીઓની સેવા ખરેખર પ્રશંસનીય છે. તેમના અવિરત પ્રયત્નોથી લાખો શ્રદ્ધાળુઓ નિરાંતે અને સુવ્યવસ્થિત રીતે માતાજીના દર્શન કરી શકે છે. તેમની સેવા અને ફરજ પ્રત્યેની નિષ્ઠા સૌ માટે પ્રેરણાસ્ત્રોત છે. આ પ્રકારની નિ:સ્વાર્થ સેવા એ પણ મા અંબાની ભક્તિનું જ એક સ્વરૂપ છે.

# રાજુલા પંથકમાં સિંહનો આતંક : મોટા આગરીયામાં પશુનું મારણ કર્યું, જ્યારે નાની ખેરાળીમાં વનરાજા સામે પશુએ હિંમત દાખવી શિકારનો પ્રયાસ નિષ્ફળ

## મોટા આગરીયા ગામે ૪ અને નાની ખેરાળી ગામે મોડી રાત્રે ૩ સિંહો શિકારની શોધમાં ઘૂસ્યા





રિપોર્ટર કિશોર આર. સોલંકી જાફરાબાદ

અમરેલી જિલ્લાના રાજુલા પંથકમાં છેલ્લા કેટલાક સમયથી સિંહોના આંટાફેરા વધતા સ્થાનિક લોકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. રાજુલા તાલુકાના મોટા આગરીયા અને નાની ખેરાળી ગામમાં સિંહો દ્વારા શિકાર માટે રહેણાંક વિસ્તારમાં આંટાફેરા મારવાની બે અલગ-અલગ ઘટનાઓ સામે આવી છે. રાજુલાના મોટા આગરીયા ગામમાં ગત રાત્રિના સમયે સિંહોએ શિકારની શોધમાં એકસાથે ૪ સિંહો આવી ચડ્યા હતા. ગામની શેરીઓમાં સિંહોએ લટાર મારી એક પશુનું મારણ કર્યું હતું. અને સિંહોએ મારણ કર્યા બાદ ત્યાંજ મિજબાની માણી હતી. સિંહોની શિકારની સમગ્ર ઘટના સ્થાનિક રહીશોએ મોબાઈલ કેમેરામાં કેદ કરી હતી. મોટા આગરીયાની ઘટના બાદ નાની ખેરાળી ગામે પણ મોડી રાત્રે શિકારની શોધમાં ૩ સિંહો ઘૂસી આવ્યા હતા. ગામમાં આંટાફેરા દરમિયાન સિંહોએ એક પશુ પર હુમલો કરી તેનો શિકાર કરવાનો પ્રયત્ન કર્યો હતો. જો કે પશુએ હિંમત દાખવી સિંહોની સામે પ્રતિકાર કર્યો હતો જેના કારણે સિંહોનો શિકાર કરવાનો આ પ્રયાસ આખરે નિષ્ફળ રહ્યો હતો. સિંહોની આ લટાર ગામમાં લગાવેલા બે અલગ-અલગ સીસીટીવી કેમેરામાં કેદ થઈ હતી. આ મામલે નાની ખેરાળી ગામના આગેવાન જે.ડી.ભાઈ કાછડ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, અમારા ગામ તેમજ આજુબાજુના વિસ્તારમાં અવારનવાર સિંહો શિકારની શોધમાં આવી ચડતા હતા જેના કારણે સ્થાનિક ખેડૂતો અને ગ્રામજનોમાં ભયનો માહોલ સર્જાયો હતો. વન વિભાગ દ્વારા તાત્કાલિક ધોરણે નાઈટ પેટ્રોલિંગ વધારવામાં આવે તેવી માંગ કરી છે.

# રાજ્યના કેબિનેટ શ્રમ અને રોજગાર મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયા જૂનાગઢના વંથલી ખાતેના ક્લસ્ટર કક્ષાના મેળામાં સહભાગી બન્યાં : યુવાઓ સાથે પ્રત્યક્ષ સંવાદ સાધ્યો

નરેન્દ્ર દવે જૂનાગઢ

રાજ્યના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયાના અધ્યક્ષસ્થાને જૂનાગઢના વંથલી ખાતે ક્લસ્ટર કક્ષાનો રોજગાર ભરતી મેળો યોજાયો હતો. આ તકે કેબિનેટ મંત્રીશ્રીએ યુવાઓને પ્રોત્સાહિત કરવાની સાથે તેમની સાથે પ્રત્યક્ષ સંવાદ પણ સાધ્યો હતો. વંથલીના શ્રી દેવીપ્રસાદજી સ્કૂલ એન્ડ કોલેજ કેમ્પસ ખાતે જૂનાગઢ, ગીર સોમનાથ અને પોરબંદર જિલ્લાના રોજગારવાંચ્છુ યુવાનો માટે આયોજિત આ ભરતીમેળા માં આશરે ૪૦ જેટલા ઔદ્યોગિક ક્ષેત્રોના નોકરીદાતાઓ અને આશરે ૮૦૦ જેટલા યુવાઓએ ભાગ લીધો હતો. આ પ્રસંગે કેબિનેટ મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયા એ જણાવ્યું હતું કે, રાજ્યમાં ઔદ્યોગિક ક્રાંતિના પરિણામે યુવાનો માટે રોજગારીની વિશેષ તકો ઉપલબ્ધ થઈ રહી છે. સાથે જ ગુજરાતમાં દેશનાં અન્ય રાજ્યો તેમજ વિદેશમાંથી આવતા રોકાણના પગલે રોજગારીની નવી તકો પણ વિકસી રહી છે. આ સંદર્ભમાં રાજ્ય સરકાર જરૂરિયાત મુજબનું માનવબળ તૈયાર થાય તે માટે ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ દ્વારા વિવિધ પ્રકારના અભ્યાસક્રમો શરૂ કરવામાં આવ્યા છે. નવી શિક્ષણ નીતિમાં પણ કૌશલ્ય વિકાસ પર ભાર મૂકવામાં આવ્યો છે.તાલુકા કક્ષાએ આઈ.ટી.આઈ. સંસ્થાઓમાં નવા ટ્રેડ શરૂ કરવાની સાથે રોજગારીની તકો વધુ ઉપલબ્ધ થાય તે માટે સર્ટિફિકેટ કોર્સ પણ શરૂ કરવામાં આવ્યા છે. તેમણે યુવાનોને રોજગારી માટે મળતી તકોનો લાભ ઝડપી લેવા અનુરોધ કર્યો હતો અને યુવાઓને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવી હતી. તેમણે જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ યુવાનોને અધિકાર મળે અને તેમના કૌશલ્યને નિખાર મળવાની સાથે તેમની મનપસંદના ક્ષેત્રમાં રોજગારી મળી રહે તે વિઝન આપ્યું છે.કાર્યક્રમના અંતે કેબિનેટ મંત્રીશ્રીએ રોજગાર ભરતી મેળાની વ્યવસ્થાઓનું નિરીક્ષણ કર્યું હતું. સાથે જ નોકરીદાતાઓ અને યુવાઓ સાથે સંવાદ સાધ્યો હતો. ઔદ્યોગિક ક્ષેત્રને જરૂરી માનવબળ અને યુવાઓને રોજગારી મળી રહે તે માટે જરૂરી સંકલન કરવા સંબંધિત અધિકારીઓને જરૂરી માર્ગદર્શન અને સૂચનાઓ આપી હતી. કાર્યક્રમના પ્રારંભે જૂનાગઢના ઇન્ચાર્જ રોજગાર અધિકારીશ્રી બી.એ.પરમારે શાબ્દિક સ્વાગત કર્યું હતું અને અંતે આઈ.ટી. આઈ. જૂનાગઢના ઇન્ચાર્જ પ્રિન્સિપાલશ્રી વાય.વી.જોષીએ આભારવિધિ કરી હતી. રાજ્યના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના માર્ગદર્શનમાં જિલ્લા રોજગાર વિનિમય કચેરી જૂનાગઢ, પોરબંદર અને ગીર સોમનાથના સંયુક્ત ઉપક્રમે આ ક્લસ્ટર કક્ષાના રોજગાર ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે પોરબંદર જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી શીતલબેન ઓડેદરા, ધારાસભ્યશ્રી દેવાભાઈ માલમ, પ્રાંત અધિકારીશ્રી નિકુંજકુમાર ધુળા, રાજકોટના નાયબ નિયામક રોજગાર સુશ્રી સી.કે.મારડિયા, અગ્રણી શ્રીમતી ગીતાબેન ત્રાંબડિયા, રોજગાર ઈન્સ્પેક્ટરશ્રી વી.આર.ગઢીયા સહિતના પદાધિકારીઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ગરબાડા તાલુકાની ગરબાડા ઘટક ૧ હેઠળ આવતી ગુલબાર -7 આંગણવાડી કેન્દ્રનું કરાયું લોકાર્પણ

દિપક રાવલ દાહોદ લીમખેડા

દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાની ગરબાડા ઘટક ૧ હેઠળ આવતી ગુલબાર -7 આંગણવાડી કેન્દ્ર નું આજે તાલુકા પંચાયતના સભ્યશ્રી ,સરપંચશ્રી તેમજ બાળ વિકાસ યોજના અધિકારીશ્રી દ્વારા લોકાર્પણ કરાવવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં આંગણવાડીના નાના નાના ભૂલકાંઓ તેમના વાલીઓ અને સગર્ભા ધાત્રી હાજર રહ્યાં હતા.આ આધુનિક સુવિધાઓથી સજ્જ આંગણવાડી આજે ગામના બાળકો ને પ્રાપ્ત થઈ છે. બાળકોના પૂર્વ પ્રાથમિક શિક્ષણ ને વેગ મળશે તેમજ પૂરક પોષણ અને આરોગ્ય સેવાઓનું સુચારુ રૂપે



અમલીકરણ થઈ શકશે. આમ, આ આંગણવાડી થકી બાળકોના સર્વાંગી વિકાસનો પાયો વિકસસે. આ પ્રસંગે આંગણ મિલન સેવા ઉત્સવની પણ ઉજવણી કરવામાં આવી જે અંતર્ગત લાભાર્થીઓમાં THR વિતરણ કરવામાં આવ્યું તેમજ સગર્ભા, ધાત્રી કિશોરીઓને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ નો સંદેશ આપવામાં આવ્યો, બાળકોમાં ફળ અને સુખડીનું વિતરણ કરવામાં આવ્યું તેમજ સ્વસ્થ બાળકોને ચિત્રપોથી તેમજ કલર ની કીટ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા.

# રાજુલા તાલુકાના દાતરડી ગામે સેવા સેતુ કાર્યક્રમ યોજાયો : કુલ ૧૩ ગામના લાભાર્થીઓને વિવિધ સરકારી યોજનાઓના લાભનું વિતરણ

## સેવા સેતુ કાર્યક્રમ હેઠળ લાભાર્થીઓને સ્થળ પર જ સરકારી સેવાઓનો લાભ પહોંચાડવામાં આવ્યો

રિપોર્ટર કિશોર આર. સોલંકી જાફરાબાદ

રાજુલા તાલુકાના દાતરડી ગામે આજરોજ 'સેવા સેતુ' કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના ક્લસ્ટરમાં કુલ ૧૩ (તેર) ગામોનો સમાવેશ કરવામાં આવ્યો હતો, જેમાં (૧) ચાંચ (૨) ખેરા (૩) પટવા (૪) રાભડા (૫) દાતરડી (૬) વિસળીયા (૭) કથીવદર (૮) મજાદર (૯) વિક્ટર (૧૦) જોલાપર (૧૧) પીપાવાવ (૧૨) નિંગાળા-૧ અને (૧૩) સમઢિયાળા-૧ ના ગ્રામજનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ ક્લસ્ટર કક્ષાના સેવા સેતુ કાર્યક્રમ અંતર્ગત ગ્રામજનોએ સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો મહત્તમ લાભ લીધો હતો. કાર્યક્રમ દરમિયાન ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના, નિરાધાર વૃદ્ધ સહાય યોજના હેઠળના પાત્રતા ધરાવતા લાભાર્થીઓને મહાનુભાવોના હસ્તે સ્થળ પર જ મંજૂરી હુકમો એનાયત કરવામાં આવ્યા હતા. વહીવટી પ્રક્રિયાને સરળ બનાવી



સામાન્ય નાગરિકોના કલ્યાણ માટે લેવાયેલા આ નિર્ણયોથી લોકોના પ્રશ્નોનું સ્થળ પર જ સુખદ નિરાકરણ આવ્યું હતું.આ ઉપરાંત, આસપાસના વિસ્તારોમાંથી આવેલા નગરજનોને આવકના પ્રમાણપત્ર, રેશનકાર્ડને લગતી કામગીરી, જન્મ-મરણના દાખલા તેમજ આધારકાર્ડ જેવી પાયાની સેવાઓનો લાભ સીધો સ્થળ પર જ પહોંચાડવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે, લાભાર્થીઓએ સરકારી યોજનાઓની વિસ્તૃત સમજ મેળવી પ્રત્યક્ષ લાભ પ્રાપ્ત કર્યો હતો. આમ, સરકારી વહીવટ પ્રજાના ઘરઆંગણે લાવવાનો આ સેવા સેતુ કાર્યક્રમ દાતરડી ક્લસ્ટરમાં ખૂબ જ સફળ રહ્યો હતો.આ લોકઉપયોગી કાર્યક્રમમાં તાલુકા પંચાયત હોદ્દેદારશ્રીઓ, તેમજ સ્થાનિક સરપંચશ્રીઓ સહિત ઉપસ્થિત રહ્યા હતા. ક્લસ્ટર ગામોના સ્થાનિક લોકોએ પણ ખૂબ મોટી સંખ્યામાં આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહીને વહીવટી તંત્રના આ ઉમદા અભિગમનો લાભ લીધો હતો.

# જુનાગઢથી સિદસર જતા ઉમિયા માતાજીના રથનું ભવ્ય સ્વાગત કરતો ઉપલેટા પટેલ સમાજ

રિપોર્ટર વિજય રાડીયા ઉપલેટા

જુનાગઢ થી ઉપલેટા મુકામે ઉમિયા માતાજીના રથનું ભવ્ય સ્વાગત કરતો ઉપલેટા કડવા પટેલ સમાજ કડવા પટેલ સોશિયલ ગ્રુપ ઉમિયા સમિતિ ઉમા મહિલા મંડળ દ્વારા ઉદ્યોગપતિ વેપારી દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું ઉમિયા માતાજી સીદસર પ્રાગટ્ય 127. વર્ષની પૂર્ણાહુતિ પ્રસંગે ભાદરવા સુદ પૂનમ ના રોજ યોજાતા 11 કુંઢી મહાયજ્ઞય દર્શનો લાભ લેવા ઉમા પદયાત્રા સમિતિ દ્વારા જુનાગઢ થી સીદસર સુધી 71 કિલોમીટર પદયાત્રાનું સુંદર આયોજન દર વર્ષની જેમ




આ વર્ષે પણ સીદસરદ મુકામે પહોંચશે જુનાગઢ થી ઉમિયા માતાજીને રથ સાથે પદયાત્રી કો એક સાથે બધા ડીજેના તાલ સાથે જુનાગઢ થી ઝાંઝરડા રોડ મજેવડી ગોલાધર મોટીમારડ ચીખલીયા ઉપલેટા કોલકી રબારીકા ખારચીયા પાનેલી થઈ સિદસર માતાજી મંદિરે પહોંચશે.

### અમરેલીમાં પટેલ સંકુલ સ્કૂલ પાછળ આવેલી અર્જુન નગર સોસાયટીમાં

# ગણેશ મહોત્સવ અંતર્ગત સોસાયટી ધ્વારા અર્જુન નગરના રાજાને 56 ભોગનું આયોજન

રિપોર્ટર કિશોર આર. સોલંકી જાફરાબાદ

અમરેલી અર્જુન નગર સોસાયટીમાં આપણા સૌના આરાધ્યદેવ ગજાનંદ ગણપતિ મહારાજની અર્જુન નગરના રાજા તરીકેની સ્થાપના કરેલ તે અંતર્ગત તારીખ ૨૪/૦૯/૨૦૨૬ ને ગુરુવારના રોજ ૫૬ ભોગનું આયોજન કરવાયું. સોસાયટીના લોકો સાથે મળીને આં ૫૬ ભોગનું આયોજન થયું હતું.. જેમાં લોકો પોતાના ઘરેથી અલગ અલગ જાતના પ્રસાદ લઈ આવીયા અને ૫૬ ભોગ તરીકે અર્પણ કરીયા



સોસાયટી લોકોએ સાથે મળી જહેમત ઉઠાવી આં ગણપતિના 56 ભોગના કાર્યક્રમને સફળ બનાવ્યો હતો અને મોટી સંખ્યામાં સોસાયટી અને આજુ બાજુ ના લોકો ઉપસ્થિત રહી આં કાર્યક્રમને સફળ બનાવીયો.

# રાજ્યના શ્રમ અને રોજગાર મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયાએ માણાવદરના જીલાણા ગામે સેવાસેતુ કાર્યક્રમનું નિરીક્ષણ કર્યું : લાભાર્થીઓ સાથે સંવાદ સાધી પ્રતિભાવો મેળવ્યો

નરેન્દ્ર દવે | જૂનાગઢ

રાજ્યના શ્રમ અને રોજગાર મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયા એ માણાવદરના જીલાણા ગામે સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત આયોજિત સેવાસેતુ કાર્યક્રમનું નિરીક્ષણ કર્યું હતું. આ દરમિયાન કેબિનેટ મંત્રીશ્રીએ સેવા સેતુ કાર્યક્રમના લાભાર્થીઓ સાથે સંવાદ સાથે તેમના પ્રતિભાવો મેળવ્યા હતા. જીલાણા ગામની પ્રાથમિક શાળા ખાતે આયોજિત આ સેવા સેતુ કાર્યક્રમમાં વિવિધ વિભાગો દ્વારા ગ્રામજનોને સરકારી સેવાઓ અને યોજનાકીય લાભો પૂરા પાડવામાં આવ્યા હતા. આ તકે નાગરિકોને સરળ અને સુલભ રીતે સરકારી સેવાઓનો લાભ મળે તે માટે જરૂરી માર્ગદર્શન કર્યું મંત્રીશ્રીએ વિવિધ વિભાગોની કામગીરીનું નિરીક્ષણ કરી ગ્રામજનોની સુખાકારી અને સરકારી યોજનાઓનો લાભ વધુમાં વધુ લોકો સુધી પહોંચે તે અંગે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે મંત્રીશ્રીએ શાળાના બાળકો સાથે વાર્તાલાપ કરી આધારકાર્ડ અંગે સંવાદ સાધ્યો હતો. ઉપરાંત, વિવિધ સરકારી યોજનાઓના લાભાર્થીઓ સાથે પ્રત્યક્ષ રીતે તેમના અનુભવો અને સેવાઓ અંગેની માહિતી મેળવી હતી. ઉપસ્થિત સરકારી વિભાગોના કર્મચારીઓ સાથે ચર્ચા કરી સેવાસેતુ કાર્યક્રમનો વધુમાં વધુ લાભ ગ્રામજનોને મળે તે માટે સંકલિત કામગીરી કરવા સૂચન કર્યું હતું. વન વિભાગ, પીજીવીસીએલ, આરોગ્ય વિભાગ સહિતના વિવિધ વિભાગોના કર્મચારીઓ દ્વારા સ્થળ પર સેવાઓ પૂરી પાડવામાં આવી હતી. આંગણવાડીની બહેનો દ્વારા પોષણ માહ સપ્તાહ અંતર્ગત તૈયાર કરવામાં આવેલી વિવિધ પૌષ્ટિક વાનગીઓનું મંત્રીશ્રીએ નિરીક્ષણ કરી બહેનો સાથે સંવાદ કર્યો હતો.આ સેવા સેતુ કાર્યક્રમની સાથે આરોગ્ય સેવાઓ પણ આપવામાં આવી હતી. જેનો પણ સ્થાનિક અને આસપાસના ગ્રામજનોએ લાભ લીધો હતો. મંત્રીશ્રીએ ગ્રામ્ય વિસ્તારોમાં આરોગ્ય સેવાઓનો વ્યાપ વધારવા તથા સરકારી યોજનાઓનો લાભ છેવાડાના લોકો સુધી પહોંચાડવા સતત પ્રયત્નો કરવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે પ્રાંત અધિકારીશ્રી નિકુંજકુમાર ધુડા, મામલતદારશ્રી એસ.બી.ખાંભલીયા જીલાણા ગામના આગેવાન વિશાલભાઈ મેંદપરા, સહિત વિવિધ ગામોના આગેવાનો, સરકારી વિભાગોના કર્મચારીઓ અને બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# બાલાસિનોરના ગૂંથલી પ્રાથમિક શાળા ખાતે 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત સેવા સેતુ કાર્યક્રમ યોજાયો

જગદીશ ત્રિવેદી | મહીસાગર

રાજ્ય સરકારના સુશાસન અને પારદર્શી વહીવટના સંકલ્પને સાકાર કરવા તથા છેવાડાના માનવી સુધી કલ્યાણકારી યોજનાઓના લાભો સીધા અને ઝડપી પહોંચાડવાના ઉદ્દેશ સાથે



બાલાસિનોર તાલુકાના ગૂંથલી પ્રાથમિક શાળા ખાતે 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત સેવા સેતુ કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ બાલાસિનોરના ધારાસભ્યશ્રી માનસિંહ ચૌહાણની પ્રેરક ઉપસ્થિતિમાં ઉત્સાહભેર યોજાયો હતો.આ પ્રસંગે ઉપસ્થિત જનમેદનીને સંબોધતા ધારાસભ્યશ્રી માનસિંહ ચૌહાણે જણાવ્યું હતું કે, પ્રજાના પ્રશ્નો અને સમસ્યાઓનું સ્થાનિક કક્ષાએ જ ઝડપી અને પારદર્શક નિવારણ આવે તે માટે રાજ્ય સરકાર સતત કટિબદ્ધ છે. 'સરકાર તમારા દ્વારે' અભિગમને ચરિતાર્થ કરતા સેવા સેતુ કાર્યક્રમો દ્વારા ગ્રામજનોને એક જ છત નીચેથી વિવિધ વિભાગોની સેવાઓ સરળતાથી પ્રાપ્ત થઈ રહી છે, જેનાથી નાગરિકોના સમય અને નાણાંની મોટી બચત થાય છે.આ સેવા સેતુ કાર્યક્રમ અંતર્ગત ધારાસભ્યશ્રી માનસિંહ ચૌહાણ તથા મંચસ્થ મહાનુભાવોના વરદ હસ્તે વિવિધ સરકારી કલ્યાણકારી યોજનાઓના મંજૂર થયેલા લાભાર્થીઓને સત્તાવાર હુકમો અને પ્રમાણપત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું. શિબિર દરમિયાન આવક, જાતિ અને રહેઠાણના દાખલા, રેશનકાર્ડ સુધારણા, આયુષ્માન કાર્ડ, વરિષ્ઠ નાગરિક સહાય, દિવ્યાંગ પેન્શન, વિધવા સહાય તથા પંચાયત અને મહેસૂલ સંબંધિત વિવિધ સેવાઓનો અરજદારોએ સ્થળ પર જ લાભ લીધો હતો.આ કાર્યક્રમમાં સ્થાનિક પંચાયતના પદાધિકારીઓ, તાલુકા વહીવટી તંત્રના અધિકારીઓ-કર્મચારીઓ તેમજ ગૂંથલી અને આસપાસના ગ્રામ્ય વિસ્તારના મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. વહીવટી તંત્ર દ્વારા સ્થળ પર જ વિવિધ સરકારી યોજનાઓની સેવાઓ ઉપલબ્ધ કરાવાતાં ગ્રામજનોએ સંતોષ અને આનંદની લાગણી વ્યક્ત કરી હતી.

# અંજલિ ડેન્ટલ ક્લિનિક, ગોધરા દ્વારા સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત નિઃશુલ્ક મેગા ડેન્ટલ કેમ્પ યોજાયો

જગદીશ ત્રિવેદી | મહીસાગર

દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજીના જન્મદિવસ તથા જનસેવાના ગૌરવવંતા ૨૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે સમગ્ર દેશમાં ચાલી રહેલા 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત આજરોજ અંજલિ ડેન્ટલ ક્લિનિક, ગોધરા



ખાતે નિઃશુલ્ક મેગા ડેન્ટલ કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.આ કેમ્પમાં ૧૮૦થી વધુ દર્દીઓએ નિઃશુલ્ક દાંતની તપાસનો લાભ લીધો હતો, જ્યારે ૭૦ જેટલા દર્દીઓના નિઃશુલ્ક X-Ray કરવામાં આવ્યા હતા. કેમ્પમાં ઉપસ્થિત તમામ દર્દીઓને ક્લિનિક તરફથી ડેન્ટલ અવેરનેસ કીટ ભેટ સ્વરૂપે આપવામાં આવી હતી.આ પ્રસંગે અંજલિ ડેન્ટલ ક્લિનિકના ડો. ચિરાગ ઠાકરે. જણાવ્યું હતું કે, 'અંજલિ ડેન્ટલ ક્લિનિક હંમેશા દર્દીઓના સંતોષ અને આધુનિક ઉત્તમ સારવાર માટે પ્રતિબદ્ધ રહ્યું છે. આ સેવાકીય કાર્યક્રમની પ્રેરણા મારા પિતાશ્રી શ્રી શૈલેષભાઈ ઠાકર તરફથી મળી હતી, જેના થકી આ સુંદર કાર્યક્રમનું સફળ આયોજન થઈ શક્યું છે.'આ કાર્યક્રમમાં પંચમહાલ જિલ્લા ભાજપ પ્રભારી શ્રી હર્ષદભાઈ વસાવા, જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી મયંકભાઈ દેસાઈ, જિલ્લા મહામંત્રી શ્રી કુલદીપસિંહ સોલંકી, ગોધરા નગરપાલિકાના ચૂંટાયેલા સદસ્યશ્રીઓ, શહેર ભાજપ સંગઠનના હોદ્દેદારો, ભારત વિકાસ પરિષદ, ગોધરા શાખાના સૌ હોદ્દેદારો, પંચમહાલનું ઘરેણુ લોકગાયિકા અનીતાબેન ગઢવી, સોનલબેન બારોટ, અને મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.ઉપસ્થિત મહાનુભાવોએ અંજલિ ડેન્ટલ ક્લિનિકની આ સેવાકીય પ્રવૃત્તિને બિરદાવી હતી અને તેને વડાપ્રધાનશ્રીના સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણના મંત્રને સાકાર કરતું ઉત્તમ ઉદાહરણ ગણાવ્યું હતું.અંતમાં અંજલિ ડેન્ટલ ક્લિનિક અને ઠાકર પરિવાર દ્વારા આ કાર્યક્રમને સફળ બનાવવા બદલ સૌનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# ટૂંકી વાર્તા : વોટ્સએપ કોલ



- રુપાલી દવે



આગમ નો પિક મોબાઈલ માં છુપાવો ક્યારા માટે અઘરો હતો,કેમ? ભારતીય મેરીડ સ્ત્રીઓ માટે સમાજ એ દોરેલી રેખા ઓળંગવી અશક્ય છે.પરંતુ માઈલો દૂર વસ્તા આગમ માટે ક્યારા નું દિલ નિયમિત ધડક્યા કરતું હતું. સોશિયલ મીડિયામાં પાંચ વર્ષ પહેલા આગમ સાથે મુલાકાત થયા બાદ એનું સંપૂર્ણ જીવન આગમ મય બની ગયું હતું.ઘણીવાર ક્યારા ના નીત નવીન શોખ જોઈને એના પતિ ને પણ આશ્ચર્ય થતું હતું. ક્યારા ના નેઈલ આર્ટ કરેલા હાથ ને જોઈને એના પતિ પણ ખુશ થતા હતા પણ અચાનક આવેલ પત્ની માં બદલાવ એને સમજાતો નહતો. આમ તો ક્યારા ને નેઈલ પોલિશ નો જબરો શોખ લગ્ન પહેલા હતો પણ અર્થ ના જન્મ બાદ એણે નેઈલ પોલિશ લગાવવાનું બંધ કરી દીધું હતું.અર્થ ને નેઈલ કલર ના સુગંધ ની એલર્જી હતી એટલે.દસ વર્ષ બાદ અચાનક નખ માં નેઈલ પોલિશ લગાવેલ જોતાજ પતિદેવ એ વખાણ ના સુરમાં કહ્યું હતું કે તારા હાથ નેઈલ કલર ને લીધે વધારે સુંદર લાગે છે... હકીકત માં નેઈલ આર્ટ માટે આગમ એ ક્યારા ને ફોર્સ કર્યો હતો..એ માટે ખાસ કીટ બેંગલોર થી ક્યારા ને મોકલી હતી.. .......darling!!!! પ્લીઝ કઈક તો બોલ તું આમ અચાનક ચૂપ કેમ થઈ ગઈ?આજ તો તારા મુખ માંથી પ્રેમના ત્રણ જાદુઈ શબ્દો સાંભળી ને જ રહીશ.ક્યારા છેલ્લા 10 દિવસ થી માત્ર તારા મુખ માંથી એ ત્રણ જાદુઈ શબ્દો સાંભળવા માટે કલાકો રાહ જોયાં કરું છું પણ તું છે કે બોલતી જ નથી.તને ખબર છે પ્રેમમાં પાગલ તારા આગમની દુનિયાની તું ધડકન છો. કલાક થી મૌન ધારણ કરીને બેઠેલી ક્યારા ને સહેજ સ્મિત કરતા આગમ એ પૂછ્યું કે કેમ આજ શાંત છો? કલાક થી હું જ બોલ્યા કર્યું છું તું એકપણ શબ્દ ની આપ લે કરતી નથી.શું થયું છે મારી ક્યારા ને? તબિયત તો સારી છે ને. પ્લીઝ!!મારા ખાતર મૌન તોડી ને કંઈક બોલ.

ક્યારા એ મીઠા અવાજે રણકાર કરતા હળવું સ્માઈલ કરતા કહ્યું કે આગમ,આજ તું એકદમ અલગ લાગે છે તારા બદલાયેલા ચહેરામાં હું રીતસરની ખોવાઈ ગઈ હતી. જ્યારે બ્લૂ લાઈનિંગ વાળું શર્ટ તારા માટે ખરીદ્યું હતું ને ત્યારે સ્વપ્નેય ખ્યાલ નહતો કે આમાં તું એકદમ પરફેક્ટ મોડલ જેવો લાગીશ.. આજ બસ તને જોયા જ કરવાનું મન થાય છે.

ક્યારા ની વાત સાંભળતા જ આગમ એ મજાક કરતા કીધું કે સારું ક્યારા, બેંગલોર થી ફ્લાઈટ પકડી ને હું સીધો અમદાવાદ લેન્ડ થાવ છું. જેમ તેમ નથી ત્રણ મહિના બાદ મારી ક્યારા ને એના આગમ માં ખોવાઈ જવાનું મન થયું છે. સાચું ને..

ક્યારા એ શરમાઈ ને પોતાનો ચહેરો બે હાથ પાછળ છુપાવી દીધો..

.....પાંચ વર્ષથી ક્યારા અને આગમના ઓનલાઈન પ્રેમ સબંધો એકપણ અડચણ વગર ચાલ્યા કરતા હતા.. ઓન લાઈન પ્રેમ સબંધો વોટ્સેપ વિડિઓ કોલ થી ચાલ્યા કરતા હતા પાંચ વર્ષ માં એક વખત પણ ક્યારા અને આગમ એકબીજા ને ફિઝીકલી મળ્યા નથી કે મળવા નો પ્રયત્ન પણ કર્યો નથી. પ્રેમભરી રોમેન્ટિક વાતો દરમિયાન ક્યારા એ આગમ ને 'આઈ લવ યુ' કીધું નથી પણ આગમ ના મુખેથી આઈ લવ યુ સાંભળ્યું વધારે છે. બેંગલોર માં આઈ ટી કંપની માં જોબ કરતા 35 વર્ષ ના આગમ ને 40 વર્ષની હાઉસ વાઈફ ક્યારા સાથે fb માં frendship થતાં ધીમેધીમે મિત્રતા પ્રેમ માં પરિણામી. પ્રેમ સબંધ ના કરાર માં થયો હતો કે એકબીજા ને રૂબરૂ મળવાનું કે મળવાનો પ્રયત્ન કરવા નો નહી. ક્યારા પરણિત હતી ને એને એક દીકરો હતો એનું ગૃહસ્થ જીવન પ્રેમ સબંધ મેં લીધે તૂટે એવું એ ઈચ્છિતી નહતી.

આ કરાર ને દિલ થી માન આપીને પાંચ વર્ષ માં એકવાર પણ આગમ એ ક્યારેય ક્યારા ને મેળવવાનો પ્રયત્ન કર્યો નહતો. એ એને ખુદ કરતા પણ વધારે ચાહતો હતો એની મેરીડ લાઈફ એના કારણે બગડે એ ઈચ્છતો નહતો. સવાર થી લઈને રાત સુધી બન્નેનો અવિરત ઓનલાઈન રોમાન્સ ચાલ્યા કરતો હતો.

આગમ ના બેંગલોર ના વૈભવી ફ્લેટ માં રસોડા થી લઈને બેઠક ખંડ અને બેડ રૂમ માં બેડ પાછળ વિશાળ કદ ની ખુદની તસ્વીર જોતા એ વિચારતી હતી કે શું એ આટલી બધી સુંદર લાગે છે? કે પછી આગમ ની નજરે એની તસવીર ને વધારે ખૂબ સુરત બનાવી દીધી છે.

ક્યારા એ હસ્તા હસ્તા એક વખત આગમ ને પૂછ્યું હતું કે મારી તસવીર જોઈને તારા ઘરે આવતા ગેસ્ટ તારી મજાક ઉડાડતા નથી. બેચલર નાં ઘરને એક અજાણી સ્ત્રીની તસવીરે કબજે કરી નાખ્યું છે.કોઈએ તો પૂછ્યું જ હશે કે તસવીર વાળી છે કોણ ?.. આગમ એ આંખ મિચકારી ને કહ્યું જાનેમન, લોકો મારી જાન ની તસવીર જોઈને આવું પૂછે છે ત્યારે કહું છું કે આ તસ્વીરો એ મારા દિલ ની ધડકન છે..ભલે વસે છે દૂર પણ અનુભવું છું એને આસપાસ..

.....ક્યારા એ આગમ તરફ જોઈને મન માં જ બોલી કે પ્રિય!!!હું તને આઈ લવ યુ બોલી દઈશ એ પછી ડર લાગે છે કે આપણા રોમાન્સ ની ગતિ ને સમય પકડી લેશે તો. આમ તો વિચાર તને ખૂબ તડપાવવા નો હતો પણ તને નારાજ કરવા થી મને લાગે છે કે હું મારી ધડકન ગુમાવી દઈશ.. છું.હું ક્યારા છું આગમ ના પ્રેમ ભર્યા શબ્દો એના હૈયા ને ખુશ ખુશાલ કરી મૂકે છે..તું નહિ સમજે પ્રેમ તો સ્ત્રીઓ જ પામે છે પુરુષો એમાં સામેલ હોવા છતાંય પામતા નથી. મોબાઈલ ની સ્ક્રીન પરના નારાજગી માં મૌન આગમ ને ફ્લાઈંગ કિસ આપતા ક્યારા બોલી કે મારા દિલ ના રાજા મારાથી નારાજ થઈ જશો તો કેમ ચાલશે? શું થયું અચાનક? શું પ્રેમ વ્યક્ત કરવા એ ત્રણ શબ્દો એટલા જરૂરી છે?આગમ તારી નારાજગી મારા થી બિલકુલ સહન નહિ થાય..પ્લીઝ મારી સામુ જોઈને હસી દે જરા.. કઈક તો બોલ..હમણાં ઘરમાં બધા આવી જશે તો વાત કરી શકીશ નહિ..આગમ એ મોં ફુલાવી ને કહ્યું કે હવે તને એ ત્રણ જાદુઈ શબ્દો બોલવા માટે ક્યારેય જીદ નહીં કરું. મને તો મારી ક્યારા નું નિર્દોષ ખિલખિલાટ કરતું મુક્ત હાસ્ય જોઈએ.ક્યારા એ આગમ સામુ જોયું ને પ્રેમથી બોલી કે સો સ્વીટ ઓફ યુ darling!!!! લવ યુ સો મચ...આગમ ના કાન માં ક્યારા ના મુખે થી બોલાયેલ મીઠા મધુરા અવાજ માં એ જાદુઈ ત્રણ શબ્દો ક્યાંય સુધી ગુંજ્યા કર્યા....

આગમ ની અવિરત ચાલ્યા કરતા પ્રેમાળ વાક્યો માં તણાઈ ને ક્યારા તો મનોમન ક્યારનુંય 'આઈ લવ યુ આગમ' બોલી ચૂકી હતી પરંતુ આ ત્રણ જાદુઈ શબ્દો એના જીભ પર આવતા શરમાતા હતા.

ગણેશોત્સવના અવસરે મુંબઈ સ્થિત ટી-સિરીઝની ઓફિસમાં આયોજિત સત્યનારાયણ પૂજનમાં બોલિવૂડની અનેક હસ્તીઓએ હાજરી આપી. દર વર્ષની જેમ આ વર્ષે પણ સંગીત કંપની ટી-સિરીઝના કાર્યાલયમાં ભગવાન ગણેશની પ્રતિમા સ્થાપિત કરવામાં આવી હતી. આ ખાસ અવસરે વરુણ ધવન, કાર્તિક આર્યન, ટાઈગર શ્રોફ, તૃપ્તિ ડિમરી અને આયુષ્માન ખુરાના સહિત અનેક કલાકારોએ બાપ્પાનાં દર્શન કરી આશીર્વાદ લીધા. તમામ સિતારાઓ પરંપરાગત ભારતીય પરિધાનોમાં બાપ્પાની સામે માથું ટેકવતા જોવા મળ્યા. આ દરમિયાન જેકી શ્રોફ ત્યાં હાજર ફોટોગ્રાફરોને પ્રસાદ વહેંચતા જોવા મળ્યા.






# ટી-સિરીઝની સત્યનારાયણ પૂજામાં બોલિવૂડ સેલેબ્સનો જમાવડો...!

## વરુણ, કાર્તિક, સારા, રકુલ સહિતના સ્ટાર્સ જોડાયા; 'હનુમાન અંશ' ફેમ એક્ટર પણ પહોંચ્યા

(એજન્સી) મુંબઈ | તા.25

એક્ટ્રેસ સની લિયોની પતિ ડેનિયલ વેબર સાથે ટી-સિરીઝની ઓફિસે પહોંચી. આ દરમિયાન સની પરંપરાગત સાડીમાં જોવા મળી, જ્યારે ડેનિયલ કુર્તા-પાયજામા પહેરેલો જોવા મળ્યો. તેના ઉપરાંત એક્ટ્રેસિસ તૃપ્તિ ડિમરી, નેહા શર્મા, રકુલ પ્રીત સિંહ અને પલક તિવારી પણ સાદગીભર્યા પરંપરાગત વસ્ત્રોમાં બાપ્પાના આશીર્વાદ લેવા પહોંચી. એક્ટર આયુષ્માન ખુરાના પત્ની તાહિરા કશ્યપ સાથે ટી-સિરીઝની ઓફિસે પહોંચ્યા. બંને એથનિક વેરમાં જોવા મળ્યા.

ફિલ્મ 'હનુમાન અંશ'માં નીમ કરૌલી બાબાની મુખ્ય ભૂમિકા ભજવનારા એક્ટર શોભિનવ સત્ય પણ ખૂબ જ સાદા અંદાજમાં દર્શન કરવા પહોંચ્યા. તેમણે સાદગીભર્યો કુર્તો પહેર્યો હતો. તેમણે હાથ જોડીને ત્યાં હાજર લોકોનો આભાર માન્યો.


ટી-સિરીઝના મેનેજિંગ ડિરેક્ટર ભૂષણ કુમાર દર વર્ષે ગણેશ ચતુર્થીના પાવન અવસરે મુંબઈ સ્થિત પોતાની ઓફિસમાં ગણપતિ બાપ્પાની સ્થાપના કરે છે. ઉત્સવ દરમિયાન ફિલ્મ અને મ્યુઝિક ઈન્ડસ્ટ્રી સાથે જોડાયેલા નિર્માતા, ડિરેક્ટર, સિંગર અને એક્ટર્સ બાપ્પાના આશીર્વાદ લેવા પહોંચે છે. 'લવ એન્ડ વૉર'નો લુક રિલીઝ થયા બાદ જાહેરમાં દેખાયો રણબીર બોલિવૂડ એક્ટર રણબીર કપૂર ફિલ્મ 'લવ એન્ડ વૉર'માં પોતાનો લુક રિલીઝ થયા બાદ સ્પોટ થયો હતો. તે મુંબઈમાં પોતાના લાઈફસ્ટાઈલ બ્રાન્ડ આર્ક્સના નવા સ્ટોરના લોન્ચ ઈવેન્ટ દરમિયાન સાદા લુકમાં નજરે પડ્યો. આ દરમિયાન તે સ્લીવ-લેસ સફેદ ટી-શર્ટ, બ્લેક જોગર્સ અને કાળા સનગ્લાસ પહેરેલા જોવા મળ્યો.

આ દરમિયાન ત્યાં હાજર પાપારાઝીએ તેને પ્રશ્ન કર્યો કે રણબીર, તમને ગોળી ક્યાં વાગી? તેના જવાબમાં રણબીર પોતાનો હાથ બતાવ્યો.

હકીકતમાં, 'લવ એન્ડ વૉર'માં તેના પ્રથમ લુકમાં તેની શર્ટ પર લોહીના ડાઘ જોવા મળ્યા હતા. ત્યારબાદ પાપારાઝીએ તેને આ પ્રશ્ન કર્યો હતો.

# 'ગોવિંદા પોતાના આસપાસના વાતાવરણથી પરેશાન છે'

## અનુપમ ખેરની ગોવિંદાને સલાહ, કહ્યું- 'અંગત જીવન અને આદતોને કામ પર હાવી ન થવા દો'



(એજન્સી) મુંબઈ | તા.25

બોલિવૂડ એક્ટર ગોવિંદા હાલમાં તેની રૂમર્ડ ગર્લફ્રેન્ડ અને પત્ની સુનીતા આહૂજા સાથે ચાલી રહેલા અણબનાવના અહેવાલોના કારણે ચર્ચામાં છે. હવે એક્ટર અનુપમ ખેરે ગોવિંદાના અંગત જીવન પર પ્રતિક્રિયા આપી છે.

ફરીદૂન શહેરયારને આપેલા ઈન્ટરવ્યૂમાં અનુપમ ખેરે કહ્યું કે, 'ગોવિંદા શ્રેષ્ઠ અભિનેતા છે, પરંતુ તેમણે પોતાના અંગત જીવન અને આદતોને કામ પર હાવી થવા દેવી જોઈએ નહીં.'

હકીકતમાં, તાજેતરમાં ગોવિંદા રૂમર્ડ ગર્લફ્રેન્ડ કોમલ રાની સ્વર્ણકાર સાથે લાલબાગચા રાજાના દર્શન કરવા પહોંચ્યો હતો, જ્યારે તેની પત્ની સુનીતા તે જ દિવસે એકલી ત્યાં પહોંચી હતી.

અનુપમે કહ્યું કે, 'ગોવિંદાએ પોતાની આદતો અથવા અંગત મુશ્કેલીઓને પોતાના સમગ્ર જીવન અને કામ પર હાવી થવા દેવી જોઈએ નહીં.'

અનુપમે જણાવ્યું કે, તેઓ ગોવિંદા અંગે કોઈ નિર્ણય કે ટિપ્પણી કરનાર વ્યક્તિ નથી અને ગોવિંદા પોતાની જિંદગીને વધુ સારી રીતે સમજે છે. તેમણે ખુલાસો કર્યો કે, તેમણે ગોવિંદાને ફોન કર્યો હતો, પરંતુ ગોવિંદાએ પાછો ફોન કરવાની વાત કહી.

અનુપમ તેમને માત્ર એટલું કહેવા માગતા હતા કે, આ મુશ્કેલ સમય પણ પસાર થઈ જશે. અનુપમના જણાવ્યા અનુસાર, 'દરેક વ્યક્તિના જીવનમાં મુશ્કેલીઓ આવે છે. ગોવિંદા પોતાના આસપાસના વાતાવરણ અને પરિસ્થિતિઓથી થોડા પરેશાન જરૂર છે, પરંતુ તેમણે હાર માની નથી અને વાપસીની પૂરી આશા છે.'

અનુપમ ખેરે ગોવિંદાના કામની પ્રશંસા કરતાં કહ્યું કે, તેઓ તેમની સાથે કામ કરેલા સૌથી શ્રેષ્ઠ એક્ટરમાંના એક છે. બંનેએ સાથે મળીને 10થી 12 ફિલ્મોમાં કામ કર્યું છે.

અનુપમના જણાવ્યા અનુસાર, ઈમ્પ્રોવાઈઝેશન, અભિનય અને ડાન્સના મામલે ગોવિંદાની બરાબરી કોઈ કરી શકે નહીં.

ગોવિંદાની અંગત જિંદગી છેલ્લા કેટલાક સમયથી સતત ચર્ચામાં છે. તાજેતરમાં ગણેશોત્સવ દરમિયાન મુંબઈના પ્રસિદ્ધ લાલબાગચા રાજા પંડાલમાં ગોવિંદા પોતાની કો-સ્ટાર કોમલ રાની સ્વર્ણકાર સાથે ગણપતિનાં દર્શન કરવા પહોંચ્યો હતો. બીજી તરફ, તે જ દિવસે તેના પહેલાં તેની પત્ની સુનીતા આહૂજા એકલી જ દર્શન કરવા પહોંચી હતી. બંને અલગ-અલગ પહોંચ્યા અને કોમલ સાથે ગોવિંદા જોવા મળ્યો, ત્યારબાદ તેમના સંબંધો તથા કથિત અફેરને લઈને ચર્ચાઓ તેજ બની ગઈ છે.

ગોવિંદા અને કોમલ રાની સ્વર્ણકારથી થોડા સમય પહેલાં જ સુનીતા આહુજા પણ લાલબાગચા રાજાના દર્શન કરવા પહોંચી હતી. સુનીતા એકલી જ પોતાની સુરક્ષા ટીમ સાથે પહોંચી હતી.

ગોવિંદા અને કોમલ રાની સ્વર્ણકારથી થોડા સમય પહેલાં જ સુનીતા આહુજા પણ લાલબાગચા રાજાના દર્શન કરવા પહોંચી હતી. સુનીતા એકલી જ પોતાની સુરક્ષા ટીમ સાથે પહોંચી હતી.

સુનીતા આહુજાએ કહ્યું- 'લોકો દગો જ આપે છે'

ગણપતિ ઉત્સવમાં ગોવિંદા અને કોમલ રાની સાથે જોવા મળ્યા બાદ સુનીતા આહુજાનું એક નિવેદન સામે આવ્યું, જેમાં તેણે માણસોને દગાબાજ ગણાવ્યા છે અને શ્વાનને વફાદાર ગણાવ્યા છે. જોકે, આ નિવેદન આપતી વખતે સુનીતાએ સીધું ગોવિંદાનું નામ લીધું નહોતું.

વાસ્તવમાં, સુનીતા આહૂજા મુંબઈ એરપોર્ટ પર પોતાના પાલતું શ્વાન વિન્ટર સાથે સ્પોટ થઈ હતી. પાપારાઝી સાથે વાત કરતી વખતે સુનીતાએ કહ્યું કે, માણસોને ગમે તેટલો પ્રેમ કરો, તેનો કોઈ ફાયદો નથી. તે માત્ર દગો જ આપે છે. (શ્વાન વિન્ટર તરફ ઈશારો કરતા કહ્યું) આ લોકોને પ્રેમ કરો. જુઓ તેઓ હંમેશા વળગેલા રહે છે. વિન્ટર મને હંમેશા વિદાય આપવા આવે છે.

તેને કેમેરામાં પણ જોતા બરાબર આવડે છે. મનુષ્યો કરતાં તો પ્રાણીઓ વધુ સારા હોય છે ભાઈ. પ્રાણીઓને પ્રેમ કરો, માણસોને નહીં, માણસો દગાબાજ હોય છે.

# પ્રેમ, લગ્ન અને પછી પત્નીની હત્યા...!

## લવ લૉટરી'માં પુરુષના દૃષ્ટિકોણથી સંબંધના તણાવની વાત, સસ્પેન્સ અને કોર્ટરૂમ ડ્રામા છેલ્લે સુધી જકડી રાખશે

(એજન્સી) મુંબઈ | તા.25

પ્રેમ થયો, લગ્ન થયા અને પછી પત્નીની હત્યા! મામલો જ્યારે કોર્ટમાં પહોંચે છે ત્યારે પતિ પોતે આરોપીના કઠેડામાં ઊભો છે. હવે તે હત્યારો છે કે વાર્તાનો સૌથી મોટો શિકાર? ફિલ્મ 'લવ લૉટરી' આ જ પ્રશ્ન સાથે પોતાની રમત શરૂ કરે છે.

કાર્તિક સક્સેના (અક્ષય ઓબેરૉય)ના જીવનમાં ભરણી વર્મા (હેલી દારૂવાલા) આવે છે. મુલાકાત પ્રેમમાં બદલાય છે અને બંને લગ્ન કરી લે છે. પરંતુ લગ્ન પછી એ જ સંબંધ ધીમે-ધીમે ગૂંચવાતો જાય છે. વિશ્વાસ ઘટે છે, તણાવ વધે છે અને બંને વચ્ચે અંતર આવી જાય છે. પછી એક દિવસ ભરણીની હત્યા થઈ જાય છે.

પોલીસની નજર સીધી કાર્તિક પર જાય છે અને ઈન્સ્પેક્ટર વિક્રમ બિષ્ટ (કબીર દુહન સિંહ) તેની ધરપકડ કરી લે છે. કાર્તિક પોતાને નિર્દોષ ગણાવે છે, પરંતુ તેની વિરુદ્ધના સંજોગો ઓછા થતા નથી.

આ પછી તે પોતાના વકીલ પ્રશાંત બત્રા (વિક્રમ શર્મા) સમક્ષ પોતાના લગ્નની આખી કહાની જણાવે છે. પહેલી મુલાકાતથી લઈને પ્રેમ, લગ્ન અને સંબંધમાં આવેલી તિરાડ સુધીની વાત. ફિલ્મની રસપ્રદ બાબત એ છે કે કાર્તિક જેટલી પોતાની કહાની જણાવતો જાય છે, તેટલી જ શંકા વધતી જાય છે.

અક્ષય ઓબેરોય ફિલ્મની અસલી તાકાત છે. કાર્તિકના પાત્રમાં ડર પણ છે, ગુસ્સો પણ અને પોતાને બચાવવાની બેચેની પણ. અક્ષય આ ભાવનાઓને વધારે દેખાડો કર્યા વિના ભજવે છે. અનેક દશ્યોમાં તે એટલો સામાન્ય દેખાય છે કે આ જ કારણે તેના પરનો સંદેહ વધુ ગાઢ બને છે. ક્લાઈમેક્સમાં તેનો એકપાત્રી સંવાદ પણ અસર છોડી જાય છે. હેલી દારૂવાલા ભરણીના પાત્રમાં જરૂરી રહસ્ય જાળવી રાખે છે. આખી ફિલ્મ દરમિયાન તેને સરળતાથી સમજી શકાતી નથી, જે આ પાત્ર માટે જરૂરી છે. કબીર દુહાન સિંહ પોલીસ અધિકારીની ભૂમિકામાં બંધબેસે છે. વિજયંત કોહલી વાર્તામાં હળવાશ લાવે છે, જોકે લગ્ન અને મહિલાઓ વિશે તેમના પાત્રની કેટલીક વાતો જરૂર કરતાં વધુ સીધી લાગે છે. અગ્નિ અગ્યારી અને વિક્રમ શર્મા પણ પોતાની ભૂમિકાઓમાં અસર છોડે છે.

અરવિંદ પાંડેએ ગંભીર મુદ્દાને સીધા ભાષણમાં ફેરવવાને બદલે મર્ડર મિસ્ટ્રી અને કોર્ટરૂમ ડ્રામાના માર્ગે રજૂ કર્યો છે. આ કારણે ફિલ્મનો પહેલો ભાગ વધુ મજેદાર છે. સંબંધ તૂટી રહ્યો છે અને સાથે જ હત્યાની ગૂંચવણ પણ વધુ ગૂંચવાઈ રહી છે. થોડા-થોડા સમયાંતરે કોઈ નવી વાત સામે આવે છે અને શંકાની સોય સતત ફરતી રહે છે.

પરંતુ બીજા હાફમાં વાર્તાની ગતિ થોડી ધીમી પડી જાય છે. કોર્ટરૂમવાળા ભાગમાં કેટલાક ટ્વિસ્ટ એટલી અસર ઊભી કરતા નથી અને કેટલીક વાતો પાત્રોના અનુભવને બદલે સીધા સંવાદો દ્વારા સમજાવવામાં આવે છે. આ જ જગ્યા ફિલ્મને વધુ સારી બનાવી શકાઈ હોત.

ફિલ્મ પુરુષના દષ્ટિકોણથી વૈવાહિક વિવાદ અને ભાવનાત્મક દબાણની વાત કરે છે. વિષય નવો નથી, પરંતુ તેને મર્ડર મિસ્ટ્રી સાથે જોડવું રસપ્રદ છે. મુશ્કેલી એ છે કે કેટલીક જગ્યાએ ચર્ચા બારીક રહેવાને બદલે ખૂબ જ સીધી બની જાય છે.

## વેલકમ ફિલ્મના અભિનેતા મુશ્તાક ખાનનું નિધન

# 56 વર્ષની ઉંમરે લીધા અંતિમ શ્વાસ; 5 વર્ષથી કેન્સરથી પીડાતા હતા

(એજન્સી) મુંબઈ | તા.25

'વેલકમ' અને 'આશિકી' જેવી ફિલ્મોમાં પોતાના અભિનયથી ઓળખ બનાવનાર એક્ટર મુશ્તાક ખાનનું 56 વર્ષની વયે નિધન થયું છે. તેઓ છેલ્લા લગભગ 15 દિવસથી મુંબઈની નાનાવતી હોસ્પિટલમાં દાખલ હતા, જ્યાં તેમણે આજે 24 સપ્ટેમ્બરે અંતિમ શ્વાસ લીધા.

મુશ્તાક ખાન છેલ્લા પાંચ વર્ષથી કેન્સરની બીમારી સામે ઝઝૂમી રહ્યા હતા. તેમના બિઝનેસ પાર્ટનર શિવમે આજતક સાથેની વાતચીતમાં તેમના નિધનની પુષ્ટિ કરી છે. તેમને 25 સપ્ટેમ્બરે મુંબઈમાં સુપુર્દ-એ-ખાક કરવામાં આવશે.

મુશ્તાક ખાનને લગભગ પાંચ વર્ષ પહેલાં કેન્સર હોવાનું નિદાન થયું હતું. સારવાર બાદ તેઓ સ્વસ્થ થઈ ગયા હતા, પરંતુ તાજેતરમાં આ બીમારી ફરી પાછી આવી હતી. ત્યારબાદ તેમની તબિયત સતત બગડવા લાગી હતી. ગંભીર હાલતને ધ્યાનમાં રાખીને તેમને મુંબઈની નાનાવતી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં ડૉક્ટરોની દેખરેખ હેઠળ તેમની સારવાર ચાલી રહી હતી.

મુશ્તાક ખાનના બિઝનેસ પાર્ટનર શિવમે માહિતી આપી કે ગુરુવારે હોસ્પિટલમાં સારવાર દરમિયાન તેમણે દુનિયાને અલવિદા કહી દીધું. તેમના નિધનથી તેમના પરિવાર અને ફિલ્મ જગતના સાથીદારોમાં શોકનું વાતાવરણ છે. મધ્ય પ્રદેશના બાલાઘાટ જિલ્લાના બૈહરમાં જન્મેલા મુશ્તાક ખાને પોતાની કારકિર્દીની શરૂઆત થિયેટરથી કરી હતી. વર્ષ 1980માં ફિલ્મ 'થોડી સી બેવફાઈ' અને 'અલ્બર્ટ પિંટો કો ગુસ્સા ક્યોં આતા હૈ'થી તેમણે હિન્દી સિનેમામાં પગ મૂક્યો. તેમની ચાર દાયકાથી વધુ લાંબી અભિનય કારકિર્દીમાં તેમણે 250થી વધુ ફિલ્મોમાં અભિનય કર્યો. ફિલ્મો ઉપરાંત તેમણે નાના પડદા પર 'અદાલત', 'ચાચા ચૌધરી', 'ટેઢે-મેઢે સપને' અને 'કુછ રંગ પ્યાર કે ઐસે ભી' જેવી લોકપ્રિય ધારાવાહિકોમાં પણ કામ કર્યું.

મુશ્તાક ખાને પોતાની કારકિર્દીમાં અનેક યાદગાર પાત્રો ભજવ્યાં, જેના કારણે તેમને ઘર-ઘરમાં ઓળખ મળી. 2007માં આવેલી ફિલ્મ 'વેલકમ'માં મજનુભાઈ (અનિલ કપૂર)ના સાથી 'બલ્લૂ'ની ભૂમિકાથી તેમને ઘણી પ્રસિદ્ધિ મળી. આ પહેલાં 1993ની ફિલ્મ 'હમ હૈં રાહી પ્યાર કે'માં દક્ષિણ ભારતીય લહેજાવાળા 'ભગવતી પ્રસાદ મિશ્રા' અને 1990ની બ્લોકબસ્ટર 'આશિકી'માં દરજી 'રફૂ માસ્ટર'નું તેમનું પાત્ર ઘણું ચર્ચિત રહ્યું હતું.

આ ઉપરાંત ફિલ્મ 'મુઝસે શાદી કરોગી'માં 'ચુટકી બાબા', 'ગદર: એક પ્રેમ કથા'માં 'ગુલ ખાન' અને 'દિલ હૈ કિ માનતા નહીં'માં બસ કંડક્ટરની ભૂમિકામાં પણ તેમના અભિનયની ખૂબ પ્રશંસા થઈ હતી.

# અનુષ્કા શર્માનો મોસ્ટ-ફોલોવ્ડ એથ્લેટ પાર્ટનર્સમાં સમાવેશ : દુનિયાની ટોપ-5માં એકમાત્ર ભારતીય

(એજન્સી) મુંબઈ | તા.25

બોલિવૂડ અભિનેત્રી અનુષ્કા શર્માએ રમત જગતની સૌથી લોકપ્રિય અને સૌથી વધુ ફોલો કરવામાં આવતી એથ્લીટ પાર્ટનર્સ (WAGs)ની વૈશ્વિક યાદીમાં પોતાનું સ્થાન બનાવ્યું છે.

મીડિયા પબ્લિકેશન વૅન્ટિક્સ દ્વારા જાહેર કરવામાં આવેલા અહેવાલમાં અનુષ્કા શર્મા ચોથા સ્થાન પર છે. તેઓ વિશ્વની ટોચની-5 એથ્લીટ પાર્ટનર્સમાં સામેલ થનારી એકમાત્ર ભારતીય અને ક્રિકેટ જગતમાંથી એકમાત્ર ચહેરો છે.

આ વૈશ્વિક યાદીમાં કિમ કાર્દાશિયન, પોપ સ્ટાર ટેલર સ્વિફ્ટ અને ક્રિસ્ટિયાનો રોનાલ્ડોની પત્ની જ્યોર્જિના રોડ્રિગેઝ જેવા મોટા નામો પણ સામેલ છે. અહેવાલ મુજબ અનુષ્કા માત્ર વિરાટની પાર્ટનર હોવાને કારણે નહીં, પરંતુ પોતાની અલગ ઓળખના દમ પર આ યાદીમાં સામેલ થઈ છે. વેન્ટિક્સની આ વૈશ્વિક રેન્કિંગમાં ફોર્મ્યુલા 1 રેસર લુઈસ હેમિલ્ટનની પાર્ટનર તરીકે ઓળખાતી કિમ કાર્દાશિયન 343 મિલિયન (34.3 કરોડ) ફોલોઅર્સ સાથે પ્રથમ સ્થાન પર છે.

તે જ સમયે, અમેરિકન ફૂટબોલ (NFL) સ્ટાર ટ્રેવિસ કેલ્સની પત્ની અને પ્રસિદ્ધ ગાયિકા ટેલર સ્વિફ્ટ 272 મિલિયન (27.2 કરોડ) ફોલોઅર્સ સાથે બીજા નંબરે છે. ફૂટબોલ લેજેન્ડ ક્રિસ્ટિયાનો રોનાલ્ડોની પત્ની જ્યોર્જિના રોડ્રિગેઝ 78.3 મિલિયન ફોલોઅર્સ સાથે યાદીમાં ત્રીજા સ્થાને છે. ભારતીય ક્રિકેટર વિરાટ કોહલીની પત્ની અનુષ્કા શર્મા આ યાદીમાં ચોથા સ્થાને છે. જ્યારે બ્રાઝિલિયન ફૂટબોલર વિનિશિયસ જુનિયરની પાર્ટનર વર્જિનિયા ફોન્સેકા 56.5 મિલિયન ફોલોઅર્સ સાથે પાંચમા નંબરે છે.



# દોહિત્ર-દોહિત્રી સાથે લાલબાગચા રાજાના દર્શને પહોંચ્યો અંબાણી પરિવાર

## ગુજરાતી લુકમાં નીતાનો ઠાઠ, ભાણેજને તિલક લગાવવા અનંતે પાપડ વણ્યા

(એજન્સી) મુંબઈ | તા.25

ગણેશ વિસર્જનની પૂર્વ સંધ્યાએ અંબાણી પરિવારે લાલબાગચા રાજાના દર્શન કરી આશીર્વાદ લીધા. બિઝનેસમેન મુકેશ અંબાણી પત્ની નીતા અંબાણી, દીકરા અનંત અને વહાલી દોહિત્રી આદિયા તથા દોહિત્ર ક્રિષ્ના સાથે ગણપતિ બાપ્પાના આશીર્વાદ લેવા પહોંચ્યા હતા. કડક સુરક્ષા વ્યવસ્થા વચ્ચે અંબાણી પરિવારે બાપ્પાના ચરણોમાં શીશ ઝુકાવ્યું હતું. આ સમગ્ર દર્શન દરમિયાન નીતા અંબાણીનો રોયલ ગુજરાતી લુક અને બાળકો સાથેની તેમની પ્રેમભરી મસ્તી સૌના આકર્ષણનું કેન્દ્ર બની હતી.

ગણપતિ બાપ્પાના દર્શન દરમિયાન નીતા અંબાણીનો પરંપરાગત લુક ખૂબ જ ચર્ચામાં રહ્યો હતો. તેમણે ગુજરાતના અમૂલ્ય વારસા સમાન લાલ તથા ઘેરા કેસરી રંગના 'ડબલ ઈક્કત' વણાટવાળા પટોળાની પસંદગી કરી હતી. ગુજરાતી સીધા પલ્લુની શૈલીમાં પહેરેલા આ પટોળા સાથે તેમણે મેચિંગ ઘેરા લાલ રંગનું બ્લાઉઝ પેર-અપ કર્યું હતું.

સાડી સાથે તેમણે ખાસ ડાયમંડ નેકલેસ પહેર્યો હતો, જેમાં ગણપતિ બાપ્પાની મનોહર આકૃતિ ઉપસેલી હતી, જેણે તેમના લુકને વધુ ભવ્ય બનાવ્યો. સાથે જ મેચિંગ ઈયરરિંગ્સ, હાથમાં પરંપરાગત લાલ કાચની બંગડીઓ અને પન્નાની (એમરાલ્ડ) વીંટી તેમના ક્લાસી લુકને સંપૂર્ણ બનાવતી હતી. વાળમાં ફૂલોથી સજાવેલા સુઘડ અંબોળાએ તેમની સુંદરતામાં વધારો કર્યો હતો.

દર્શન દરમિયાન નીતા અંબાણીનું તેમની દીકરી ઈશા અંબાણીના બાળકો-આદિયા અને ક્રિષ્ના સાથે ખાસ બોન્ડિંગ જોવા મળ્યું હતું. નીતા અંબાણીએ દોહિત્રી આદિયાને તેડીને બાપ્પાના ચરણોમાં નમન કરાવ્યા હતા, જ્યાં નાનકડી આદિયા પોતાના નાની સાથે સતત મસ્તીના મૂડમાં જોવા મળી હતી. ત્યારબાદ તેમણે દોહિત્ર ક્રિષ્નાને ખોળામાં લઈ મૂષક રાજ પાસે લઈ જઈને બાપ્પાની વાર્તા પણ સંભળાવી હતી.

બીજી તરફ, અનંત અંબાણીનો એક ખૂબ જ ક્યૂટ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે, જેમાં તેઓ પોતાના ભાણેજ ક્રિષ્નાને પ્રેમથી પગે લગાડીને તિલક કરતા જોવા મળે છે. જોકે, ભાણી આદિયાને તિલક કરવા માટે મામા અનંતે ભારે મથામણ કરવી પડી હતી. નાનકડી આદિયા વારંવાર મામા સાથે રમત કરતી હતી અને તિલક લગાવવા દેતી નહોતી.



લાંબા અંતરની દોડમાં વિજય

# એશિયન ગેમ્સમાં સીમાનો ઐતિહાસિક બ્રોન્ઝ મેડલ જીત્યો

(એજન્સી) નાગોયા । તા. 25

ભારતની પ્રતિભાશાળી લાંબા અંતરની દોડવીર સીમાએ જાપાનના નાગોયા ખાતે યોજાયેલી એશિયન ગેમ્સમાં મહિલાઓની દસ હજાર મીટર દોડ સ્પર્ધામાં શાનદાર પ્રદર્શન કરીને બ્રોન્ઝ મેડલ પોતાના નામે કર્યો છે. આ અદ્ભુત વિજય સાથે ભારતે વર્ષ બે હજાર દસ પછી આ રમત સ્પર્ધામાં પ્રથમ વખત એથ્લેટિક્સમાં મેડલ હાંસલ કર્યો છે, જેના કારણે સમગ્ર દેશમાં ખુશીની લહેર છવાઈ ગઈ છે.

હિમાચલ પ્રદેશના ચંબાના પર્વતોમાં દોડીને મોટી થયેલી પચીસ વર્ષીય સીમાએ આ સ્પર્ધામાં વિશ્વસ્તરના દિગ્ગજ ખેલાડીઓને પાછળ છોડી દીધા છે. ભૂતપૂર્વ ઓલિમ્પિક વિજેતા તેમજ એશિયન ચેમ્પિયન જેવા ખેલાડીઓ સામેની આ લડાઈમાં સીમાએ પોતાની રમતનું ઉત્તમ કૌશલ્ય બતાવ્યું છે. છેલ્લા ત્રણ વર્ષથી અમેરિકાના કોલોરાડો સ્પ્રિંગ્સ ખાતેના ઉચ્ચ પ્રદેશના કેન્દ્રમાં કોચના માર્ગદર્શન હેઠળ સખત તાલીમ મેળવી રહેલી સીમાએ દબાણ વગર મેદાન પર શાનદાર દેખાવ કર્યો હતો. સ્પર્ધાની શરૂઆતથી જ સીમાએ પોતાની રણનીતિ સ્પષ્ટ રાખી હતી. શરૂઆતમાં અન્ય ખેલાડીઓની ઝડપ અને તેમની દોડવાની રીત પારખ્યા બાદ, તેણે પોતાની ગતિને નિયંત્રિત કરી હતી. રેસ દરમિયાન ખેલાડીઓની બદલાતી ઝડપ અને થાક વચ્ચે પણ સીમાએ પોતાનું સંતુલન જાળવી રાખ્યું હતું. અંતિમ ચરણમાં અગ્રણી દોડવીરોની સાથે રહીને તેણે પોતાની તાકાત બચાવી રાખી હતી અને અંતિમ તબક્કામાં જોરદાર ગતિ પકડીને ત્રીજું સ્થાન મેળવ્યું હતું.

આ મોટી સ્પર્ધા વિશે સીમાએ પોતાની માતા કેસરી દેવીને પહેલેથી જણાવ્યું ન હતું, કારણ કે તેમની તબિયત અને બ્લડ પ્રેશરની ચિંતાને કારણે તે તેમને ટેન્શન આપવા માંગતી ન હતી. માતાને એમ હતું કે તે હજુ બેંગલુરુમાં જ દોડનો અભ્યાસ કરી રહી છે. પરંતુ હવે આ મોટા વિજય બાદ આ વાત માતા સુધી પહોંચી જશે અને તેઓ ખુશીથી રાતભર ઊંઘી નહીં શકે તેવી લાગણી સીમાએ વ્યક્ત કરી હતી. દસ હજાર મીટર દોડમાં બ્રોન્ઝ મેડલ જીત્યા બાદ હવે સીમાનો ઉત્સાહ ખૂબ જ વધી ગયો છે. આગામી દિવસોમાં તે પાંચ હજાર મીટર દોડની સ્પર્ધામાં પણ ભાગ લેવાની છે, જ્યાં તે પોતાના આ મેડલનો રંગ બદલીને વધુ ઉત્તમ પ્રદર્શન કરવા માટે સંપૂર્ણપણે તૈયાર છે.

એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઇલાઇટ

## ચેસ ઓલમ્પિયાડમાં ભારત જર્મની સામે ટકરાશે



(એજન્સી) સમરકંદ । તા. 25

ઉઝબેકિસ્તાનના ઐતિહાસિક શહેર સમરકંદ ખાતે ચાલી રહેલી છમોળસમી ફિડે ચેસ ઓલમ્પિયાડ સ્પર્ધામાં હવે રોમાંચક મોડ આવી ગયો છે, જ્યાં શુક્રવારે રમાનાર નવમા રાઉન્ડના મુકાબલામાં ડિફેન્ડિંગ ચેમ્પિયન ભારતીય પુરૂષ ટીમ મજબૂત જર્મન ટીમ સામે ટકરાવા માટે મેદાનમાં ઉતરશે, અને અગાઉના રાઉન્ડમાં ડ્રો રહેલી મેચોના સિલસિલાને તોડીને વિજયી પંથે પરત ફરવા માટે સંપૂર્ણપણે કટિબદ્ધ છે. અગાઉના આઠમા રાઉન્ડમાં ભારતીય ટીમોએ સંઘર્ષપૂર્ણ પ્રદર્શન કર્યું હતું, જેમાં પુરૂષ વર્ગની મેચ અઝરબૈજાન સામે બરોબરી પર સમાપ્ત થઈ હતી, જ્યારે મહિલા વર્ગમાં યુવા ખેલાડી સવિતા શ્રીની શાનદાર અને નોંધપાત્ર જીતના સહારે ટીમ કઝાકિસ્તાન સામે હાર ટાળીને મેચ ડ્રો કરવામાં સફળ રહી હતી. આ રસાકસી ભરેલા મુકાબલાઓ બાદ હવે નવમા રાઉન્ડમાં ભારતીય પુરૂષ ટીમ જર્મની સામે પડકાર ઝીલશે, જ્યારે મહિલા ટીમ યજમાન ઉઝબેકિસ્તાનની સામે પોતાની રમતનું પ્રદર્શન કરશે.

આગામી મહત્વપૂર્ણ મુકાબલાને ધ્યાનમાં રાખીને ભારતીય મેનેજમેન્ટે બંને ટીમોની લાઇનઅપમાં એક-એક મહત્વનો ફેરફાર કર્યો છે. ઓપન સેક્શનમાં અનુભવી ખેલાડી વિદિત ગુજરાતીને આરામ આપવામાં આવ્યો છે, અને તેમના સ્થાને પ્રતિભાશાળી નિહાલ સારિનને ટીમમાં સામેલ કરવામાં આવ્યા છે, જેઓ બોર્ડ પર પોતાની ચાલાકીથી વિરોધીઓને શિસ્તબદ્ધ લડત આપશે. તે જ પ્રમાણે, મહિલા ટીમમાં પણ આર. વૈશાલીના સ્થાને વંતિકા અગ્રવાલને ટીમમાં સ્થાન આપવામાં આવ્યું છે, જે ટીમની તાકાતમાં વધારો કરશે.

# એશિયન ગેમ્સમાં ભારતીય કબડ્ડી ટીમનો વિજય

(એજન્સી) નાગોયા । તા. 25



શુક્રવારે એશિયન ગેમ્સના રોમાંચક મહાસંગ્રામમાં ભારતીય કબડ્ડી ટીમોએ શાનદાર અને પ્રભાવશાળી પ્રદર્શન કરીને સેમિફાઈનલ મુકાબલામાં શાનદાર વિજય મેળવ્યો છે, જ્યાં પુરૂષ વર્ગમાં ભારતે થાઈલેન્ડ સામે છાસી વિરુદ્ધ અઠ્ઠાવીસના વિશાળ સ્કોરથી ભવ્ય વિજય નોંધાવ્યો છે, જ્યારે મહિલા વર્ગમાં પણ ભારતીય ખેલાડીઓએ નેપાળની ટીમને અડસઠ વિરુદ્ધ ચોવીસના અંતરથી હરાવીને સમગ્ર દેશનું ગૌરવ વધાર્યું છે.

આ મહાસમરાંગણમાં ભારતીય કબડ્ડી ટીમોએ શરૂઆતથી જ પોતાની સર્વોપરિતા સાબિત કરી દીધી છે. પુરૂષ અને મહિલા બંને વર્ગમાં રાષ્ટ્રીય ખેલાડીઓએ અદ્ભુત રમત દાખવીને વિરોધી ટીમોને મેદાન પર સંઘર્ષ કરવા મજબૂર કરી દીધી હતી. એશિયન ગેમ્સના આ તબક્કે ભારતીય ટીમોની આ વિજયી રથયાત્રા માત્ર ખેલદિલીનું પ્રદર્શન નથી પરંતુ આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતના મજબૂત ખેલ કૌશલ્યની સાક્ષી પૂરે છે, જેના કારણે કરોડો ખેલપ્રેમીઓમાં ખુશીનો માહોલ છવાઈ ગયો છે.

મેચના પ્રારંભથી જ ભારતીય રેડર્સ અને ડિફેન્ડર્સે આક્રમક રણનીતિ અપનાવી હતી. પુરૂષ મુકાબલામાં થાઈલેન્ડ સામેની રમત દરમિયાન ભારતીય ખેલાડીઓએ સતત પોઈન્ટ મેળવીને મેચ પર પોતાની પકડ મજબૂત કરી લીધી હતી અને વિરોધી ટીમને વાપસી કરવાની કોઈ તક આપી ન હતી. તે જ પ્રમાણે, મહિલા મુકાબલામાં નેપાળ વિરુદ્ધની ટક્કરમાં ભારતીય મહિલાઓએ ચપળતા અને શિસ્તબદ્ધ રમતનું પ્રદર્શન કરીને મોટા અંતરથી વિજય મેળવ્યો હતો. મેદાન પર ખેલાડીઓની આ ફિટનેસ અને ઉત્સાહ તેમની સખત તાલીમ અને આત્મવિશ્વાસને સ્પષ્ટપણે દર્શાવે છે.

સેમિફાઈનલના આ શાનદાર વિજય બાદ હવે ભારતીય કબડ્ડી ટીમો આગામી અંતિમ અને નિર્ણાયક તબક્કા માટે સંપૂર્ણપણે સજ્જ થઈ રહી છે. મીડિયા અહેવાલ અનુસાર, ખેલાડીઓનો ઉત્સાહ સાતમા આસમાને છે અને તમામ સભ્યો સુવર્ણ ચંદ્રક જીતવાના એકમાત્ર લક્ષ્ય સાથે મેદાનમાં ઉતરી રહ્યા છે.

## એશિયન ગેમ્સમાં ભારતીય રમતવીરોની ઐતિહાસિક જીત

### એશિયન ગેમ્સમાં ભારતનો શાનદાર મેડલ વિજય



(એજન્સી) નાગોયા । તા. 25

એશિયન ગેમ્સ બે હજાર છવીસમાં ભારતીય રમતવીરોએ પોતાની પ્રતિભાનું ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને કુલ ઓગણીસ મેડલ પોતાના નામે કરી લીધા છે, જેમાં પચીસ સપ્ટેમ્બરે શૂટિંગ મુકાબલામાં કમલજીત અને સુરૂચિ સિંહની જોડીએ દસ મીટર એર પિસ્તોલ મિક્સ્ડ ટીમ ઈવેન્ટમાં શાનદાર સુવર્ણચંદ્રક જીતીને દેશનું ગૌરવ અનેકગણું વધારી દીધું છે.

સ્પર્ધાના આ રોમાંચક તબક્કે ભારતે બે ગોલ્ડ, આઠ સિલ્વર અને નવ બ્રોન્ઝ મેડલ સાથે પોતાની સ્થિતિ અત્યંત મજબૂત બનાવી લીધી છે. શૂટિંગમાં કમલજીત અને સુરૂચિની જોડીએ ફાઈનલ મુકાબલામાં ચારસો ચોર્યાસી પોઈન્ટ છ ના સ્કોર સાથે દક્ષિણ કોરિયાની મજબૂત ટીમને છ પોઈન્ટથી પછાડીને દેશ માટે બીજો સુવર્ણચંદ્રક મેળવ્યો છે. આ અગાઉ મહિલા ક્રિકેટ ટીમે શ્રીલંકાને હરાવીને પ્રથમ ગોલ્ડ અપાવ્યો હતો, જ્યારે હવે ટેબલ ટેનિસ અને સ્ક્વોશ જેવી અન્ય રમતોમાં પણ નવા મેડલ પાકા થઈ ગયા છે.

એથ્લેટિક્સ ક્ષેત્રે પણ ભારતે અદ્ભુત પ્રદર્શન કરતા મિક્સ્ડ રિલે રેસમાં વિશાલ ટીકે, પૂવમ્મા, મનુ અને વિથ્યા રામરાજની ટીમે સિલ્વર મેડલ મેળવ્યો છે, જ્યારે દસ હજાર મીટર દોડમાં સીમાએ તાંબાનો ચંદ્રક જીતીને શાનદાર સફળતા મેળવી છે. આ ઉપરાંત, શૂટિંગની સ્કીટ ઈવેન્ટમાં અનંતજીત નરુકા અને પરિનાજ ધાલીવાલે બ્રોન્ઝ મેડલ જીત્યો છે. વેઈટલિફ્ટિંગમાં અનુભવી મીરાબાઈ ચાનુંએ કુલ એકાણું કિલોગ્રામ વજન ઊંચકીને પોતાનો પ્રથમ એશિયાર્ડ મેડલ મેળવ્યો છે, અને વુશુ તથા રોઈંગ જેવી રમતોમાં પણ ભારતીય ખેલાડીઓએ પરાક્રમ દાખવ્યું છે.

આ તમામ સફળતાઓ વચ્ચે ટેબલ ટેનિસ અને સ્ક્વોશમાં પણ ખેલાડીઓ સેમિફાઈનલ સુધી પહોંચીને વધુ પદકોની સંભાવનાઓને ઉજાગર કરી રહ્યા છે. મીડિયા અહેવાલ મુજબ, ભારતીય દળનો ઉત્સાહ ચરમસીમા પર છે અને આગામી દિવસોમાં રમતવીરો વધુ ઉત્તમ પ્રદર્શન કરીને દેશની પદક તાલિકાને વધુ ઊંચાઈ પર લઈ જવા માટે સંપૂર્ણપણે તૈયાર છે, જે સમગ્ર રાષ્ટ્ર માટે ગર્વની ક્ષણ છે.

એશિયન ગેમ્સમાં ભારતનો સિલ્વર વિજય

## એશિયન ગેમ્સમાં ભારતીય રિલે ટીમનો સિલ્વર મેડલ



(એજન્સી) નાગોયા । તા. 25

એશિયન ગેમ્સ મહાસંગ્રામમાં ભારતીય એથ્લેટિક્સ ટીમે પોતાની મહેનત અને અડગ મનોબળના જોરે મિક્સ્ડ રિલે રેસ સ્પર્ધામાં ાનદાર પ્રદર્શન કરીને દેશ માટે મૂલ્યવાન સિલ્વર મેડલ પોતાના નામે કરી લીધો છે. જાપાનના આ પ્રતિષ્ઠિત મંચ પર રમાયેલી ચાર ગુણ્યા ચારસો મીટર મિક્સ્ડ રિલે રેસની ફાઈનલ મુકાબલામાં વિશાલ ટીકે, વિથ્યા રામરાજ, મનુ સાજી અને એમ.આર. પૂર્વમ્માની બનેલી ચાર સભ્યોની ભારતીય ટીમે અદ્ભુત ખેલકૂદ ભાવના બતાવીને ત્રણ મિનિટ ચોદ પોઈન્ટ છતાલીસ સેકન્ડનો સમય નોંધીને બીજું સ્થાન પ્રાપ્ત કર્યું છે. આ રેસમાં બહેરીનની મજબૂત ટીમે ગેમ્સ રેકોર્ડ સાથે પ્રથમ સ્થાન મેળવીને સુવર્ણચંદ્રક જીતી લીધો હતો, જ્યારે ભારતીય ખેલાડીઓએ અંતિમ ક્ષણો સુધી સંઘર્ષ કરીને સિલ્વર મેડલ પર પોતાનો અધિકાર સ્થાપિત કર્યો હતો. સ્પર્ધાના પ્રારંભિક ચરણમાં સ્થિતિ થોડી મુશ્કેલ બની હતી કારણ કે મનુ સાજી અને અનુભવી પૂર્વમ્માની શરૂઆત થોડી શિથિલ રહી હતી, જેના કારણે ભારત રેસ દરમિયાન છઠ્ઠા ક્રમે સરકી ગયું હતું. પરંતુ ત્યારબાદ મેદાન પર ઉતરેલા ઝડપી દોડવીર વિશાલ ટીકેએ ત્રીજા રાઉન્ડમાં અદભુત ગતિ પકડીને ભારતીય ટીમને ફરીથી મેડલની રેસમાં સન્માનજનક સ્થિતિ પર લાવી દીધી હતી.

ત્રીજા રાઉન્ડ બાદ ખાલિન જોશીની ત્રણેય શૉટની સરસાઈ

# ખાલિન જોશી બેંગલુરુ ઓપન લીડર



(એજન્સી) બેંગલુરુ । તા. 25

ગુરૂવારે બેંગલુરુ ખાતે યોજાયેલી પ્રતિષ્ઠિત બેંગલુરુ ઓપન ગોલ્ફ સ્પર્ધાના ત્રીજા રાઉન્ડમાં અનુભવી ખેલાડી ખાલિન જોશીએ ઉત્કૃષ્ટ પ્રદર્શન જાળવી રાખીને પોતાની પકડ મજબૂત બનાવી છે, જ્યારે બીજી તરફ મહિલા વર્ગમાં યુવા ખેલાડી અનવી દહિયાએ પણ શાનદાર વાપસી કરીને લીડરબોર્ડ પર મોખરાનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. ચોત્રીસ વર્ષીય સ્થાનિક ગોલ્ફર ખાલિન જોશીએ ત્રીજા રાઉન્ડમાં ત્રણ અંડર ઓગણસઠનો સ્કોર નોંધાવીને પોતાની અગ્રણી સ્થિતિ યથાવત રાખી છે. અગાઉ છ શૉટની સરસાઈ ધરાવતા જોશીએ પંચમા ફાઈવ પાર હોલ પર એક ઈગલ અને ત્રણ બર્ડિ ફટકારીને કુલ અઢાર અંડર સ્કોર સાથે અંતિમ રાઉન્ડ તરફ કૂચ કરી છે. બીજી તરફ, ગુરુગ્રામની અઠ્ઠાવીસ વર્ષીય રૂકી ખેલાડી અનવી દહિયાએ પણ પ્રથમ દિવસની નિરાશા પાછળ છોડીને બીજા દિવસે પાંચ અંડર સડસઠનો શાનદાર સ્કોર બનાવ્યો હતો અને કુલ એક ઓવરના સ્કોર સાથે અનુભવી ખેલાડીઓ વાણી કપૂર અને રિધિમા દિલાવરીને પાછળ છોડી દીધા છે.

સ્પર્ધાના આ રોમાંચક તબક્કે પવનના વેગમાં વધારો થવાને કારણે ગ્રીન પર બોલ રમવો ખેલાડીઓ માટે મુશ્કેલ બન્યો હતો. જોશીએ સ્વીકાર્યું હતું કે આજનો રાઉન્ડ ઘણો પડકારજનક હતો કારણ કે બોલનું સ્ટ્રાઈકિંગ ધાર્યા મુજબ નહોતું થયું, પરંતુ તેમ છતાં તેમણે પોતાની રમતને સંભાળી લીધી હતી અને ટૂર્નામેન્ટમાં પોતાની સ્થિતિ સુરક્ષિત રાખી હતી. ગુરુગ્રામના મનુ ગંડાએ બોગી ફ્રી આઠ અંડર ચોસઠનો દિવસનો સર્વશ્રેષ્ઠ સ્કોર નોંધાવીને સીધા બીજા સ્થાન પર કૂદકો લગાવ્યો છે અને જોશીની લીડ ઘટાડી દીધી છે.

મહિલાઓની તેરમી લેગ સ્પર્ધામાં અનવી દહિયાએ શરૂઆતથી જ આક્રમક રમત દાખવી હતી. ત્રીજા, ચોથા અને છઠ્ઠા હોલ પર બર્ડિ મેળવ્યા બાદ ડબલ બોગી થઈ હોવા છતાં આઠમા હોલ પર ઈગલ ફટકારીને તેણે જોરદાર વાપસી કરી હતી.

બેડમિન્ટન અને ટેબલ ટેનિસમાં અપસેટ

## એશિયન ગેમ્સમાં ચીનને મોટો પરાજય મળ્યો



(એજન્સી) ચેન્નઈ । તા. 25

ગુરૂવારે જાપાનના આઈચી નાગોયા ખાતે યોજાયેલી એશિયન ગેમ્સ બે હજાર છવીસમાં રમતગમતની દુનિયાને હચમચાવી નાખતી એક અદ્ભુત ઘટના સામે આવી છે, જ્યાં બેડમિન્ટન અને ટેબલ ટેનિસ બંને રમતોના પુરૂષ ટીમ ફાઈનલ મુકાબલામાં દાયકાઓથી સર્વોચ્ચ વર્ચસ્વ ધરાવનાર ચીનની મજબૂત ટીમને રોમાંચક અને અણધાર્યા પરાજયનો સામનો કરવો પડ્યો છે.

આંતરરાષ્ટ્રીય રમતગમત ક્ષેત્રે ચીન હંમેશા બેડમિન્ટન અને ટેબલ ટેનિસમાં અત્યંત પ્રભુત્વ ધરાવતું આવ્યું છે, અને તેની સર્વોપરિતાને પડકારવી કોઈપણ દેશ માટે અશક્ય જેવી વાત રહી છે. પરંતુ એશિયન ગેમ્સના આ મહાસંગ્રામમાં માત્ર થોડા જ કલાકોના અંતરાલમાં બનેલી આ ઘટનાએ સમગ્ર ખેલ જગતને ચોંકાવી દીધું છે. ટેબલ ટેનિસ સ્પર્ધામાં વર્ષ એક હજાર નવસો ચોણું પછી સતત વિજય મેળવનાર ચીની ટીમને ઘર આંગણે રમી રહેલી ઉત્સાહી જાપાની ટીમ સામે હાર સ્વીકારવી પડી છે, જેણે ઈતિહાસના પાનાઓ પર એક નવો અધ્યાય લખ્યો છે. ટેબલ ટેનિસના રોમાંચક ફાઈનલ મુકાબલામાં પાંચ સિંગલ્સ રબર્સ રમાયા હતા, જેમાં પ્રથમ મેચમાં ચીનના વિશ્વના પ્રથમ નંબરના ખેલાડી વાંગ ચુકુનિએ કઠિન સંઘર્ષ બાદ વિજય મેળવીને પોતાની ટીમને શરૂઆતી સરસાઈ અપાવી હતી. પરંતુ ત્યારબાદ જાપાનના ખેલાડીઓએ અદ્ભુત પુનરાગમન કરીને મેચમાં પલટો આણ્યો હતો.

હોકી // જાપાનને હરાવીને સેમિફાઈનલનું સ્થાન કર્યું નિશ્ચિત

# એશિયન ગેમ્સમાં ભારતીય મહિલા હોકી ટીમનો વિજય

(એજન્સી) ચેન્નઈ । તા. 25



શુક્રવારે ગિફુ પ્રિફેક્ચરલ ગ્રીન સ્ટેડિયમ ખાતે રમાયેલી એશિયન ગેમ્સની અત્યંત રોમાંચક પૂલ બી ની મહત્વપૂર્ણ મેચમાં ભારતીય મહિલા હોકી ટીમે યજમાન જાપાન સામે ત્રણ વિરુદ્ધ એક ગોલથી શાનદાર વિજય મેળવીને સેમિફાઈનલ મુકાબલામાં પોતાનું સ્થાન સત્તાવાર રીતે નિશ્ચિત કરી લીધું છે.

આ અગાઉ ગત વર્ષે હાંગઝોઉ ખાતે યોજાયેલી સ્પર્ધામાં ભારતીય ટીમે કાંસ્ય ચંદ્રક પોતાના નામે કર્યો હતો, અને આ વર્ષે પણ ટીમ તે જ જોશ અને ઉત્સાહ સાથે મેદાન પર ઉતરી છે. જાપાન વિરુદ્ધની આ જીત સાથે ભારતીય ટીમે પોતાની વિજયી રથયાત્રા યથાવત રાખી છે અને ચારમાંથી ચારેય મેચો જીતીને કુલ બાર પોઈન્ટ સાથે પૂલ બી માં પોતાનું સ્થાન સર્વોચ્ચ સ્તરે મજબૂત બનાવ્યું છે. યજમાન જાપાનની ટીમ નવ પોઈન્ટ સાથે બીજા સ્થાને યથાવત છે, જ્યારે અન્ય ટીમો વચ્ચે પણ આગામી તબક્કામાં પહોંચવા માટે ભારે રસાકસી ચાલી રહી છે.

મેચની શરૂઆતથી જ ભારતીય ખેલાડીઓએ આક્રમક રમત દાખવી હતી. લાલરેમસિયામીએ પ્રથમ ક્વાર્ટરમાં જ શાનદાર ગોલ કરીને ભારતનું ખાતું ખોલાવ્યું હતું, જ્યારે અનુભવી ગોલકીપર સવિતા પુનિયાએ જાપાની ખેલાડીઓના પેનલ્ટી કોર્નરના પ્રયાસોને નિષ્ફળ બનાવીને ટીમની સરસાઈ જાળવી રાખી હતી. ત્યારબાદ બીજા ક્વાર્ટરના અંતિમ ક્ષણોમાં ઈશિતા ચૌધરીએ રીબાઉન્ડ પર ગોલ કરીને સ્કોર બે શૂન્ય કર્યો હતો. ત્રીજા ક્વાર્ટરમાં નવનીત કૌરે કલાત્મક રમત દાખવીને ત્રીજો ગોલ નોંધાવ્યો હતો. જોકે, ચોથા ક્વાર્ટરની શરૂઆતમાં જાપાનની શિહો કોબાયાકાવાએ એક ગોલ કરીને અંતર ઘટાડવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ ભારતીય રક્ષણ પંક્તિએ અંત સુધી મજબૂતી જાળવી રાખીને વિજય સુનિશ્ચિત કર્યો હતો. સેમિફાઈનલની રેસમાં સત્તાવાર રીતે પ્રવેશ મેળવ્યા બાદ હવે ભારતીય મહિલા હોકી ટીમ આગામી રવિવારે સિંગાપોર સામે પોતાની પૂલ તબક્કાની અંતિમ મેચ રમવા માટે મેદાનમાં ઉતરશે. મીડિયા અહેવાલ મુજબ, ખેલાડીઓનું આ પ્રદર્શન સમગ્ર દેશ માટે ગર્વની વાત છે અને આગામી મુકાબલાઓમાં પણ આ જ પ્રકારની શિસ્તબદ્ધ અને આક્રમક રમત જાળવી રાખીને દેશ માટે સુવર્ણ કે અન્ય ચંદ્રક જીતવા માટે ટીમ સંપૂર્ણપણે કેન્દ્રિત અને તૈયાર દેખાઈ રહી છે. ચાહકોમાં પણ આ વિજયને લઈને ભારે ખુશી અને ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે.

આગામી સીઝન માટે કરાર લંબાવ્યા

# ઓડી ટીમની ફોર્મ્યુલા વન 2027 સીઝન માટે ડ્રાઈવર પસંદગી

(એજન્સી) બાકુ । તા. 25



વિશ્વપ્રસિદ્ધ ઓડી રેસિંગ ટીમે આગામી ફોર્મ્યુલા વન ૨૦૨૭ સીઝન માટે પોતાના અનુભવી ડ્રાઈવર નિકો હલ્કેનબર્ગ અને યુવા પ્રતિભાશાળી ગેબ્રિયલ બોરટોલેટો પરનો વિશ્વાસ વધુ એક વખત મજબૂત બનાવ્યો છે, અને ગુરુવારે અઝરબૈજાન ગ્રાન્ડ પ્રી અગાઉ આ બંને ખેલાડીઓના કરારમાં વધારો કરવાની સત્તાવાર જાહેરાત કરી દીધી છે.

સાબર ફેક્ટરી હસ્તગત કરીને ઓડીએ આ વર્ષે જ પોતાની સ્વતંત્ર ટીમ સાથે મોટર રેસિંગની આ સર્વોચ્ચ સ્પર્ધામાં પ્રવેશ કર્યો છે. વર્તમાન ડ્રાઈવર્સ સ્ટેન્ડિંગમાં બોરટોલેટો દસ પોઈન્ટ સાથે ચૌદમા સ્થાને છે, જ્યારે હલ્કેનબર્ગ પંદરમા ક્રમે મક્કમતાથી આગળ વધી રહ્યો છે. કન્સ્ટ્રક્ટર્સ ચેમ્પિયનશિપમાં ઓડી હાલ અગિયાર ટીમોની યાદીમાં આઠમા સ્થાન પર છે, અને ટીમનું એકંદર પ્રદર્શન ઉત્સાહવર્ધક રહ્યું છે.

ટીમના પ્રિન્સિપાલ મટિયા બોટોએ સ્પષ્ટ કર્યું હતું કે બંને ખેલાડીઓ અગાઉથી જ કરારબદ્ધ હોવાથી લાઈનઅપમાં કોઈ જ ફેરફાર કરવાનો કોઈ હેતુ ન હતો. ટીમ મેનેજમેન્ટે યોગ્ય સમય પર કોન્ટ્રાક્ટ લંબાવવાનો નિર્ણય કરીને ભવિષ્યની રણનીતિ સ્પષ્ટ કરી દીધી છે. બિનોટોના મતે, બોરટોલેટો હજુ યુવા અવસ્થામાં છે અને શીખવાની પ્રક્રિયામાંથી પસાર થઈ રહ્યા છે, જ્યારે અનુભવી હલ્કેનબર્ગ પોતાની સાતત્યપૂર્ણ રમત દ્વારા ગાડીની ક્ષમતાનો પૂરેપૂરો ઉપયોગ કરવામાં હંમેશા સફળ રહ્યા છે.

સતત ત્રીજી સીઝનમાં આ જોડી એકસાથે ટ્રેક પર ઉતરવા માટે પૂરી રીતે તૈયાર છે, જે ટીમની દીર્ઘકાલીન યોજનાઓ માટે અત્યંત મહત્વપૂર્ણ સાબિત થશે. મીડિયા અહેવાલ મુજબ, આ નિર્ણયથી ટીમમાં સ્થિરતા આવશે અને આગામી રેસ તથા ભવિષ્યની સ્પર્ધાઓમાં વધુ સારા પરિણામો મેળવવામાં મદદ મળશે.

### ન્યુયોર્કમાં UNGA સત્ર દરમિયાન ઈઝરાયલના પ્રમુખ નેતન્યાહૂના સંબોધન સમયે ભારે વિરોધ પ્રદર્શનો થયા

# યુમાં નેતન્યાહૂના ભાષણનો જબરદસ્ત વિરોધ

(એજન્સી) કેલિફોર્નિયા । તા. 25

સંયુક્ત રાષ્ટ્ર મહાસભા (UNGA) માં ઈઝરાયલના પ્રમુખ બેન્જામિન નેતન્યાહૂના સંબોધન દરમિયાન ન્યુયોર્ક શહેરમાં ભારે હોબાળો અને ઉગ્ર વિરોધ પ્રદર્શનો જોવા મળ્યા હતા. નેતન્યાહૂના ભાષણ સમયે જ ગાઝા યુદ્ધ અને ઈઝરાયલી નીતિઓ સામે રોષ વ્યક્ત કરવા માટે રસ્તાઓ પર ઉતરેલા જાણીતા ચહેરાઓ અને પ્રદર્શનકારીઓ પર પોલીસે સકંજો કસ્યો હતો. આ દરમિયાન જાણીતી હોલિવૂડ અભિનેત્રી સુસાન સરંડન અને 'હેક્સ' સિરીઝની અભિનેત્રી હન્ના આઈબાઈન્ડર સહિતના પ્રદર્શનકારીઓની પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવી છે. યહૂદી શાંતિ સંગઠન 'જૂઈશ વૉઈસ ફોર પીસ' દ્વારા આ વિરોધ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રદર્શનકારીઓએ હાથમાં 'સ્ટોપ આર્મિંગ ઈઝરાયલ' અને 'એન્ડ ધ જેનોસાઈડ' જેવા સૂત્રો લખેલા બેનરો સાથે શહેરના મુખ્ય માર્ગો પર ઉગ્ર દેખાવો કર્યા હતા અને ધરણાં પર બેઠા હતા. પ્રખ્યાત ફિલ્મ 'થેલમા એન્ડ લુઈસ' ફેમ અભિનેત્રી સુસાન સરંડનને પોલીસ હાથકડી પહેરાવતી જોવા મળી હતી, જ્યારે ન્યુયોર્ક પોસ્ટના અહેવાલ મુજબ હન્ના આઈબાઈન્ડરને પણ પોલીસે સ્થળ પરથી હટાવીને કસ્ટડીમાં લીધી હતી.





એક તરફ ન્યુયોર્કના રસ્તાઓ પર વિરોધ પ્રદર્શન ચાલી રહ્યું હતું, તો બીજી તરફ સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના સત્રની અંદર પણ નેતન્યાહૂના આગમન અને ભાષણ વખતે દુનિયાભરના દેશોના પ્રતિનિધિઓ સભાસ્થળ છોડીને વૉકઆઉટ કરી ગયા હતા. પોતાના ભાષણ દરમિયાન નેતન્યાહૂએ બ્રિટન અને ફ્રાન્સ જેવા દેશો પર આકરા પ્રહાર કર્યા હતા, જેમણે તાજેતરમાં જ પેલેસ્ટાઈન દેશને માન્યતા આપી છે. તેમણે કટાક્ષ કરતા જણાવ્યું હતું કે, આ દેશો નાના એવા ઈઝરાયલ પર સંસ્થાનવાદ (કોલોનિયાલિઝમ)નો આરોપ લગાવે છે, પરંતુ વાસ્તવમાં આ શબ્દની રચના કરનારાઓ જ બ્રિટન અને ફ્રાન્સના લોકો છે.

સુસાન સરંડન ગાઝામાં ચાલી રહેલા યુદ્ધ અને સંઘર્ષને લઈને અગાઉ પણ અનેક વખત જાહેરમાં વિરોધ પ્રદર્શનોમાં સક્રિયપણે ભાગ લેતી રહી છે. પોતાના બેબાક વિચારો અને રાજકીય મુદ્દાઓ પર સ્પષ્ટ મત રાખવા માટે જાણીતી આ અભિનેત્રીએ તાજેતરમાં જ વેનિસ ફિલ્મ ફેસ્ટિવલ દરમિયાન નિવેદન આપ્યું હતું કે પોતાના ખુલ્લા વિચારો અને અભિપ્રાયો વ્યક્ત કરવાના કારણે તેમને પોતાના કરિયરમાં કામ ગુમાવવાનો વારો આવ્યો છે.

### નેટવર્થમાં $25 બિલિયનનો ઉછાળો

# માર્ક ઝકરબર્ગે કીચેઈનની સાઈઝનું Muse AI આસિસ્ટન્ટ લોન્ચ કર્યુ





(એજન્સી) કેલિફોર્નિયા । તા. 25

મેટાના સીઈઓ માર્ક ઝકરબર્ગ ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ જેવી સોશિયલ મીડિયા એપ્સ સુધી મર્યાદિત ન રહીને કંપનીને એક અગ્રણી એઆઈ સુપરપાવર બનાવવા માટે સતત પ્રયાસ કરી રહ્યા છે. આ જ દિશામાં એક મહત્વપૂર્ણ ભરતા તેમણે મ્યુસ રેન્જના નવા ડિવાઈસીસ લોન્ચ કરવાની શરૂઆત કરી છે, જેમાં કીચેઈન સાઈઝનું 'મ્યુસ એઆઈ આસિસ્ટન્ટ' (Muse AI Assistant) લોન્ચ કરવામાં આવ્યું છે. આ ડિવાઈસ એપલ એરપોડ્સના કેસની સાઈઝ જેટલું જ નાનું છે, છતાં તેમાં શક્તિશાળી ફીચર્સ સામેલ છે.

આ લગભગ ૨ ઈંચની ટચસ્ક્રીન ધરાવતા ડિવાઈસમાં બિલ્ટ-ઈન 5-G કનેક્ટિવિટી આપવામાં આવી છે, જેથી કોઈપણ એપ ખોલ્યા વિના જ એઆઈ સાથે કનેક્ટ કરી શકાય છે. તેનો મુખ્ય ઉપયોગ વોઈસ દ્વારા એઆઈ સાથે વાતચીત કરવાનો છે. માર્ક ઝકરબર્ગના જણાવ્યા મુજબ, જ્યારે યૂઝર્સે સ્માર્ટ ચશ્માં ન પહેર્યા હોય ત્યારે આ ડિવાઈસ અત્યંત ઉપયોગી બનશે કારણ કે તે આસપાસના વિસ્તારની સચોટ માહિતી પ્રદાન કરશે. મેટાએ મ્યુસમાં રિયલ ટાઈમ વોઈસ અને અવતારને એક નાનકડા ડિવાઈસમાં પેક કર્યા છે.

આ નવતર મ્યુસ ચાર્મના લોન્ચ બાદ સૌથી મોટો આર્થિક ફાયદો ખુદ માર્ક ઝકરબર્ગને થયો છે. રોકાણકારોને મેટાનું આ એઆઈ ડિવાઈસ ખૂબ પસંદ આવ્યું, જેના કારણે તેમની સંપત્તિમાં પણ મોટો ઉછાળો આવ્યો. આ નવા ડિવાઈસના લોન્ચિંગની જાહેરાત સાથે જ ૨૨ સપ્ટેમ્બરના રોજ તેમની સંપત્તિમાં ૨૫ અબજ ડોલરનો વધારો થયો હતો અને તે દિવસે તેમની અંદાજિત નેટવર્થ વધીને ૨૫૩.૬ બિલિયન ડોલર થઈ ગઈ હતી. ત્યારબાદ ૨૪ સપ્ટેમ્બરના રિયલ ટાઈમ બિલ્યોનેર્સ ઈન્ડેક્સ મુજબ તેમની નેટવર્થ આશરે ૨૫૫.૧ અબજ ડોલર સુધી પહોંચી ગઈ હતી.

**ફિંગરપ્રિન્ટ સેન્સર અને નેટવર્થમાં જબરદસ્ત ઉછાળો**

સામાન્ય રીતે એઆઈને કોઈપણ સવાલ પૂછવા માટે સ્માર્ટફોન કાઢવો પડે અને એપ ખોલવી પડે છે, પરંતુ મ્યુસ ડિવાઈસના ઉપરના ખૂણામાં ફિંગરપ્રિન્ટ સેન્સર આપવામાં આવ્યું છે. તેને માત્ર ટેપ કરવાથી ફોન અનલોક કર્યા કે એપ ખોલ્યા વિના જ મેટાના એઆઈ સાથે સીધી વાતચીત થઈ શકે છે. આ ડિવાઈસને ખિસ્સામાં રાખી શકાય છે અથવા કીચેઈન સાથે લગાવી શકાય છે જેથી તે હંમેશા યૂઝરની સાથે રહે છે.

૨ઈંચની ટચસ્ક્રીન ધરાવતા ડિવાઈઝમાં બિલ્ટ-ઈન ૫-જી છે. જેથી એપ ખોલ્યા વિના જ એઆઈ સાથે કનેક્ટ કરી શકાય છે. તેનો મુખ્ય ઉપયોગ વોઈસથી એઆઈ સાથે વાતચીતનો છે. માર્ક ઝકરબર્ગે કર્યું કે, સ્માર્ટ ચશ્માં ન પહેર્યા હોય ત્યારે આ ડિવાઈસ ઉપયોગી બનશે. તે આસપાસના વિસ્તારની સચોટ માહિતી આપશે. મેટાએ મ્યુસને રિયલ ટાઈમ વોઈસ અને અવતારને એક નાનકડા ડિવાઈસમાં પેક કર્યો છે.

સામાન્ય રીતે એઆઈને કોઈપણ સવાલ પૂછવા ફોન કાઢવો પડે, એપ ખોલવી પડે. તેના ઉપરના ખૂણામાં ફિંગરપ્રિન્ટ સેન્સર છે. તેને ટેપ કરતા ફોન અનલોક કર્યા કે એપ ખોલ્યા વિના મેટાના એઆઈ સાથે વાતચીત થઈ શકે છે. આ ડિવાઈસ કે જેને ખિસ્સામાં રાખી શકાય છે અથવા કીચેઈન સાથે લગાવી શકાય છે જેથી તે હંમેશા સાથે રહે છે.

મ્યુસ ચાર્મના લોન્ચ બાદ સૌથી વધુ ફાયદો માર્ક ઝકરબર્ગને થયો. રિપોર્ટ મુજબ, રોકાણકારોને મ્યુસ એઆઈ પસંદ આવ્યું. જેથી તેમની નેટવર્થમાં પણ ઉછાળો થયો. મ્યુસના નવા ડિવાઈઝના લોન્ચિંગની જાહેરાત સાથે જ ૨૨ સપ્ટેમ્બરના રોજ તેમની સંપત્તિમાં ૨૫ અબજ ડોલરનો વધારો થયો હતો.

## ન્યૂઝ બ્રીફ

### ઈરાન હિન્દ-મહાસાગર સુધી યુદ્ધ લઈ જશે : ખામેનેઈના સલાહકારની ખુલ્લી ધમકી



નવી દિલ્હી | અમેરિકા અને ઈરાન વચ્ચેનો તણાવ હવે વધુ ખતરનાક વળાંક લેતો જણાઈ રહ્યો છે. ઈરાને ખુલ્લી ધમકી ઉચ્ચારી છે કે જો તહેરાન અને વોશિંગ્ટન વચ્ચે તણાવ વધતો જશે, તો ઈરાન તેના યુદ્ધનો ભૌગોલિક વ્યાપ હિંદ મહાસાગર સુધી લઈ જશે. ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લાહ ખામેનેઈના અંગત સલાહકાર યાહ્યા રહીમ સફાવીના વાયરલ થયેલા વિડીયોમાં આ ચેતવણી આપવામાં આવી છે. આ સાથે જ આ સંઘર્ષ હવે પર્શિયન ગલ્ફ અને સ્ટ્રેઈટ્સ ઓફ હોર્મુઝથી આગળ વધીને વિશાળ ક્ષેત્રને પ્રભાવિત કરી શકે છે. ઈરાનની ફાર્સ ન્યૂઝ એજન્સી દ્વારા જારી કરાયેલા અહેવાલ મુજબ, આ નિવેદનો એવા સમયે આવ્યા છે જ્યારે ઈરાન-અમેરિકા વચ્ચેનો તણાવ પર્શિયન ગલ્ફ (ઈરાનનો અખાત), ગલ્ફ ઓફ ઓમાન અને મહત્વના વ્યાપારી જળમાર્ગો પર જોખમ ઊભું કરી રહ્યો છે. ઈરાનના રીવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સે અગાઉ પણ ચેતવણી આપી હતી કે જો તેમને વધુ છંછેડવામાં આવશે, તો તેઓ પોતાની યુદ્ધ-વ્યૂહરચના બદલી નાખશે અને અમેરિકી મથકોને નિશાન બનાવશે. આ યુદ્ધના પરિણામે હિન્દ મહાસાગરની સુરક્ષાને લઈને ચિંતાઓ વધી ગઈ છે.

### વિશ્વ વ્યવસ્થા પડી ભાંગી છે : તે ભારત પાક. જેવા સંભવિત સંઘર્ષો નિવારી શકે તેમ નથી



ન્યૂયોર્ક | અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રૂબિયોએ ન્યૂયોર્કમાં એક નિવેદન આપતા સ્પષ્ટ શબ્દોમાં જણાવી દીધું છે કે વૈશ્વિક વ્યવસ્થા જ પડી ભાંગી છે અને તે ભારત-પાકિસ્તાન તેમજ થાઈલેન્ડ-કમ્બોડિયા જેવા સંભવિત સંઘર્ષો નિવારી શકે તેમ નથી. સંયુક્ત રાષ્ટ્રોની મહાસમિતિની પરિષદમાં હાજરી આપવા આવેલા અમેરિકી વિદેશમંત્રીએ પત્રકારોને સંબોધતા કહ્યું હતું કે આંતરરાષ્ટ્રીય વ્યવસ્થા તેનો મૂળ હેતુ જ ચૂકી ગઈ છે અને તેથી જ મહત્વના વૈશ્વિક મતભેદો નિવારવામાં તેને ભારે મુશ્કેલી પડી રહી છે. રૂબિયોએ ઉમેર્યું હતું કે સંયુક્ત રાષ્ટ્રો જેવી સંસ્થાઓનું મહત્વ તો સ્વીકાર્ય છે, પરંતુ તેની પાસે પૂરી ક્ષમતા હોવા છતાં તે પોતાની સંપૂર્ણ ક્ષમતાથી કાર્ય કરી શકતી નથી. માત્ર હું જ નહીં પરંતુ આ મહાસભામાં હાજરી આપવા આવેલા કેટલાય નેતાઓએ પણ આ પ્રકારની ચિંતા દર્શાવી છે તેમ તેમણે જણાવ્યું હતું. વિશ્વમાં ચાલી રહેલા બહુવિધ સંઘર્ષોનો ઉલ્લેખ કરતાં તેમણે ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગો, સુદાન અને રૂઉન્ડામાં ચાલી રહેલા સરહદી તથા આંતરિક સંઘર્ષો પ્રત્યે પણ ધ્યાન દોર્યું હતું અને કહ્યું હતું કે આ તમામ સંઘર્ષો આંતરરાષ્ટ્રીય વ્યવસ્થા સામે મોટો પડકાર છે.

### ચીનના પ્રમુખ શી જિનપિંગ એક દાયકા બાદ ૩ દિવસની 'સ્ટેટ વિઝિટ' માટે વોશિંગ્ટન પહોંચ્યા

# ચીન-અમેરિકા બંને મહાન, લડવાથી માત્ર નુકસાન : ચીનના પ્રમુખ શી જિનપિંગ

(એજન્સી) વોશિંગ્ટન । તા. 25

પશ્ચિમ એશિયામાં અમેરિકા-ઈરાન યુદ્ધ અને ટેરિફ વોર વચ્ચે ચીનના પ્રમુખ શી જિનપિંગ એક દાયકા બાદ પહેલી વખત અમેરિકાની ત્રણ દિવસની 'સ્ટેટ વિઝિટ' માટે ગુરુવારે વોશિંગ્ટન પહોંચ્યા છે. વ્હાઈટ હાઉસમાં દ્વિપક્ષીય બેઠક શરૂ કરતા પહેલાં જિનપિંગે ટ્રમ્પને સંદેશ આપતા સ્પષ્ટ કર્યું હતું કે ચીન અને અમેરિકા બંને મહાન દેશ છે અને લડવાથી બંને દેશોને માત્ર નુકસાન જ થશે. ચીનના પ્રમુખ શી જિનપિંગ તેમની પત્ની પેંગ લિયુઆન સાથે વોશિંગ્ટન પહોંચ્યા ત્યારે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ પ્રોટોકોલ તોડીને પત્ની મેલાનિયા સાથે એરપોર્ટ પર તેમને આવકારવા પહોંચ્યા હતા. અહીં ૧૦૦ ફૂટ લાંબી લાલ જાજમ પાથરીને તથા ફાઈટર જેટ્સની ફ્લાય પાસ્ટ સાથે ભવ્ય સ્વાગત કરાયું હતું. અગાઉ જિનપિંગે સપ્ટેમ્બર ૨૦૧૫માં ઓબામાના સમયમાં સ્ટેટ વિઝિટ કરી હતી. વ્હાઈટ હાઉસમાં જિનપિંગે જણાવ્યું હતું કે બંને દેશોએ શાંતિપૂર્ણ રીતે સાથે રહેવું જોઈએ અને પ્રતિસ્પર્ધા સ્વસ્થ તેમજ મર્યાદિત હોવી જોઈએ. અમેરિકા અને ચીન વચ્ચે રેસ હોવી જોઈએ, રેસલિંગ નહીં.

આ મુલાકાત દરમિયાન એઆઈ (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ) સૌથી મોટો મુદ્દો રહ્યો હતો. જિનપિંગે ભારપૂર્વક જણાવ્યું હતું કે એઆઈનો વિકાસ હંમેશા માણસોના નિયંત્રણમાં જ રહેવો જોઈએ અને તેનો ઉપયોગ લોકોની ભલાઈ માટે થવો જોઈએ. બીજીબાજુ, પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે બીજા વિશ્વયુદ્ધમાં બંને દેશો સાથે મળીને લડ્યા હતા તેમ આજે પણ દુનિયાના વધુ સારા ભવિષ્ય માટે સાથે કામ કરવું જોઈએ. ટ્રમ્પે એઆઈને સુપર ઈન્ટેલિજન્સ ગણાવતા કહ્યું કે આ મુલાકાતમાં સુરક્ષા, ટેક્નોલોજી અને સુપર ઈન્ટેલિજન્સ જેવા મહત્વના મુદ્દાઓ પર ચર્ચા થઈ રહી છે, જેનાથી આગામી દાયકાઓમાં શાંતિ અને સમૃદ્ધિને પ્રોત્સાહન મળશે.

H1B visa crisis US Property Owners Hit: અમેરિકામાં વર્ષોથી સ્થાયી થયેલા ભારતીયો માટે હવે એક નવી અને કડવી વાસ્તવિકતા સામે આવી રહી છે. અમેરિકામાં ઘર અને ગાડી હોવા છતાં, મોર્ગેજની જવાબદારી સાથે અનેક પરિવારોને ભારત પરત ફરવું પડી રહ્યું છે. ખાસ કરીને ટેક્સાસના ડલાસ-ફોર્ટવર્થ (Dallas-Fort Worth) જેવા વિસ્તારોમાં H-1B વિઝા અને નોકરીઓની અનિશ્ચિતતાને કારણે અનેક ભારતીય પરિવારોનું આર્થિક ગણિત ખોરવાઈ ગયું છે. અમેરિકાના ડલાસ અને આસપાસના ઉત્તર ટેક્સાસના શહેરોમાં ભારતીય આઈટી (IT) પ્રોફેશનલોની મોટી કોલોની છે, જે સ્થાનિક રિયલ એસ્ટેટ માર્કેટની માંગનો મુખ્ય આધાર હતા.



એક સ્થાનિક બિલ્ડરના જણાવ્યા અનુસાર, પહેલાં તેમના લક્ઝરી ઘરોના વેચાણમાં દક્ષિણ એશિયાઈ (મુખ્યત્વે ભારતીય) ખરીદદારોનો હિસ્સો 70% સુધી હતો, જે હવે ઘટીને 30%થી પણ નીચે આવી ગયો છે. કોવિડ દરમિયાન ઘરો સસ્તા હોવાથી અનેક ભારતીયોએ મોટી રકમની મોર્ગેજ લોન લઈને ઘર ખરીદ્યા હતા. પરંતુ હવે નોકરીઓ છૂટી જતાં આ ભારે મોર્ગેજના હપ્તા ભરવા અશક્ય બની ગયા છે. નોકરી ગયા પછી ઘર વેચીને સુરક્ષિત રીતે પરત ફરવું પણ આ પરિવારો માટે પડકારજનક બની ગયું છે. જેમ કે ઘર વેચવામાં મહિનાઓનો સમય લાગે છે અને તે દરમિયાન મોર્ગેજ ચાલુ રાખવું પડે છે. પ્રોપર્ટીની બજાર કિંમત ઘટવાથી અને લોન ચૂકવવાની બાકી હોવાથી ઘર વેચવા જતાં મોટો આર્થિક ફટકો પડે છે. આ સ્થિતિમાં ઘર વેચ્યા વગર કે લોનની જવાબદારી છતાં પરિવારો ઘર મૂકીને ભારત આવવાનો નિર્ણય લઈ રહ્યા છે.ક વિઝા નિયમો અને 60-દિવસના ગ્રેસ પિરિયડ પર તલવાર વાત માત્ર ટેક્સાસ કે H-1B પૂરતી મર્યાદિત નથી, પરંતુ L-1 જેવા એમ્પ્લોયર-લિંક્ડ (Employer-linked) વિઝા ધરાવતા લોકો પર પણ અસર પડી છે.

# નોકરીઓ જતાં અમેરિકામાં લોન લઈને ઘર ખરીદનારા ભારતીયોની હાલત કફોડી

(એજન્સી) ડલાસ/અમદાવાદ | તા 25

અમેરિકામાં H-1B વિઝા અને નોકરીની અનિશ્ચિતતાને કારણે ભારતીય પરિવારો માટે નવી મુશ્કેલીઓ ઊભી થઈ છે. અમેરિકામાં વર્ષોથી સ્થાયી થયેલા ભારતીયો માટે હવે એક કડવી વાસ્તવિકતા સામે આવી રહી છે, જ્યાં ઘર અને ગાડી હોવા છતાં તેમજ મોર્ગેજની ભારે જવાબદારી સાથે અનેક પરિવારોને ભારત પરત ફરવું પડી રહ્યું છે. ખાસ કરીને ટેક્સાસના ડલાસ-ફોર્ટવર્થ જેવા વિસ્તારોમાં આર્થિક ગણિત સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે.

અમેરિકાના ડલાસ અને આસપાસના ઉત્તર ટેક્સાસના શહેરોમાં ભારતીય આઈટી પ્રોફેશનલોની મોટી કોલોની છે, જેઓ સ્થાનિક રિયલ એસ્ટેટ માર્કેટની માંગનો મુખ્ય આધાર હતા. એક સ્થાનિક બિલ્ડરના જણાવ્યા અનુસાર, અગાઉ લક્ઝરી ઘરોના વેચાણમાં દક્ષિણ એશિયાઈ (મુખ્યત્વે ભારતીય) ખરીદદારોનો હિસ્સો ૭૦% સુધી હતો, જે હવે ઘટીને ૩૦%થી પણ નીચે આવી ગયો છે. કોવિડ દરમિયાન ઘરો સસ્તા હોવાથી અનેક ભારતીયોએ મોટી રકમની મોર્ગેજ લોન લઈને ઘર ખરીદ્યા હતા, પરંતુ હવે નોકરીઓ છૂટી જતાં આ ભારે મોર્ગેજના હપ્તા ભરવા અશક્ય બની ગયા છે.

નોકરી ગયા પછી ઘર વેચીને સુરક્ષિત રીતે પરત ફરવું પણ આ પરિવારો માટે અત્યંત મુશ્કેલ સાબિત થઈ રહ્યું છે. પ્રોપર્ટી વેચવામાં મહિનાઓનો સમય લાગે છે અને તે દરમિયાન મોર્ગેજ ચાલુ રાખવું પડે છે. વળી, બજાર કિંમત ઘટવાથી અને લોન ચૂકવવાની બાકી હોવાથી ઘર વેચવા જતાં મોટો આર્થિક ફટકો પડે છે, જેના કારણે અનેક પરિવારો લોનની જવાબદારી છતાં ઘર મૂકીને ભારત આવવાનો મજબૂરીનો નિર્ણય લઈ રહ્યા છે.

# વૈશ્વિક દેવું 365 લાખ કરોડ ડોલરને પાર જતાં અર્થશાસ્ત્રીઓની એલર્ટ, તાકીદના પગલાં નહીં ભરાય તો સર્જાઈ શકે છે નાણાકીય આફત

### વોશિંગ્ટનમાં ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ટરનેશનલ ફાઈનાન્સની ચેતવણી

(એજન્સી) વોશિંગ્ટન | તા 25

વૈશ્વિક નાણાકીય મોરચે એક અત્યંત ચિંતાજનક અહેવાલ સામે આવ્યો છે. વોશિંગ્ટન સ્થિત ઈન્સ્ટિટયુટ ઓફ ઈન્ટરનેશનલ ફાઈનાન્સે ટોચના વૈશ્વિક અર્થતંત્રો માટે ભયજનક ચેતવણી ઉચ્ચારતા જણાવ્યું છે કે ચાલુ વર્ષે જ વૈશ્વિક દેવું ૧૦ લાખ કરોડ ડોલર વધીને ૩૬૫ લાખ કરોડ ડોલરને વટાવી ગયું છે. જો આ દિશામાં તાકીદના પગલાં નહીં ભરવામાં આવે તો મોટાપાયા પર વૈશ્વિક નાણાકીય આફત આવી શકે છે. વિશ્વના અગ્રણી દેશોની સરકારો જંગી ખાધ વિષચક્રમાં સપડાઈ ગઈ હોવાથી તેમનો વ્યાજખર્ચ ઉત્તરોતર વધી રહ્યો છે અને મોંઘવારીએ પણ માઝા મૂકી છે.

અમેરિકા, જાપાન, ફ્રાન્સ અને યુ.કે. જેવા વિકસિત અર્થતંત્રો આજે ઈમર્જિંગ માર્કેટ્સ પોતાની ખાધને અંકુશમાં રાખવા જે પડકારનો સામનો કરતા હતા, બિલકુલ તેવી જ સ્થિતિનો સામનો કરી રહ્યા છે. આશ્ચર્યજનક બાબત એ છે કે આ વિકસિત અર્થતંત્રો દ્વારા કરવામાં આવતી વ્યાજની ચૂકવણી વૈશ્વિક એઆઈ (૨.૬ લાખ કરોડ ડોલર), ડિફેન્સ (૩.૧ લાખ કરોડ ડોલર) અને સ્વચ્છ ઉર્જા (૨.૩ લાખ કરોડ ડોલર) પરના ખર્ચ કરતાં પણ વધારે છે. ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ (આઈએમએફ)ના ચીફ ક્રિસ્ટલિના જ્યોર્ગિવાએ પણ આ અત્યંત ચિંતાજનક બાબત હોવાનું જણાવી વિશ્વના ટોચના દેશોને તેના પર ધ્યાન આપવાની જરૂર પર ભાર મૂક્યો છે.

વિશ્વના અગ્રણી અર્થતંત્રોએ છેલ્લા દાયકા કરતાં પણ વધુ સમયથી મધ્યમથી લાંબા ગાળાના સ્વરૂપમાં જારી કરેલા સરકારી બોન્ડના લીધે સરકારી દેવું જંગી સ્તરે પહોંચ્યું છે. માત્ર અમેરિકાનું દેવું જ ૪૦ લાખ કરોડ ડોલરને વટાવી ચૂક્યું છે, અને આવી જ સ્થિતિ યુકે, ફ્રાન્સ અને જાપાનની છે. આ વધતા જતા વ્યાજના કારણે રોકાણકારો અસહજ સ્થિતિ અનુભવી રહ્યા છે.

આ આર્થિક સંકટની સીધી અસર આ દેશોના રાજકીય નેતૃત્વ પર પણ વર્તાઈ રહી છે. બ્રિટનના વડાપ્રધાન કીર સ્ટાર્મરને મોંઘવારીને અંકુશમાં લેવામાં નિષ્ફળ જવા બદલ ઘરભેગા થવું પડ્યું છે, તો જાપાનના વડાપ્રધાને રાજકોષીય શિસ્ત જાળવવામાં નિષ્ફળ જવાના લીધે રાજીનામું આપવાની ફરજ પડી છે.

ફ્રાન્સના પ્રમુખ મેક્રો પણ ઘરઆંગણે મોટાપાયા પર પ્રબળ વિરોધનો સામનો કરી રહ્યા છે, જ્યારે અમેરિકાના પ્રમુખ ટ્રમ્પને પણ મિડ ટર્મ ચૂંટણીમાં આકરા સવાલોનો સામનો કરવો પડી શકે છે. વૈશ્વિક સ્તરે ટ્રેડિંગ થતાં બોન્ડમાં માત્ર ગયા વર્ષે જ ૩.૩ લાખ કરોડ ડોલર ફક્ત વ્યાજ પેટે ચૂકવવામાં આવ્યા હોવાથી આર્થિક સ્થિરતા માટે કઠિન નિર્ણયો લેવા અનિવાર્ય બન્યા છે.

**એઆઈ** સેમ ઓલ્ટમેન અને ડારિયો એમોડેઈએ ભવિષ્યમાં AI નિયંત્રણ બહાર જવાની શક્યતા દર્શાવી

# માનવજાતને બચાવવા એઆઈને કાબૂમાં કરો

(એજન્સી) ન્યૂયોર્ક | તા 25

સંયુક્ત રાષ્ટ્રસંઘમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) કંપનીઓના વડાઓએ એક મોટો સ્વીકાર કરતા જણાવ્યું છે કે એઆઈ ટેકનોલોજી ભવિષ્યમાં માનવજાત માટે અત્યંત જોખમી સાબિત થઈ શકે છે. એન્થ્રોપિકના સીઈઓ ડારિયો એમોડેઈ અને ઓપનએઆઈના વડા સેમ ઓલ્ટમેને યુએન સુરક્ષા પરિષદ સમક્ષ સ્વીકાર્યું હતું કે જો યોગ્ય નિયંત્રણો ન રાખવામાં આવે તો ભવિષ્યમાં એઆઈ આપણીકાબૂ બહાર જઈ શકે છે અને માનવજાત પર ગંભીર ખતરો મંડરાઈ શકે છે. આ બેઠક દરમિયાન એઆઈ કંપનીઓના સંચાલકોએ તમામ દેશોને સાથે મળીને એક સુરક્ષિત વાતાવરણ અને નિયંત્રિત પૉલિસી બનાવવાની અપીલ કરી હતી.

સંયુક્ત રાષ્ટ્રસંઘની સુરક્ષા પરિષદમાં એઆઈ અને આંતરરાષ્ટ્રીય સુરક્ષા બાબતે યોજાયેલી આ વિશેષ ચર્ચામાં એઆઈથી માનવજાતને કેટલો ખતરો છે તેની વિગતવાર ચર્ચા થઈ હતી. એક્સએઆઈના સ્થાપક અને ઉદ્યોગપતિ ઈલોન મસ્કે ૧૫ સભ્યોની સિક્યુરિટી



કાઉન્સિલ સમક્ષ સ્પષ્ટ મંતવ્ય રજૂ કર્યું હતું કે એઆઈની ઝડપ ઘટે અને તેના પર વૈશ્વિક નિયંત્રણ નીતિઓ ઘડાય તેવા સંયુક્ત પ્રયાસો કરવાની અત્યંત આવશ્યકતા છે. જો કે, તેમણે એમ પણ સ્વીકાર્યું હતું કે નિયંત્રિત ઉપયોગ કરવામાં આવે તો એઆઈ માનવજાત માટે ઉપયોગી સાબિત થઈ શકે છે.

આ બેઠક દરમિયાન વિવિધ દેશો અને ટેકનોલોજી જગતના દિગ્ગજો તરફથી જુદા જુદા મત સામે આવ્યા હતા. બ્રિટનના ફોરેન સેક્રેટરીએ જણાવ્યું હતું કે દુનિયા પર આફત આવતી હોય તો તેને રોકવાનું કામ માત્ર ટેકનોલોજી પર છોડી શકાય નહીં, પરંતુ માનવજાતે ખુદ તેનો રસ્તો કરીને ગ્લોબલ પૉલિસી બનાવવી જોઈએ. બીજી તરફ, અમેરિકાના યુએન સ્થિત પ્રતિનિધિએ એવું જણાવ્યું હતું કે એઆઈના જોખમો હોવા છતાં તેના વિકાસને સંપૂર્ણપણે અટકાવી શકાય નહીં, પરંતુ ફાયદાકારક બાબતોને જાળવી રાખીને રસ્તો કાઢવો જોઈએ.

આ ઉપરાંત, મેટાના સીઈઓ માર્ક ઝુકરબર્ગ અને એનવીડિયાના સીઈઓ જેન્સન હુઆંગ જેવા દિગ્ગજોએ એઆઈ ટેકનોલોજીને ન અટકાવવાની તરફેણ કરી હતી અને હાલના તબક્કે કોઈ નવા સખત રેગ્યુલેશનની જરૂર ન હોવાનો મત રજૂ કર્યો હતો. આમ, એઆઈના ભવિષ્ય અને તેના નિયંત્રણોને લઈને વૈશ્વિક સ્તરે મંથન શરૂ થઈ ગયું છે.

# યુએનમાં તૂર્કિયેએ ફરી આલાપ્યો કાશ્મીર રાગ... પાકિસ્તાનની ચાંપલૂસી

(એજન્સી) ન્યૂયોર્ક | તા 25

જ્યારે પણ યુનાઈટેડ નેશન્સની વૈશ્વિક બેઠક યોજાય છે, ત્યારે તૂર્કિયેના રાષ્ટ્રપતિ રેસેપ તૈયપ એર્દોગન 'કાશ્મીર'ની એ જ જૂની કેસેટ વગાડવાનું શરૂ કરી દે છે. અમેરિકાના ન્યૂયોર્કમાં યોજાયેલી સંયુક્ત રાષ્ટ્ર મહાસભા (UNGA) ના મંચ પરથી તૂર્કિયેના રાષ્ટ્રપતિએ વધુ એક વખત કાશ્મીરનો મુદ્દો ઉઠાવ્યો છે. તેમણે દાવો કર્યો હતો કે કાશ્મીર સહિત દક્ષિણ એશિયાના તમામ વિવાદો યુએન ચાર્ટરના ફ્રેમવર્ક હેઠળ વાટાઘાટો અને ચર્ચા દ્વારા ઉકેલવા જોઈએ. આશ્ચર્યજનક બાબત એ છે કે વર્ષ ૨૦૧૯થી અત્યાર સુધીમાં, એટલે કે છેલ્લા ૮ વર્ષમાં ૭ વખત તેમણે આ મંચ પરથી કાશ્મીરનો રાગ આલાપ્યો છે.

ભારતની વારંવારની ચેતવણીઓ અને કડક diplomatic વલણ છતાં તૂર્કિયે શા માટે વારંવાર આવું કરે છે તે એક મોટો સવાલ છે. આ રાજકીય રમત પાછળ તૂર્કિયે અને તેના રાષ્ટ્રપતિની ચોક્કસ ગણતરીઓ રહેલી છે. નિષ્ણાતોના મતે મુખ્યત્વે ત્રણ કારણોસર તૂર્કિયે પાકિસ્તાનની ચાંપલૂસી કરે છે: પ્રથમ, પાકિસ્તાન સાથેના તેના રક્ષણ અને વ્યૂહાત્મક સંબંધો; બીજું, મુસ્લિમ વિશ્વના સર્વેસર્વા કે નેતા બનવાની એર્દોગનની ખુદની મહત્ત્વાકાંક્ષા; અને ત્રીજું, તૂર્કિયેની સ્થાનિક રાજનીતિ અને ત્યાંની વોટ બેંકને સાચવવાની મજબૂરી. તૂર્કિયે દ્વારા વૈશ્વિક મંચો પર પાકિસ્તાનનો પક્ષ લઈને ભારત વિરોધી નિવેદનો આપવા પાછળ માત્ર કૂટનીતિ જ નહીં પરંતુ આંતરિક રાજકારણ પણ કામ કરે છે. એર્દોગન ઈસ્લામિક દેશોમાં પોતાનું વર્ચસ્વ વધારવા માટે અવારનવાર કાશ્મીર જેવા સંવેદનશીલ મુદ્દાઓને હવા આપતા રહે છે, જેથી પાકિસ્તાન અને અન્ય રૂઢિચુસ્ત મુસ્લિમ સમુદાયોમાં તેમની છબી મજબૂત થઈ શકે.

## 'ચૂંટણી પંચ સુધારો' અભિયાનની શરૂઆત

# હવે મુંબઈમાં ભેગા થશે 'કોકરોચ', CJP એ જાહેર કર્યા જ્ઞાનેશ કુમાર વિરુદ્ધની આંદોલનની તારીખ અને સ્થળ

(એજન્સી)મુંબઈ | તા 25



કોકરોચ જનતા પાર્ટી (CJP) એ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની 48 કલાકમાં માંગ કરી છે. CJPના સંસ્થાપક અભિજિત દીપકેએ પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું કે, જો રાજીનામું નહીં અપાય, તો 2 ઓક્ટોબરે મુંબઈથી દેશવ્યાપી આંદોલન શરૂ થશે. આ વિરોધ 'ચૂંટણી પંચ સુધારો' અભિયાન હેઠળ 13 કરોડ મતદારોના નામ રદ કરવાના વિવાદિત મુદ્દા પર કેન્દ્રિત છે, જે "જંતર-મંતર 2.0" જેવી સ્થિતિ સર્જશે. વિવાદોમાં ઘેરાયેલા મુખ્ય ચૂંટણી કમીશનર (CEC) જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગને લઈને કોકરોચ જનતા પાર્ટી (CJP) આક્રમક મૂડમાં આવી ગઈ છે. CJPના સંસ્થાપક અભિજિત દીપકેએ પ્રેસ કૉન્ફરન્સ યોજીને 48 કલાકમાં રાજીનામું આપવાની માંગ કરી હતી અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર વિરોધ પ્રદર્શનની તારીખ તથા સ્થળનું સત્તાવાર એલાન કર્યું છે. અભિજિત દીપકેએ જણાવ્યું હતું કે, "જો જ્ઞાનેશ કુમાર કાલ સુધી રાજીનામું નહીં આપે, તો CJP આગામી 2 ઓક્ટોબરે મુંબઈથી પોતાનું દેશવ્યાપી વિરોધ પ્રદર્શન શરૂ કરશે અને તેને દેશભરના શહેરો સુધી લઈ જવામાં આવશે. આવો, આ ગાંધી જયંતિ પર લોકતંત્રને બચાવવાનો સંકલ્પ લઈએ."CJP દ્વારા ગુરુવારથી ખાસ અભિયાનની શરૂઆત કરવામાં આવી છે. આ અભિયાન ખાસ સઘન પુનરીક્ષણ (SIR) પ્રક્રિયા દરમિયાન દેશના 30 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની ડ્રાફ્ટ મતદાર યાદીમાંથી 13 કરોડથી વધુ નામો રદ કરવાના વિવાદાસ્પદ મુદ્દા પર કેન્દ્રિત છે. દીપકેએ ગંભીર આક્ષેપ કર્યો છે કે ચૂંટણી પ્રક્રિયામાં ગેરરીતિ આચરવામાં આવી રહી છે અને સામાન્ય નાગરિકો પાસેથી મતદાનનો મૂળભૂત અધિકાર છીનવાઈ રહ્યો છે.દિલ્હીમાં 'જંતર-મંતર 2.0' ની ચીમકી આંદોલનની રૂપરેખા સ્પષ્ટ કરતા દીપકેએ ઉમેર્યું કે, જો CEC 48 કલાકની અંદર પદ પરથી રાજીનામું નહીં આપે, તો દિલ્હી પહોંચતા પહેલા દેશવ્યાપી વિરોધ પ્રદર્શન વેગવંતુ બનશે અને પરિસ્થિતિ "જંતર-મંતર 2.0" જેવી બનશે. પાર્ટીએ સ્પષ્ટ ચેતવણી આપી છે કે રાષ્ટ્રવ્યાપી આંદોલન બાદ દિલ્હીમાં અનિશ્ચિત સમય માટે ધરણાં પ્રદર્શન યોજવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, અગાઉ ઈન્ડિયન એક્સપ્રેસના એક અહેવાલમાં દાવો કરવામાં આવ્યો હતો કે ત્રણ સભ્યોવાળા ચૂંટણી પંચ (EC)ની અંદર ખાસ સઘન પુનરીક્ષણ (SIR) મામલે અન્ય બે ચૂંટણી કમીશનરો - સુખબીર સિંહ સંધુ અને વિવેક જોશી દ્વારા વારંવાર સવાલો ઉઠાવવામાં આવ્યા હતા.

### ચૂંટણી પંચના આંતરિક વિવાદ અંગે વધુ એક ખુલાસો, જ્ઞાનેશ કુમારનો યુપી પ્રવાસ 21 સપ્ટેમ્બરે જ રદ થઈ ગયો હતો

(એજન્સી) નવી દિલ્હી | તા 25

મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર અને અન્ય બે કમિશનરો સુખબીર સિંહ સંધૂ તથા વિવેક જોશી વચ્ચેનો વિવાદ ઘેરો બન્યો છે. 21 સપ્ટેમ્બરે જ જ્ઞાનેશ કુમારનો ઉત્તર પ્રદેશ પ્રવાસ રદ કરાયો હતો. મીડિયા રિપોર્ટ મુજબ, જ્ઞાનેશ કુમાર પર એકતરફી નિર્ણય લેવાનો આરોપ છે, જેના પર અન્ય કમિશનરોએ 14થી વધુ વખત લેખિત વિરોધ નોંધાવ્યો છે. આંતરિક વિવાદ સપાટી પર આવતા રાજકીય ગરમાવો વધ્યો છે.ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) જ્ઞાનેશ કુમાર અને પંચના અન્ય બે ચૂંટણી કમિશનરો સુખબીર સિંહ સંધૂ તેમજ વિવેક જોશી વચ્ચેનો આંતરિક વિવાદ હવે વધુ ઘેરો બન્યો છે. અંગ્રેજી અખબારમાં આ વિવાદના અહેવાલો 23 સપ્ટેમ્બરે જાહેર થયા તે પહેલાં જ 21 સપ્ટેમ્બરના રોજ મુખ્ય ચૂંટણી કમિશનરનો ઉત્તર પ્રદેશનો સત્તાવાર પ્રવાસ રદ કરી દેવામાં આવ્યો હતો. આ ઘટનાક્રમ દર્શાવે છે કે ચૂંટણી પંચમાં ચાલી રહેલી ખેંચતાણ અને સત્તાવાર વિરોધનો મામલો અહેવાલો બહાર આવ્યા તે પહેલાંથી જ વણસેલો હતો.સીઈસી જ્ઞાનેશ કુમારનો 25 સપ્ટેમ્બરે મેરઠ અને 28 સપ્ટેમ્બરે વારાણસી ખાતે સત્તાવાર કાર્યક્રમ અને જન-જી (Gen-Z) યુવાનો સાથે સંવાદ નક્કી કરવામાં આવ્યો હતો. જોકે, 21 સપ્ટેમ્બરે જ મૌખિક સૂચનાઓ આપીને સ્થાનિક સ્તરે ચાલતી તૈયારીઓ રોકી દેવામાં આવી હતી.

## 'અર્નબ' વાવાઝોડાનું લેન્ડફોલ

# 10 જિલ્લામાં શાળાઓ બંધ, 22 રાજ્યોમાં અતિ ભારે વરસાદની આગાહી

(એજન્સી) નવી દિલ્હી | તા 25

બંગાળની ખાડીમાં સર્જાયેલું ચક્રવાતી તોફાન 'અર્નબ' ઉત્તર આંધ્રપ્રદેશ અને દક્ષિણ ઓડિશાના દરિયાકાંઠે ત્રાટક્યું છે. 75 કિમી/કલાકની ઝડપે પવન સાથે મુસળધાર વરસાદ વરસ્યો. ઓડિશામાં 5000 લોકોને સ્થળાંતર કરાયા, શાળાઓ બંધ કરાઈ. હવામાન વિભાગે દિલ્હી-એનસીઆર સહિત 22 રાજ્યોમાં વરસાદનું એલર્ટ આપ્યું છે. બંગાળની ખાડીમાં સર્જાયેલા ચક્રવાતી તોફાન 'અર્નબ' મોડી રાત્રે 11 થી 1 વાગ્યાના સમયગાળા દરમિયાન ઉત્તર આંધ્રપ્રદેશ અને દક્ષિણ ઓડિશાના દરિયાકાંઠે ત્રાટક્યું (લેન્ડફોલ થયું) છે. આ તોફાનના કારણે બંને રાજ્યોના તટીય વિસ્તારોમાં 75 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફુંકાવાની સાથે ભીષણ મુસળધાર વરસાદ શરૂ થઈ ગયો છે. વાવાઝોડાના પગલે ઓડિશા અને આંધ્રમાં જનજીવન અસ્તવ્યસ્ત બન્યું છે, જ્યારે હવામાન વિભાગે દિલ્હી-એનસીઆર સહિત દેશના 22 રાજ્યોમાં વરસાદનું એલર્ટ જારી કર્યું છે., આ ચક્રવાતી સિસ્ટમની વ્યાપક અસરને કારણે શુક્રવારે દેશના 22 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં વરસાદ પડશે. ઓડિશા, છત્તીસગઢ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, પશ્ચિમ બંગાળ, સિક્કિમ, ઉત્તરાખંડ, ઉત્તર પ્રદેશ, બિહાર, ઝારખંડ, આંધ્રપ્રદેશ અને તેલંગાણામાં ભારેથી અતિભારે વરસાદનું જોખમ છે. દિલ્હી-એનસીઆર, કર્ણાટક, પૂર્વોત્તર રાજ્યો, અંદમાન-નિકોબાર અને કેરળમાં હળવાથી મધ્યમ વરસાદ અને વાવાઝોડાની શક્યતા દર્શાવવામાં આવી છે.

# કટિહાર ડિવિઝનના સાત સ્ટેશનો પર પાર્સલ કેજ બનાવાશે

માલીગાંવ | નોર્થઈસ્ટ ફ્રન્ટીયર રેલવે (NFR) એ પાર્સલના સંચાલનને વધુ વ્યવસ્થિત અને સુરક્ષિત બનાવવા માટે સ્ટેશનો અને ટર્મિનલ્સ પર આધુનિક 'પાર્સલ કેજ' (પાર્સલ રાખવા માટેના સુરક્ષિત



પાંજરા) બનાવવાની શરૂઆત કરી છે, જેનાથી મુસાફરો અને ગ્રાહકોને સુરક્ષાનો વધારાનો લાભ મળશે.આ ઉદ્દેશ્યને ધ્યાનમાં રાખીને, કિશનગંજ, ન્યૂ જલપાઈગુડી, સિલિગુડી, હલ્દીબારી, માલદા કોર્ટ, બાલુરઘાટ અને કટિહાર ખાતે આ સુવિધાઓ પૂરી પાડવાની યોજના બનાવવામાં આવી છે. હાલમાં ન્યૂ જલપાઈગુડી, કટિહાર, માલદા કોર્ટ અને બાલુરઘાટ ખાતે આ સુવિધાઓ સ્થાપિત કરવાનું કામ ચાલી રહ્યું છે, જ્યારે બાકીના ત્રણ સ્ટેશનો પર કામ ટૂંક સમયમાં શરૂ થશે.પાર્સલ અને સામાન માટે નિર્ધારિત સંગ્રહ વિસ્તારો પૂરા પાડવા માટે તૈયાર કરાયેલી આ સુવિધાઓ સ્ટેશનો પર માલની હેરફેર અને સંચાલનમાં વધુ વ્યવસ્થા, સુરક્ષા અને કાર્યક્ષમતા લાવશે. ખાસ કરીને, આ સુવિધાઓ પાર્સલ અને સામાનના કામચલાઉ સંગ્રહ માટે જગ્યા પૂરી પાડશે, જેથી માલસામાન (કન્સાઈનમેન્ટ) પર પ્રક્રિયા થાય અથવા રવાના થાય ત્યાં સુધી તેને સુરક્ષિત રાખી શકાય.આ કામ પૂર્ણ થયા પછી, પાર્સલ કેજ પાર્સલ અને સામાનના કામચલાઉ સંગ્રહ અને સંચાલન માટે સ્પષ્ટ રીતે નિર્ધારિત જગ્યાઓ ઊભી કરશે, જેનાથી રેલવે કર્મચારીઓ આ મહત્વપૂર્ણ સ્ટેશનો પર વધુ ચોકસાઈ સાથે માલસામાનનું સંચાલન કરી શકશે. સુધારેલી વ્યવસ્થાઓ સ્ટેશનની જગ્યાનો વધુ સારી રીતે ઉપયોગ કરવામાં મદદ કરશે અને પાર્સલ સંચાલનની કામગીરીને વધુ સરળ અને સુવ્યવસ્થિત બનાવશે.પાર્સલ સંચાલનની સુરક્ષા અને વ્યવસ્થાને મજબૂત બનાવીને, આ પહેલથી માલસામાનના નુકસાન, બગડવા અથવા ચોરી થવાનું જોખમ ઘટવાની અપેક્ષા છે. આ સિસ્ટમ રેલવેની પાર્સલ સેવાઓમાં ગ્રાહકોનો વિશ્વાસ પણ વધારશે અને મુસાફરોને વધુ વિશ્વસનીય અને અનુકૂળ અનુભવ પ્રદાન કરશે.

## વિપક્ષને માત્ર પોતાનું રાજકીય અસ્તિત્વ ખતમ થઈ જવાનો ડર સતાવી રહ્યો છે

# 'વોટ ચોરી થાય છે, MLA તૂટે છે છતાં કેમ લડો છો?', કોકરોચ જનતા પાર્ટીની વિપક્ષને ચૂંટણીનો બહિષ્કાર કરવા અપીલ

(એજન્સી) મુંબઈ | તા 25

કોકરોચ જનતા પાર્ટીના સ્થાપક અભિજિત દીપકેએ વિપક્ષ પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે શુક્રવારે જણાવ્યું કે, વિપક્ષને પોતાનું રાજકીય અસ્તિત્વ ખતમ થવાનો ડર સતાવે છે, તેથી તેઓ ગેરરીતિવાળી ચૂંટણીઓમાં ભાગ લે છે. દીપકેએ ચૂંટણીઓને 'ફિક્સ્ડ મેચ' સાથે સરખાવી, જ્યાં જાણીજોઈને અમુક જગ્યાએ વિપક્ષને જીતાડીને લોકોને નિષ્પક્ષતાનો ભ્રમ કરાવવામાં આવે છે. તેમણે વિપક્ષને આવી ચૂંટણીઓનો બહિષ્કાર કરવા અપીલ કરી. કોકરોચ જનતા પાર્ટીના સ્થાપક અભિજિત દીપકેએ વિપક્ષી પક્ષોની ભૂમિકા સામે આકરા પ્રહારો કર્યા છે. દીપકેએ શુક્રવારે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે વિપક્ષને માત્ર પોતાનું રાજકીય અસ્તિત્વ ખતમ થઈ જવાનો ડર સતાવી રહ્યો છે, અને આ જ ડરના કારણે તેઓ જાણીજોઈને ગોટાળાવાળી ચૂંટણીઓમાં ભાગ લઈ રહ્યા છે.અભિજિત દીપકેએ કહ્યું કે, ચૂંટણીઓમાં ગેરરીતિ થઈ રહી છે. પરંતુ જ્યારે તમે ગેરરીતિવાળી ચૂંટણીઓમાં સતત ભાગ લેતા રહો છો, ત્યારે તમે વાસ્તવમાં આ ચૂંટણીઓને માન્યતા આપો છો. તમે એ ભ્રમ જાળવી રાખવામાં મદદ કરી રહ્યા છો કે આ ચૂંટણીઓ એકદમ નિષ્પક્ષ રીતે થઈ રહી છે. કદાચ તમે એટલા માટે ચૂંટણી લડી રહ્યા છો કારણ કે તમને ડર છે કે જો તમે આમ નહીં કરો, તો તમારું અસ્તિત્વ જ ખતમ થઈ જશે. જ્યારે ખુલ્લેઆમ વોટ ચોરી થઈ રહ્યા છે, તમારા ધારાસભ્યો અને સાંસદો તોડવામાં આવી રહ્યા છે અને તમારી આખી પાર્ટીઓના ભાગલા પડી રહ્યા છે, ત્યારે તમે કેવા પ્રકારનું અસ્તિત્વ બચાવવાનો પ્રયાસ કરી રહ્યા છો? આ કંઈ રાજકીય અસ્તિત્વ બચાવવું નથી. તમે માત્ર એવી સિસ્ટમનો હિસ્સો બની રહેવા માંગો છો જે તમને જ સતત નબળા કરી રહી છે. આ રીતે તમે ક્યાં સુધી ટકી શકશો?દીપકેએ વધુમાં કહ્યું કે, વિપક્ષે પોતાની રાજકીય ચિંતા છોડીને સ્પષ્ટ વલણ લેવું પડશે. જ્યારે ખબર જ છે કે રમત પક્ષપાતી છે, ત્યારે તે રમતમાં ભાગીદાર બનીને તેને માન્યતા આપવાનું બંધ કરવું જોઈએ.

# બંગાળની ચૂંટણી જીતવા ભાજપે છૂટા હાથે 287 કરોડ રૂપિયાનો ખર્ચ કર્યો

નવી દિલ્હી : તૃણમૂલ કોંગ્રેસને હરાવીને ભાજપે પહેલી વખત પશ્ચિમ બંગાળમાં ભગવો લહેરાવ્યો હતો. ૨૯૩માંથી ૨૦૭ બેઠકો જીતીને સૌને ચોંકાવી દીધા હતા. તૃણમૂલ કોંગ્રેસને માત્ર ૮૦ બેઠકો મળી હતી. આ અણધાર્યા ચૂંટણી પરિણામોને સ્વીકારવાનો પૂર્વ સીએમ મમતા બેનર્જીએ ઈનકા કરીને ભાજપ સામે આરોપો લગાવ્યા હતા. આ ચૂંટણીમાં ભાજપે આવી સફળતા મેળવી તે માટે પાર્ટીએ છૂટા હાથે પૈસા વેર્યા હતા. ચૂંટણીપંચ સમક્ષ રજૂ થયેલા અહેવાલમાં આ ખુલાસો થયો હતો.ભાજપે બંગાળમાં કુલ ૨૮૬.૯૯ કરોડ રૂપિયાનો માતબર ખર્ચ કર્યો હતો. એમાં પાર્ટીએ ૨૧૭.૧૬ કરોડ ખર્ચ્યા હતા ને ઉમેદવારોએ ૬૯.૮૩ કરોડનો ખર્ચ કર્યો હતો. પશ્ચિમ બંગાળ સહિત કુલ પાંચ રાજ્યોની ચૂંટણી થઈ હતી, જેમાં આસામ, કેરળ, તમિલનાડુ અને પુડુચેરીનો સમાવેશ થતો હતો. એ તમામ રાજ્યોમાં મળીને ભાજપે કુલ ૫૨૯.૩૮ કરોડનો ખર્ચ કર્યો હતો.તેની સામે કોંગ્રેસે પાંચ રાજ્યોમાં ૨૪૮ કરોડનો ખર્ચ કર્યો હતો. કોંગ્રેસે પાંચ રાજ્યોમાં જે ખર્ચ કર્યો એનાથી વધુ ખર્ચ તો ભાજપે બંગાળમાં જ કરી નાખ્યો હતો. બંગાળમાં કોંગ્રેસે કુલ ૪૨ કરોડ રૂપિયાનો ખર્ચ કર્યો હતો. જેમાં ૧૨.૯૭ કરોડ પાર્ટીએ કર્યો હતો અને ૨૯.૧૨ કરોડ ઉમેદવારોએ ખર્ચ્યા હતા. તૃણમૂલ કોંગ્રેસે રાજ્યની ચૂંટણીમાં કેટલો ખર્ચ કર્યો હતો તેની જાણકારી સામે આવી નથી. ડાબેરી પાર્ટી સીપીઆઈએમએ ૮.૨૩ કરોડ રૂપિયા ચૂંટણી પ્રચાર પાછળ ખર્ચ્યા હતા.

કેરળમાં કોંગ્રેસે ભાજપથી વધારે ખર્ચ કર્યો હતો. કેરળમાં ભાજપે ૮૨ કરોડ ખર્ચી નાખ્યા હતા. તેની સામે કોંગ્રેસે ૧૦૫ કરોડ રૂપિયાનો ખર્ચ કર્યો હતો. કેરળમાં સીપીએમની સરકાર હતી. સીપીએમે ૨૮ કરોડનો ખર્ચ કર્યો હતો. ભાજપે તમિલનાડુમાં ૯૬.૨૭ કરોડ, આસામમાં ૫૧ કરોડ, પુડુચેરીમાં ૧૧.૯૦ કરોડ ચૂંટણી કેમ્પેઈન પાછળ ફાળવ્યા હતા. આ ચૂંટણીઓ ચાલતી હતી ત્યારે ભાજપને ૧૪૭૨ કરોડ રૂપિયાનું દાન મળ્યું હતું તો કોંગ્રેસને ૨૦૭ કરોડ રૂપિયા દાનમાં મળ્યા હતા.

## દિરહામને ભારતીય રૂપિયામાં કન્વર્ટ કરવાનું પણ સર્ચ કરી રહ્યા

# ભારતીયો ઈન્ટરનેટ પર 5099, 5499 AED કેમ સર્ચ કરી રહ્યા છે? શું છે કારણ

(એજન્સી) નવી દિલ્હી | તા 25

ભારતમાં 5099 અને 5499 નંબર ગૂગલ પર ટ્રેન્ડિંગમાં છે. આ નંબરો Appleના નવા iPhone 18 Pro અને Pro Maxની UAEમાં કિંમતો દર્શાવે છે. લોકો દુબઈમાં આઈફોનની કિંમત જાણીને ભારતીય રૂપિયામાં કન્વર્ટ કરી રહ્યા છે, કારણ કે ત્યાં આઈફોન ભારતમાં મળતી કિંમત કરતાં 28,000 રૂપિયા સસ્તો મળે છે. આ જ કારણોસર આ નંબરો સર્ચમાં ટોચ પર છે. ભારતમાં છેલ્લા કેટલાક દિવસથી બે નંબર ઈન્ટરનેટ પર સૌથી વધુ સર્ચ કરવામાં આવ્યા છે. આ નંબર છે 5099 અને 5499. તમને વિચાર આવશે કે, આખરે આ નંબરમાં એવું તો શું છે કે એકદમ જ લોકો સર્ચ કરી રહ્યા છે. ગૂગલ ટ્રેન્ડ્સના છેલ્લા કેટલાક આંકડાઓમાં 5099 AED અને 5499 AED, 5459 AED, 6349 AED જેવા નંબરો દેખાઈ રહ્યા છે. આ સાથે જ લોકો 'AED to INR' એટલે કે દિરહામને ભારતીય રૂપિયામાં કન્વર્ટ કરવાનું પણ સર્ચ કરી રહ્યા છે. આવો જાણીએ આ નંબર કેમ આટલા સર્ચ થયા છે. 5099 અને 5499 UAEની કરન્સીની કિંમતો છે. પરંતુ સવાલ એ છે કે, ભારતમાં બેઠેલા લોકો અચાનક આ બે કિંમતો કેમ સર્ચ કરી રહ્યા છે. તેનું કારણ છે એપલનો નવો લૉન્ચ થયેલો ફોન. આ નંબર એપલના નવા આઈફોન 18 પ્રો અને 18 પ્રો મેક્સની કિંમત છે. એપલે UAEમાં આઈફોન 18 પ્રોની કિંમત 5099 AED અને આઈફોન 18 પ્રો મેક્સની શરૂઆતની કિંમત 5499 AED રાખી છે. બંને મોડલ 256 જીબીના છે.માર્કેટમાં જ્યારે નવો આઈફોન લૉન્ચ થાય છે, ત્યારે લોકો દુબઈમાં આઈફોનની કિંમત કેટલી છે, તે સર્ચ કરે છે. પછી ત્યાંનો ભાવ અને ભારતના ભાવની સરખામણી કરીને નક્કી કરે છે કે ત્યાં કેટલો સસ્તો ફોન મળે છે. રિપોર્ટ પ્રમાણે, દુબઈમાં આ વખતે આઈફોનના નવા મોડલની કિંમત ભારત કરતાં 28 હજાર રૂપિયા જેટલી ઓછી છે. લોકો દિરહામને ભારતીય રૂપિયામાં કન્વર્ટ કરીને કિંમતમાં કેટલો ફેર છે તે જોઈ રહ્યા છે. તેને કારણે આ નંબર ગૂગલ સર્ચમાં ટ્રેન્ડ થઈ રહ્યા છે.

### દુબઈમાં આઈફોનની કિંમત કેટલી છે?

એપલના UAE સ્ટોર પ્રમાણે, આઈફોન 18 પ્રોના 256 જીબીના વેરિયન્ટની કિંમત 5099 AED, 512 GBની 5949 AED, 1TBની 7649 AED અને 2 TBની 10,199 AED છે. તો આઈફોન 18 પ્રો મેક્સના 246 જીબીની કિંમત 5499 AED, 512 GBની 6349 AED, 1TBની 8049 AED અને 2TBની 10,599 AED છે. આ જ કારણ છે કે, ગૂગલ પર 5499, 5099, 5949 અને 6349 જેવા નંબર્સ એકસાથે ટ્રેન્ડમાં છે.

# SIR મુદ્દે વિવાદ વધ્યો, CEC જ્ઞાનેશ કુમારના 14 ઓર્ડર રદ કરવા બોમ્બે હાઈકોર્ટમાં કરાઈ માગ

(એજન્સી)મુંબઈ | તા 25





મહારાષ્ટ્રમાં ચૂંટણી પંચની SIR પ્રક્રિયા હવે કાનૂની વિવાદમાં સપડાઈ છે. બોમ્બે હાઈકોર્ટ અને તેની કોલ્હાપુર બેન્ચમાં 2 અલગ અરજીઓ દાખલ થઈ છે. મતદાર યાદીમાંથી મનસ્વી રીતે નામ હટાવવા, પ્રક્રિયામાં ગડબડ અને આંતરિક મતભેદોના ગંભીર આરોપો છે. અરજદારોએ હટાવેલા નામો ફરી જોડવા, SIR પર સ્ટે અને તપાસ સમિતિની માગ કરી છે. આગામી સપ્તાહે સુનાવણી સંભવ છે. મહારાષ્ટ્રમાં ચૂંટણી પંચની સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) પ્રક્રિયા હવે કાનૂની વિવાદમાં સપડાઈ છે. આ મામલે બોમ્બે હાઈકોર્ટ અને તેની કોલ્હાપુર સર્કિટ બેન્ચમાં બે અલગ-અલગ અરજીઓ દાખલ કરવામાં આવી છે. અરજીઓમાં મતદાર યાદીમાંથી મનસ્વી રીતે નામ હટાવવા, પ્રક્રિયામાં ગડબડ અને ચૂંટણી પંચની અંદર આંતરિક મતભેદો જેવા ગંભીર આરોપો લગાવવામાં આવ્યા છે.કોલ્હાપુર બેન્ચમાં દાખલ કરવામાં આવેલી પહેલી અરજી ત્રણ સ્થાનિક રહેવાસીઓએ વકીલ અસીમ સરોદેની ટીમ મારફતે દાખલ કરી છે. તેમાં ચીફ ઈલેક્શન કમિશનર જ્ઞાનેશ કુમારના 14 વહીવટી આદેશો રદ કરવાની માંગ કરવામાં આવી છે. અરજીમાં એવું પણ કહેવામાં આવ્યું છે કે, ઈલેક્શન કમિશનર સુખબીર સિંહ સંધૂ અને વિવેક જોશીએ 14 વખત મતદારોના નામ હટાવવા, ડેટાબેઝ એક્સેસ, સોફ્ટવેરમાં વિક્ષેપ અને ફોર્મ 6 માં જુલાઈ મહિનામાં થયેલા ફેરફારો પર વાંધો ઉઠાવ્યો હતો. અરજીમાં તેને સીઈસી એન્ડ અધર ઈસીએસ એક્ટ, 2023 (CEC and Other ECs Act, 2023) ની કલમ 18 નું ઉલ્લંઘન ગણાવવામાં આવ્યું છે.બીજી અરજી મુંબઈની પ્રિન્સિપલ બેન્ચમાં વંચિત બહુજન આઘાડી (VBA) ના યુવા અધ્યક્ષ સાગર રમેશ ગાયકવાડ અને એક અન્ય રહેવાસીએ દાખલ કરી છે. તેને વકીલ હેમંત ઘડીગાંવકર, સંદેશ મોરે અને હિતેન્દ્ર ગાંધી રજૂ કરી રહ્યા છે. આ અરજી સુપ્રીમ કોર્ટના ADR ચુકાદાનો સંદર્ભ આપતા દાવો કરે છે કે, બૂથ લેવલ અધિકારીઓ ઘરે-ઘરે જઈને ઓળખપત્ર માગી રહ્યા છે, જે ચૂંટણી પંચના નિયમોની વિરુદ્ધ છે. સાથે જ જે મતદારો ઘરે ન મળ્યા, તેમને કોઈપણ સુનાવણી કે લેખિત આદેશ વિના ગેરહાજર, સ્થળાંતરિત, મૃત્યુ પામેલા અથવા ડુપ્લિકેટ શ્રેણીમાં મૂકી દેવામાં આવ્યા.

અરજદારોએ સ્પષ્ટ કર્યું છે કે, તેઓ ચૂંટણી રોકવા માગતા નથી, પરંતુ માત્ર કાયદાનું સાચું પાલન કરવા ઈચ્છે છે. બંને અરજીઓમાં હટાવવામાં આવેલા મતદારોના નામ ફરીથી જોડવા, મહારાષ્ટ્રમાં SIR પ્રક્રિયા પર સ્ટે લાવવા અને મામલાની તપાસ માટે રિટાયર્ડ હાઈકોર્ટ જજની અધ્યક્ષતામાં એક સ્વતંત્ર સમિતિ બનાવવાની માંગ કરવામાં આવી છે. બંને અરજીઓ પર આગામી અઠવાડિયે તાત્કાલિક સુનાવણી થવાની શક્યતા છે.




પહેલા પાનાનું ચાલુ

## ઉત્તરાખંડના 5 જિલ્લામાં રેડ એલર્ટ, પિથોરાગઢ-નૈનીતાલમાં શાળાઓ બંધ

પહાડી રાજ્ય ઉત્તરાખંડમાં કુદરતે ફરી રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. બાગેશ્વર, નૈનીતાલ, પિથોરાગઢ, ચંપાવત અને ઉધમ સિંહ નગરમાં ભારેથી અતિભારે વરસાદને પગલે તંત્ર દ્વારા રેડ એલર્ટ જારી કરવામાં આવ્યું છે. દહેરાદૂન, પૌડી, ચમોલી, રુદ્રપ્રયાગ અને અલ્મોડામાં ઓરેન્જ એલર્ટ અપાયું છે. ચમોલીમાં 40 થી 50 કિમી પ્રતિ કલાકની ઝડપે ફૂંકાતા પવન સાથે વીજળીના કડાકા-ભડાકાની આશંકા છે. સુરક્ષાના ભાગરૂપે પિથોરાગઢ અને નૈનીતાલ જિલ્લામાં શાળાઓ અને આંગણવાડી કેન્દ્રોમાં રજા જાહેર કરવામાં આવી છે તેમજ પ્રવાસીઓ અને નાગરિકોને નદી-નાળાની નજીક ન જવા અપીલ કરાઈ છે.

## છત્તીસગઢના બસ્તરમાં જળબંબાકાર, ડેમના દરવાજા ખોલાયા

છત્તીસગઢના બસ્તર સંભાગમાં છેલ્લા 5 દિવસથી સતત વરસી રહેલા વરસાદને લીધે પૂર જેવી પરિસ્થિતિ પેદા થઈ છે. જગદલપુર સહિતના વિસ્તારોમાં ઘરોમાં પાણી ભરાઈ ગયા છે અને માર્ગ વ્યવહાર ઠપ થઈ ગયો છે. દંતેવાડા, બીજાપુર, કોંડાગાંવ, કાંકેર, બસ્તર, ગરિયાબંદ, ધમતરી અને દુર્ગ જિલ્લામાં શાળાઓ બંધ રાખવામાં આવી હતી. કોંડાગાંવમાં પૂરના પાણીમાં તણાઈ જવાથી એક ખેડૂતનું મોત નીપજ્યું છે. ધમતરીમાં ભારે આવકના કારણે ગંગરેલ જળાશય 98 ટકા અને મુરુમસિલ્લી જળાશય 100 ટકા ભરાઈ જતાં ડેમના દરવાજા ખોલીને પાણી છોડાઈ રહ્યું છે.

## ઓડિશામાં 10 હજાર લોકોનું સ્થળાંતર, 24 સ્થળોએ 100 મિમીથી વધુ વરસાદ

બંગાળની ખાડીના ડીપ ડિપ્રેશનની સીધી અસર ઓડિશા પર જોવા મળી છે, જ્યાં 24 જેટલા સ્થળોએ 100 મિમી કરતાં વધારે વરસાદ નોંધાયો છે. નબરંગપુરના તેંતુલીખૂંટીમાં 395 મિમી, નંદહાંડીમાં 344 મિમી અને કોરાપુટના બોરીગુમામાં 307.8 મિમી વરસાદ ખાબક્યો છે. નદીઓના જળસ્તરમાં ભયજનક ઉછાળો આવતા 10,000 થી વધુ લોકોને નીચાણવાળા અને ભૂસ્ખલનની શક્યતા ધરાવતા વિસ્તારોમાંથી બહાર કાઢીને 200 રાહત શિબિરોમાં આશ્રય આપવામાં આવ્યો છે. બચાવ કામગીરી માટે ODRAFની 33 ટીમો અને ફાયર સર્વિસની 300 થી વધુ ટીમો તૈનાત કરવામાં આવી છે.

## ઝારખંડમાં વૃક્ષ પડતાં સ્કૂલ બસ દબાઈ, વિમાની સેવાઓ પ્રભાવિત

ઝારખંડની રાજધાની રાંચીમાં શુક્રવારે ભારે પવન અને વરસાદ વચ્ચે એક મોટું ઝાડ સ્કૂલ બસ પર તૂટી પડ્યું હતું, જોકે સદનસીબે બસમાં સવાર બાળકોનો આબાદ બચાવ થયો હતો અને પોલીસે તમામને સુરક્ષિત બહાર કાઢ્યા હતા. રાજ્યભરમાં વૃક્ષો અને વીજ પોલ ધરાશાયી થવાથી વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો. રાંચીના બિરસા મુંડા એરપોર્ટ પર ખરાબ હવામાનના કારણે બપોરે 2 વાગ્યા સુધીમાં ઓછામાં ઓછી 5 ફ્લાઈટ્સ રદ્દ કરવી પડી હતી.

## ઉત્તર બંગાળમાં લેન્ડસ્લાઈડ, દાર્જિલિંગની હોસ્પિટલ પર કાટમાળ પડ્યો

પશ્ચિમ બંગાળના પહાડી વિસ્તારોમાં ભારે વરસાદથી જમીન ધસી પડવાના બનાવો સામે આવ્યા છે. દાર્જિલિંગ જિલ્લાની તકદાહ ગ્રામીણ હોસ્પિટલ પર શુક્રવારે વહેલી સવારે ભેખડ ધસી પડતાં દોડધામ મચી ગઈ હતી. દર્દીઓને તાત્કાલિક અન્ય સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. દાર્જિલિંગમાં 24 કલાકમાં 153 મિમી અને કાલિમપોંગમાં 113 મિમી વરસાદ નોંધાયો છે, જેના કારણે બંને જિલ્લાઓમાં હજુ પણ ભૂસ્ખલનનું જોખમ તોળાઈ રહ્યું છે.

## બિહારમાં કોસી નદી ગાંડીતૂર, સરકારી કર્મીઓની રજાઓ રદ્દ

નેપાળના જળગ્રહણ ક્ષેત્રમાં અવિરત વરસાદને કારણે બિહારની નદીઓ ભયજનક સપાટી વટાવી ગઈ છે. કોસી નદીનું વીરપુર બેરેજ પરથી ડિસ્ચાર્જ 1.81 લાખ ક્યુસેક અને ગંડક નદીનું વાલ્મીકિનગર બેરેજ પરથી ડિસ્ચાર્જ 79,700 ક્યુસેક નોંધાયું હતું. સુપૌલ, ખગડિયા, મુઝફ્ફરપુર અને ભાગલપુરમાં નદીઓ ખતરાના નિશાનથી ઉપર વહી રહી છે. 28 સપ્ટેમ્બરના રોજ કોસી બેરેજમાંથી 6.30 લાખ ક્યુસેકથી વધુ પાણી છોડાવાની શક્યતાને પગલે સહરસા જિલ્લા પ્રશાસને પૂર વ્યવસ્થાપન માટે તમામ અધિકારીઓ અને કર્મચારીઓની રજાઓ 15 ઓક્ટોબર 2026 સુધી તાત્કાલિક અસરથી રદ્દ કરી દીધી છે.

સિટી એક્સપ્રેસ

SATURDAY 26 SEPTEMBER-2026

AHMEDABAD

## અમદાવાદ એરપોર્ટ પરથી કોકેઈન જપ્ત કરાયું

અમદાવાદ | અમદાવાદ શહેરના સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પરથી ડિરેક્ટોરેટ ઓફ રેવેન્યુ ઈન્ટેલિજન્સ ઝોનલ યુનિટના અધિકારીઓ દ્વારા ગઈ ચોવીસમી સપ્ટેમ્બરના રોજ હાથ ધરવામાં આવેલા એક સફળ ઓપરેશન દરમિયાન કતાર એરવેઝની ફ્લાઈટ મારફતે ભારતની ધરા પર પ્રવેશી રહેલા યુગાન્ડાના એક નાગરિકની શંકાસ્પદ હિલચાલના આધારે અટકાયત કરવામાં આવી હતી, જેની બેગમાંથી અંદાજે ચાર કરોડ એક્યાસી લાખ રૂપિયાની બજાર કિંમત ધરાવતું કુલ નવસો એક્યાસી ગ્રામ શુદ્ધ કોકેઈન નામક નશીલો પદાર્થ મળી આવતા સુરક્ષા એજન્સીઓમાં ભારે ચકચાર મચી જવા પામી છે.

## અમદાવાદમાં વીજ કરંટથી યુવાનનું મોત

અમદાવાદ | અમદાવાદ શહેરના ગ્રામ્ય વિસ્તાર અંતર્ગત આવતા કણભા ગામે થોડા વર્ષો અગાઉ વીજ કંપનીની ગંભીર બેદરકારી અને લાપરવાહીના કારણે જીવ ગુમાવનાર પંચાત્રીસ વર્ષીય એક માસૂમ વેપારીના મૃત્યુ કેસમાં અમદાવાદ ગ્રામ્ય કોર્ટ દ્વારા એક અત્યંત મહત્વપૂર્ણ અને ઐતિહાસિક ચુકાદો જાહેર કરવામાં આવ્યો છે, જેમાં પીડિત પરિવારને ન્યાય આપતા અદાલતે જવાબદાર વીજ કંપનીને આગામી બે મહિનાની મુદતની અંદર વ્યાજ સહિત રૂપિયા બાર લાખ સાત હજાર પાંચસોનું માતબર વળતર મૃતકની લાચાર વિધવા પત્નીને ચૂકવી આપવાનો સખત આદેશ જારી કર્યો છે.



# ગુજરાતભરમાં ભવ્ય શોભાયાત્રા સાથે શ્રીજીને વિદાય!



અમદાવાદ | ગુજરાતભરમાં ભાદરવા સુદ ચૌદસના પવિત્ર પર્વે 'ગણપતિ બાપ્પા મોરિયા, આવતા વરસે વહેલા આવજો'ના ગગનભેદી નાદ સાથે શ્રીજીની પ્રતિમાઓનું ભક્તિભાવપૂર્વક વિસર્જન કરવામાં આવી રહ્યું છે. અમદાવાદ, સુરત અને છોટા ઉદેપુરના નસવાડી સહિત રાજ્યના વિવિધ શહેરો અને ગ્રામ્ય વિસ્તારોમાં વહેલી સવારથી જ ઢોલ-નગારા અને ભવ્ય શોભાયાત્રાઓ સાથે બાપ્પાને વિદાય આપવામાં આવી રહી છે. સુરતમાં મળસ્કેથી જ વિસર્જન યાત્રાઓનો ધમધમાટ શરૂ થયો હતો, તો અમદાવાદમાં પણ પર્યાવરણની જાળવણી સાથે વિસર્જન માટે 38થી વધુ કૃત્રિમ કુંડ તૈયાર કરવામાં આવ્યા છે. ભક્તોની સુરક્ષા અને શાંતિપૂર્ણ માહોલ જાળવવા માટે સમગ્ર રાજ્યમાં પોલીસ તંત્ર દ્વારા સીસીટીવી, ડ્રોન કેમેરા અને ચુસ્ત બંદોબસ્ત સાથે બાજ નજર રાખવામાં આવી રહી છે. એક તરફ ઉત્સવ પૂર્ણ થતાં ભક્તોમાં ભાવુકતા જોવા મળી તો બીજી તરફ આગામી વર્ષે બાપ્પાના પુનઃ આગમનની આશા સાથે સમગ્ર વાતાવરણ ગણેશમય બન્યું છે. અમદાવાદ શહેરમાં ગણેશ વિસર્જનના પવિત્ર પર્વને શાંતિપૂર્ણ અને સુચારુ રીતે સંપન્ન કરાવવા માટે અમદાવાદ મહાનગરપાલિકા અને પોલીસ વિભાગ દ્વારા વ્યાપક અને સજ્જડ તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. શ્રદ્ધાળુઓ પર્યાવરણની જાળવણી સાથે આસ્થાભેર ગણેશજીની પ્રતિમાઓનું વિસર્જન કરી શકે તે માટે શહેરના વિવિધ વિસ્તારોમાં કુલ 38 થી વધુ કૃત્રિમ કુંડ તૈયાર કરવામાં આવ્યા છે. આ ઉપરાંત, વિસર્જન યાત્રા દરમિયાન કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે પોલીસ તંત્ર દ્વારા સઘન સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. સમગ્ર વિસર્જન યાત્રા અને સંવેદનશીલ વિસ્તારો પર ડ્રોન કેમેરા તથા CCTV નેટવર્ક મારફતે સતત અને બાજ નજર રાખવામાં આવશે. તંત્ર દ્વારા નાગરિકોને નિર્ધારિત કૃત્રિમ કુંડમાં જ વિસર્જન કરી સહયોગ આપવા અપીલ કરવામાં આવી છે. વ્યવસ્થા અને સલામતી માટે વિવિધ સ્થળોએ ફાયર બ્રિગેડના 290 જવાનો તથા સેફ્ટી ગાર્ડ્સ ઉપલબ્ધ રહેશે. મોટા કદની ગણેશ પ્રતિમાઓના વિસર્જન માટે 38 ક્રેનની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. અમદાવાદમાં ગણેશ વિસર્જનના પર્વને ધ્યાનમાં રાખીને શહેરના ટ્રાફિક અને કાયદો-વ્યવસ્થાની સ્થિતિ જાળવી રાખવા માટે અમદાવાદ પોલીસ કમિશનર દ્વારા એક વિશેષ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.

# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા PM મોદીના જનસેવાના ૨૫ ગૌરવવંતા વર્ષ નિમિત્તે 'સેવા સેતુ' કાર્યક્રમ યોજાયો

## દક્ષિણ, પૂર્વ, મધ્ય અને ઉત્તર ઝોનના સંયુક્ત ઉપક્રમે 'સેવા સેતુ'ના ૧૨મા તબક્કાનું સફળ આયોજન







અમદાવાદ | પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના જનસેવા, સુશાસન અને સમર્પણના ૨૫ ગૌરવવંતા વર્ષોની ઉજવણીના ભાગરૂપે ચાલતા 'સેવા સંકલ્પ અને સમર્પણ અભિયાન' અંતર્ગત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરી વિસ્તારના ૧૨મા તબક્કાના 'સેવા સેતુ' કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. દક્ષિણ ઝોન, પૂર્વ ઝોન, મધ્ય ઝોન અને ઉત્તર ઝોનના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા આ કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ સેવા સેતુ કાર્યક્રમનો મુખ્ય હેતુ સામાન્ય નાગરિકોને સરકારી યોજનાઓના લાભો મેળવવામાં સરળતા રહે અને તેમની વ્યક્તિગત અરજીઓનો સ્થળ પર જ ત્વરિત નિકાલ થાય તે સુનિશ્ચિત કરવાનો હતો. કાર્યક્રમ દરમિયાન મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે 'સેવા સેતુ' સ્થળ પર ઉપસ્થિત રહીને વિવિધ સરકારી યોજનાઓ હેઠળના લાભાર્થીઓને સ્થળ પર જ પ્રમાણપત્રો તથા સહાયના ચેક અર્પણ કર્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ લાભાર્થીઓ સાથે ખૂબ જ આત્મીયતાપૂર્વક વાતચીત કરીને યોજનાઓના લાભ મળવા અંગે પ્રતિભાવો મેળવ્યા હતા. આ ઉપરાંત, તેમણે સેવા સેતુ સ્થળ પર નાગરિકોની સુવિધા માટે ઊભા કરવામાં આવેલા વિવિધ યોજનાકીય ડેસ્કનું પ્રત્યક્ષ નિરીક્ષણ કર્યું હતું અને કામગીરીની સમીક્ષા કરી હતી. પ્રધાનમંત્રીશ્રીના 'છેવાડાના માનવી સુધી લાભો પહોંચાડવાના' સંકલ્પને સાકાર કરતા આ સેવા સેતુ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં નાગરિકોએ હાજરી આપી સ્થળ પર જ વિવિધ સરકારી સેવાઓ અને સહાયનો લાભ મેળવ્યો હતો. આ પ્રસંગે શહેરી વિકાસ રાજ્ય મંત્રી દર્શનાબેન વાઘેલા, અમદાવાદના મેયર હિતેશ બારોટ,સાંસદ દિનેશ મકવાણા, ધારાસભ્ય સર્વેશ્રી અમુલ ભટ્ટ, દિનેશસિંહ કુશવાહ, મ્યુનિસિપલ કમિશનર બંછાનિધી પાની,નાયબ મેયર અંજુબેન શાહ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન કમલેશ પટેલ, અગ્રણી પ્રેરક શાહ સહિત કોર્પોરેશનના ઉચ્ચ અધિકારીઓ અને પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# PDEU ખાતે અંત્યોદય દિવસની ઉજવણી

## રાજ્યપાલ શ્રી રાજેન્દ્ર વિશ્વનાથ આર્લેકરે ત્રણ નવી પહેલોનું લોકાર્પણ કર્યું



ગાંધીનગર | પંડિત દીનદયાળ ઉપાધ્યાયની જન્મજયંતિ નિમિત્તે પંડિત દીનદયાળ એનર્જી યુનિવર્સિટી (PDEU), રાયસણ, ગાંધીનગર ખાતે આજે અંત્યોદય દિવસની ઉજવણી કરવામાં આવી હતી. યુનિવર્સિટીના ઓડિટોરિયમ ખાતે યોજાયેલા આ વિશેષ કાર્યક્રમમાં કેરળ અને તમિલનાડુના માનનીય રાજ્યપાલ શ્રી રાજેન્દ્ર વિશ્વનાથ આર્લેકરે મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહી કાર્યક્રમનું ઉદ્‌ઘાટન કર્યું હતું. ઉદ્‌ઘાટન પ્રસંગે સંબોધન કરતાં રાજ્યપાલ શ્રી રાજેન્દ્ર વિશ્વનાથ આર્લેકરે યુવાનોને આહ્વાન કર્યું કે, મહાન રાષ્ટ્રનિર્માતાઓ અને દ્રષ્ટાઓના નામ પરથી રાખવામાં આવેલી સંસ્થાઓ તથા જાહેર સુવિધાઓના નામ સંક્ષિપ્ત રૂપ કે ટૂંકાક્ષરોમાં બોલવાને બદલે સંપૂર્ણ નામથી બોલાવવા જોઈએ. તેમના જણાવ્યા અનુસાર, કોઈ સંસ્થાનું સંપૂર્ણ નામ ઉચ્ચારવાથી તે સંસ્થા કયા વિચાર અને કયા હેતુથી સ્થાપિત કરવામાં આવી છે તેની ભાવના જીવંત રહે છે.રાજ્યપાલે પંડિત દીનદયાળ ઉપાધ્યાયના વિચારદર્શનના બે મુખ્ય સિદ્ધાંતો–'અંત્યોદય' અને 'એકાત્મ માનવવાદ'–વિશે સરળ ભાષામાં સમજાવ્યું. તેમણે જણાવ્યું કે અંત્યોદયનો મૂળ ભાવ એ છે કે વિકાસનો સાચો માપદંડ સમાજના સૌથી અંતિમ વ્યક્તિ સુધી વિકાસના લાભો પહોંચે છે કે નહીં તે છે. જ્યારે એકાત્મ માનવવાદમાં માનવીના શારીરિક, માનસિક અને આધ્યાત્મિક વિકાસને સાથે લઈને સર્વાંગી વિકાસની કલ્પના કરવામાં આવી છે.વિદ્યાર્થીઓને સંબોધતાં રાજ્યપાલે તેમને માત્ર નોકરી મેળવવા સુધી પોતાની આકાંક્ષાઓ મર્યાદિત ન રાખવા અને 'જોબ સીકર' નહીં પરંતુ 'જોબ ગિવર' બનવા પ્રેરિત કર્યા. તેમણે યુવાનોને એવા ઉદ્યોગો અને વ્યવસાયોનું નિર્માણ કરવા આહ્વાન કર્યું, જે પોતે વિકાસ પામવાની સાથે અન્ય લોકો માટે પણ રોજગાર અને તકોનું સર્જન કરે.આ પ્રસંગે રાજ્યપાલ શ્રી રાજેન્દ્ર વિશ્વનાથ આર્લેકરે યુનિવર્સિટીની ત્રણ નવી પહેલોનું ડિજિટલ માધ્યમથી લોકાર્પણ કર્યું: Reliance Online Degree Pathway for Working Professionals - કાર્યરત પ્રોફેશનલ્સ માટે B.Tech. ડિગ્રી મેળવવાનો નવો માર્ગ. PDEU Centre of Excellence for Climate Action and Clean Energy - ક્લાઈમેટ એક્શન અને સ્વચ્છ ઊર્જાના ક્ષેત્રમાં સંશોધન અને નવીનતાને પ્રોત્સાહન આપતું સેન્ટર ઓફ એક્સેલન્સ. PDEU-Kaynes Semicon B. Tech. Programme in VLSI and Semiconductor Engineering - VLSI અને સેમિકન્ડક્ટર એન્જિનિયરિંગ ક્ષેત્રમાં વિશિષ્ટ B. Tech. કાર્યક્રમ.કાર્યક્રમને સંબોધતાં ભારત સરકારના ભૂતપૂર્વ વિદેશ રાજ્યમંત્રી તથા સંસ્કૃતિ રાજ્યમંત્રી શ્રીમતી મીનાક્ષી લેખીએ સમાવેશી વિકાસને આગળ વધારવામાં યુનિવર્સિટીની વિવિધ પહેલોની પ્રશંસા કરી હતી. તેમણે જણાવ્યું કે સંસ્થાકીય પ્રતિબદ્ધતા દ્વારા વિચારધારાના આદર્શોને સમાજમાં વાસ્તવિક તકોમાં પરિવર્તિત કરી શકાય છે. તેમણે યુવાનોને પંડિત દીનદયાળ ઉપાધ્યાયના આદર્શોને અનુસરીને સમાજસેવા માટે આગળ આવવા આહ્વાન કર્યું.

# અમદાવાદ ડિવિઝનના રેલવે સ્ટેશનો પર પીવાના પાણીની ગુણવત્તાની સઘન ચકાસણી





અમદાવાદ | પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ દ્વારા 'સ્વચ્છતા હી સેવા-2026' અભિયાન અંતર્ગત મુસાફરોના સ્વાસ્થ્યને પ્રાથમિકતા આપતાં વિવિધ રેલવે સ્ટેશનો પર પીવાના પાણીની ગુણવત્તાની સઘન તપાસ કરવામાં આવી રહી છે. મંડળના મેડિકલ વિભાગના હેલ્થ ઈન્સ્પેક્ટરો દ્વારા વિવિધ સ્ટેશનો પર નિયમિત અને સઘન નિરીક્ષણ કરીને વોટર કૂલર, વોટર બૂથ તથા વોટર હટમાંથી પીવાના પાણીના નમૂનાઓ લેવામાં આવી રહ્યા છે.આ વિશેષ અભિયાન અંતર્ગત જનસ્વાસ્થ્ય અને મુસાફર સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે મંડળના તમામ રેલવે સ્ટેશનોને સંપૂર્ણપણે આવરી લેવામાં આવ્યા છે. આ પહેલના ભાગરૂપે મેડિકલ, એન્જિનિયરિંગ અને ઈલેક્ટ્રિકલ વિભાગો દ્વારા સંયુક્ત નિરીક્ષણ કરીને સમગ્ર જળ પુરવઠા પ્રણાલીનું સઘન મૂલ્યાંકન કરવામાં આવ્યું છે.આ સંયુક્ત અભિયાન દરમિયાન મુસાફરો સાથે સંબંધિત મુખ્ય સ્થળો જેમ કે વોટર કૂલર, નળના પાણીની ટાંકીઓની વ્યાપક તપાસ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. અભિયાન દરમિયાન પાણીના નમૂનાઓની તપાસના પરિણામો અત્યંત સંતોષકારક રહ્યા. બેક્ટેરિયોલોજિકલ ટેસ્ટિંગ (જીવાણુ પરીક્ષણ)માં કુલ 198માંથી 93.43% નમૂનાઓ સંપૂર્ણપણે યોગ્ય જણાયા, જેના પરિણામે સો ટકા યોગ્યતા દર નોંધાયો. રેસિડ્યુઅલ ક્લોરીનેશન ટેસ્ટિંગ (અવશિષ્ટ ક્લોરીન પરીક્ષણ)માં કુલ 877 પરીક્ષણોમાંથી 88.82 નમૂનાઓ નિર્ધારિત ધોરણો મુજબ યોગ્ય જણાયા. ક્લોરીન પરીક્ષણમાં જે કેટલાક નમૂનાઓમાં ઘટાડો જોવા મળ્યો હતો, તેમના માટે તકનીકી ટીમો દ્વારા તાત્કાલિક સુધારાત્મક કાર્યવાહી અને રી-ક્લોરીનેશન (ફરીથી ક્લોરીન ઉમેરવાની પ્રક્રિયા) સુનિશ્ચિત કરવામાં આવી હતી.અમદાવાદ મંડળ પોતાના તમામ સ્ટેશનો પર સતત અને સુરક્ષિત પીવાના પાણીનો પુરવઠો જાળવી રાખવા માટે માળખાકીય સુવિધાઓની સઘન દેખરેખ માટે પ્રતિબદ્ધ છે.

## મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલે પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીની જન્મ જયંતી નિમિતે તેમની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી

### ઉર્જા અને જિલ્લા પ્રભારી મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ અને રાજ્યકક્ષાના શહેરી વિકાસ મંત્રી શ્રીમતિ દર્શનાબેન વાઘેલા રહ્યા ઉપસ્થિત

અમદાવાદ | મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલે આજે પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીની જન્મ જયંતી નિમિતે તેમની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ અમદાવાદના કાંકરિયા ખાતે અનુપમ બ્રિજના છેડે સ્થાપિત પંડિત દીનદયાળ ઉપાધ્યજીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી વંદન કર્યા હતા. આ તકે તેમની સાથે ઉપસ્થિત સૌ મહાનુભાવોએ પણ પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીની પ્રતિમાને પુષ્પાંજલિ કરી નમન કર્યા હતા.

આ પ્રસંગે શહેરના મેયર શ્રી હિતેશભાઈ બારોટ, પૂર્વ મંત્રી શ્રી બ્રિજેશભાઈ મેરજા, સાંસદ શ્રી દિનેશભાઈ મકવાણા, શહેર અધ્યક્ષ શ્રી પ્રેરકભાઈ શાહ, શહેરના ધારાસભ્યો શ્રી અમૂલભાઈ ભટ્ટ, શ્રી અમિતભાઈ શાહ, શ્રી અમિતભાઈ ઠાકર, ડેપ્યુટી મેયર શ્રીમતિ અંજુબેન શાહ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી કમલેશભાઈ પટેલ, મ્યુનિ.કમિશનર શ્રી બંછાનિધી પાની, તથા સ્થાનિક કોર્પોરેટશ્રીઓ, મ્યુનિ.ના પદાધિકારીઓ-અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# નાગરિકો અને પોલીસના સંયુક્ત સહયોગથી રાજ્યમાં સીસીટીવી નેટવર્કનું બનશે મજબૂત કવચ

## સીસીટીવી નેટવર્ક વધુ સઘન બનાવવા રાજ્યના પોલીસ વડા શ્રી જ્ઞાનેન્દ્રસિંહ મલિકની ખાસ પહેલ

અમદાવાદ | રાજ્યમાં જાહેર સલામતી વધુ સુદ્રઢ કરવા તથા ક્રાઈમ પ્રિવેન્શન અને ત્વરિત ડિટેક્શનના ઉદ્દેશથી સમગ્ર રાજ્યમાં સીસીટીવી સર્વેલન્સને લોકભાગીદારી થકી વધુ વ્યાપક અને મજબૂત બનાવવા રાજ્યના પોલીસ વડા શ્રી જ્ઞાનેન્દ્રસિંહ મલિક દ્વારા વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. શ્રી જ્ઞાનેન્દ્રસિંહ મલિક જ્યારે અમદાવાદ શહેર પોલીસ કમિશનર તરીકે સેવારત હતા, ત્યારે વર્ષ ૨૦૨૪ થી ૨૦૨૬ દરમિયાન નાગરિકો, વેપારી સંગઠનો અને વિવિધ એસોસિએશનોના સ્વૈચ્છિક સહયોગથી ૨૪ હજારથી પણ વધુ સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા હતા. નાગરિકોના આ સક્રિય સહયોગના પરિણામે શહેરમાં ક્રાઈમ પ્રિવેન્શન કરવામાં અને ખાસ કરીને ક્રાઈમ ડિટેક્શનમાં પોલીસને અભૂતપૂર્વ સફળતા મળી હતી. લોકભાગીદારીથી ઊભું થયેલું આ મજબૂત નેટવર્ક સુરક્ષા વ્યવસ્થામાં એક ગેમ-ચેન્જર સાબિત થયું હતું. અમદાવાદના આ અત્યંત સફળ પ્રયોગને સમગ્ર રાજ્યમાં લાગુ કરી નાગરિકોની સીધી ભાગીદારીથી સલામતીનું એક મજબૂત કવચ તૈયાર કરવાનો અભિગમ અપનાવવામાં આવ્યો છે. રાજ્યમાં હાલ ૩.૮૮ લાખથી વધુ ખાનગી સીસીટીવી કેમેરા કાર્યરત છે, પરંતુ તેમાંથી જાહેર માર્ગો, પાર્કિંગ કે સોસાયટીઓના એન્ટ્રી-એક્ઝિટને આવરી લેતા કેમેરા પ્રમાણમાં ઓછા છે. સીસીટીવી નેટવર્કનો વ્યાપ જેટલો મોટો અને સુવ્યવસ્થિત હશે, તેનો સીધો લાભ નાગરિકોની પોતાની સુરક્ષા અને શાંતિ-વ્યવસ્થામાં થશે. આ બાબતને ધ્યાનમાં રાખીને રાજ્યના પોલીસ વડા શ્રી જ્ઞાનેન્દ્રસિંહ મલિક દ્વારા તમામ શહેરના પોલીસ કમિશનરશ્રીઓ અને જિલ્લા પોલીસ વડાઓને સૂચના અપાઈ છે કે તેઓ સ્થાનિક નાગરિકો, રહેવાસી સોસાયટીઓ અને વેપારી મંડળો સાથે સ્નેહપૂર્ણ સંવાદ અને બેઠકો યોજીને મહત્તમ સીસીટીવી કેમેરા લગાડવા માટે વધુમાં વધુ લોકો સ્વેચ્છાએ પ્રેરાય તેવું વાતાવરણ ઊભું કરે. નાગરિકો જ્યારે પોતાની સોસાયટી કે વ્યાપારી પરિસરમાં સીસીટીવી લગાવવાનું આયોજન કરે, ત્યારે તે કેમેરા માત્ર અંદર પૂરતા મર્યાદિત ન રહેતાં બહારના મુખ્ય રોડ, પાર્કિંગ અને અવરજવરના મુખ્ય પોઈન્ટ્સને આવરી લે તે હિતાવહ છે. આ ઉપરાંત, નાઈટ વિઝન ક્ષમતા અને આધુનિક ૪ મેગાપિક્સલ કે તેથી વધુ સ્પષ્ટતા ધરાવતા તેમજ પૂરતો વિડીયો બેકઅપ ધરાવતા કેમેરા પસંદ કરવાથી રાત્રિના સમયે પણ ઉત્તમ સર્વેલન્સ મળે છે અને અસામાજિક તત્વોમાં ભય પેદા થાય છે.

# ખોપરી અને હાડકા માનવીના કે પ્રાણીના સ્પષ્ટ નહીં: અસારવા પાણીની ટાંકીમાં કંકાલ કેવી રીતે પહોંચ્યું તેને લઈને તપાસ, 1.5 વર્ષથી સફાઈ ન કરનાર કંપની બ્લેકલિસ્ટ...



અમદાવાદ | શહેરના અસારવા વિસ્તારમાં આવેલી પાણીની ટાંકીમાંથી ખોપરી અને હાડકા મળવાની ઘટના મામલે પોલીસ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે. એફએસએલની મદદ લઈને પોલીસ દ્વારા સમગ્ર મામલે તપાસ કરવામાં આવશે. ટાંકીમાંથી મળી આવેલા 2થી 3 હાડકા અને ખોપરી માનવીના છે કે કોઈ પ્રાણીના તે હજી સુધી સ્પષ્ટ થયું નથી. જેથી ફોરેન્સિક વિભાગની ટીમ અને ડોક્ટરો એક સાથે મળી અને સમગ્ર મામલે ઊંડાણપૂર્વક તપાસ કરશે. પાણીની ટાંકીમાં કંકાલ ક્યાંથી આવ્યું તેને લઈને પણ પોલીસ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે.

મધ્ય ઝોનના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર રમ્ય ભટ્ટે જણાવ્યું હતું કે અસારવા પાણીની ટાંકી માંથી કંકાલ મળી આવવાની ઘટનામાં પોલીસ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. પાણીની ટાંકીની સફાઈ જાન્યુઆરી 2025માં કરવામાં આવી હતી. દર વર્ષે પાણીની ટાંકીની સફાઈ કરવાની હોય છે. પરંતુ કોન્ટ્રાક્ટર મેસર્સ કૃણાલ બિલ્ડર્સ દ્વારા સફાઈ કરવામાં આવી નથી. જેથી આ કોન્ટ્રાક્ટરને બ્લેકલિસ્ટ કરવાની પ્રક્રિયા કરી દેવામાં આવી છે. વોટર ઓપરેશન્સ એન્ડ મેન્ટેનન્સનો કોન્ટ્રાક્ટ મહિમા નામની કંપનીના આપવામાં આવેલો છે જેથી સમગ્ર વોટર ડિસ્ટ્રીબ્યુશન સેન્ટર ચલાવવાની કામગીરી આ કંપની દ્વારા કરવામાં આવે છે.

શાહીબાગ પોલીસના જણાવ્યા મુજબ પાણીની ટાંકીમાંથી જે પણ ખોપડી અને હાડકા મળી આવેલા છે. સંપૂર્ણપણે આખું હાડ પિંજર હોય તેવું જોવા મળ્યું નથી, માત્ર બે થી ત્રણ હાડકા અને ખોપડી છે જે પ્રાથમિક રીતે જોતા માનવીની છે કે પ્રાણીની તે સ્પષ્ટ થઈ શક્યું નથી પરંતુ આ મામલે પ્રાથમિક પીએમ કરાવી અને ફોરેન્સિક ટીમ દ્વારા તે અંગે તપાસ કરવામાં આવી રહી છે. પાણીની ટાંકીમાં કંકાલ કેવી રીતે આવ્યું તેને લઈને હજી સ્પષ્ટતા થઈ નથી કોઈ વ્યક્તિ અંદર પડી ગયું હોય અને બન્યું હોઈ શકે.

બીજી તરફ એવી પણ શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે કે પાણીની ટાંકીમાં કુલ ફોર્સથી આગળથી આવ્યા હોય શકે છે. ત્યાં નજીકમાં એક વ્યક્તિ ફરતો હતો તેના અંગે પણ અમે તપાસ કરી રહ્યા છીએ. અલગ અલગ પાસા ઉપર તપાસ કરવામાં આવી રહી છે હાલમાં કઈ રીતે આ કંકાલ તેને લઈને ખ્યાલ આવ્યો નથી. વોટર ડિસ્ટ્રીબ્યુશન સેન્ટરમાં કોઈ સીસીટીવી નથી અને વિ.

# ભારતીય રેલવે ભુજ અને બરૌની વચ્ચે નવી ત્રિ-સાપ્તાહિક અમૃત ભારત એક્સપ્રેસ શરૂ કરશે

નવી સેવા 2,532 કિમીનું અંતર આવરી લેતા ગુજરાત, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ અને બિહારને જોડશે

પોસ્ટેડ ઓન: 25 SEP 2026 12:03PM by PIB Ahmedabad

ભારતીય રેલવેએ ગુજરાતના ભુજ અને બિહારના બરૌની વચ્ચે નવી ત્રિ-સાપ્તાહિક અમૃત ભારત એક્સપ્રેસ શરૂ કરવાની મંજૂરી આપી છે. આ નવી સેવા ગુજરાત, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ અને બિહારના મહત્વના સ્થળોને જોડતી 2,532 કિમીનું અંતર આવરી લેશે

અઠવાડિયામાં ત્રણ દિવસ ઓપરેટ થનારી સેવા : ટ્રેન નં. 19427 ભુજ-બરૌની અમૃત ભારત એક્સપ્રેસ ભુજથી 17:30 વાગ્યે ઉપડશે અને 04:05 વાગ્યે બરૌની પહોંચશે. વળતી દિશામાં, ટ્રેન નં. 19428 બરૌની-ભુજ અમૃત ભારત એક્સપ્રેસ બરૌનીથી 23:55 વાગ્યે ઉપડશે અને 13:15 વાગ્યે ભુજ પહોંચશે.

ભુજ-બરૌની સેવા સોમવાર, બુધવાર અને શનિવારે ચાલશે, જ્યારે બરૌની-ભુજ સેવા મંગળવાર, ગુરુવાર અને શનિવારે ચાલશે.

જોડાનારા મુખ્ય સ્ટેશનો : નવી સેવા માર્ગમાં સામખિયાલી, અમદાવાદ, રતલામ, કોટા, સવાઈ માધોપુર, ગંગાપુર સિટી, ભરતપુર, મથુરા, હાથરસ, બરેલી, ઈઝ્ઝતનગર, પીલીભીત, લખીમપુર, ગોંડા, ગોરખપુર, સિવાન, છાપરા, હાજીપુર, મુઝફ્ફરપુર અને સમસ્તીપુર સહિત અનેક મહત્વના સ્ટેશનો પર વ્યવસાયિક સ્ટોપેજ ધરાવશે. આ નવી ટ્રેન સેવા દેશના પશ્ચિમ અને પૂર્વ ભાગો વચ્ચે રેલ મુસાફરીનો વધારાનો વિકલ્પ પૂરો પાડશે અને ગુજરાત, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ અને બિહાર વચ્ચે મુસાફરી કરતા મુસાફરો માટે કનેક્ટિવિટીમાં સુધારો કરશે.